




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. સુખ-દુઃખ માનસિક સ્થિતિનું નામ | ૧ |
| ૨. આત્મસમીક્ષા પરિશિષ્ટ | ૨ |
| ૩. ગુરુદેવનું માર્ગદર્શન અને આપણું મૂલ્યાંકન | ૩ |
| ૪. ગુરુદેવની આકાંક્ષાઓ પર આપણે કેટલા ખરા ઊતર્યા ? | ૮ |
| ૫. યુગ નિર્માણ માટે આપણી પાત્રતાનું મૂલ્યાંકન | ૧૧ |
| ૬. ગુરુદેવની કસોટી પર સ્વયંની પરખ કરીએ | ૧૫ |
| ૭. આ દિવસોમાં આપણે શું કરવું જોઈએ ? | ૧૭ |
| ૮. ઉપાસનાનો આધાર અને પ્રભાવ | ૧૯ |
| ૯. મહાપુરુષોના નિર્માણમાં સમર્થ ભારતીય નારી | ૨૨ |
| ૧૦. યુવાનોની આ અંકુશહીનતા આપણને ક્યાં લઈ જશે | ૨૪ |
| ૧૧. અંતઃઊર્જા જાગરણના વિશિષ્ટ સત્ર ઓક્ટોબર ૨૦૦૧થી | ૨૬ |
| ૧૨. શ્રીમદ્ભગવદ્ગીતામાં યોગ | ૩૦ |
| ૧૩. યુગ વિભીષિકાઓના નિવારણાર્થે યુગ પ્રાર્થના | ૩૫ |
| ૧૪. સદ્જ્ઞાન પ્રભુ દે દીજિએ | ૩૮ |
| ૧૫. કૃષ્ણ-બલરામ દ્વારા અસુરોનો ઉદ્ધાર | ૩૯ |
| ૧૬. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ભક્તિ અર્થાત્ અંદરના આનંદની શોધ તથા તેનો વિકાસ | ૪૨ |
| ૧૭. આત્મીય અનુરોધ | ૪૭ |



# ''ઋષિ ચિંતનના સાંનિધ્યમાં''

*''ઋષિ ચિંતનના સાંનિધ્યમાં'' ગ્રંથનું ગુજરાતી ભાષામાં પ્રકાશન થઈ ગયેલ છે. આ ગ્રંથમાં અખંડ જ્યોતિ પત્રિકાની અમરવાણી ૧૯૪૦ થી ૧૯૬૬નાં મહત્ત્વપૂર્ણ અંશ પ્રત્યેક પેજ ઉપર આકર્ષક રંગીન પ્રિંટ છાપેલ છે. જેથી પ્રત્યેક વ્યક્તિ દરરોજનો સ્વાધ્યાય કરી વર્તમાન સમયની દુઃખ ભરી-ત્રાસપૂર્ણ જીંદગીમાં આશાનું કિરણ પ્રાપ્ત કરે. આ ગ્રંથના પ્રત્યે પાન ઉપર વર્તમાન સમયની બધી જ સમસ્યાનું સમાધાન છે. આ ગ્રંથને નૂતન વર્ષનાં સ્વાગત માટે ઘરે-ઘર સ્થાપિત કરશો. પ્રત્યેક ધર્મનાં ઉપાસકને પણ આ ગ્રંથ પ્રેરણા આપવામાં સમર્થ છે. આ ગ્રંથને નીચેના અમારા કેન્દ્ર ઉપરથી મંગાવી લેશો.*

***ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી, જુના વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩***

*ફોન નં-(૦૭૯) ૭૫૫૭૨૫૨*

*(1) ભારત દેશમાં ૧ ગ્રંથ By Post મંગાવવો હોય તો પણ Rs. 200/- જ મોકલવા. પોસ્ટેજ સંસ્થા ઉઠાવશે.*

*(2) વિદેશમાં આ ગ્રંથ By Air Mail થી મંગાવવો હોય તો પોસ્ટેજ સાથે Rs. 525/- મોકલવા વિનંતી.*


## તિરૂપતિ બાલાજીમાં પ્રથમ વાર વિરાટ અશ્વમેધ સ્તરનો ગાયત્રી મહાયજ્ઞ

દક્ષિણ ભારતમાં મિશનની પ્રવૃત્તિનો વ્યાપક પ્રચાર થયેલ છે. આ કાર્યક્રમ ૨૩ થી ૨૭ ડિસેમ્બર ૨૦૦૧ માં નીચેના સ્થળે આયોજીત થઈ રહેલ છે.

મહાયજ્ઞ સ્થળ-સીતામ્મા નગર, એમ. આર. પલ્લી, તિરુપતિ (આંધ્ર પ્રદેશ)

સંપર્ક સૂત્ર ફોન નં-૦૪૦-૩૮૧૮૬૪૧, ૩૮૧૯૮૦૦

મોબાઈલ-૯૮૪૮૧-૯૭૮૮૬




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા

આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦

આજીવન :૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર

ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦

વર્ષ - ૩૨ અંક - ૧૨

પ્રકાશન તિથિ ૨૫-૧૧-૨૦૦૧

ડિસેમ્બર - ૨૦૦૧

## સુખ-દુઃખ માનસિક સ્થિતિનું નામ

આપણા કરતાં વધુ સુખી, વધુ સાધનસંપન્ન, વધુ ઊંચી સ્થિતિના લોકો સાથે આપણી સરખામણી કરવામાં આવે તો લાગશે કે તમામ અભાવો આપણા ભાગે જ આવ્યા છે, પરંતુ એવા અસંખ્ય દીનહીન-પીડિતો, પરેશાન લોકો સાથે આપણી તુલના કરીએ તો આપણા સૌભાગ્યની પ્રશંસા કરવાની ઈચ્છા થશે.

તૃષ્ણાનો કોઈ અંત નથી. એક એકથી ચડિયાતી અને એક એકથી સુંદર ચીજો આ દુનિયામાં મોજૂદ છે. એ ક્રમનો કોઈ અંત નથી. આજે આપણે જે કાંઈ ઈચ્છીએ છીએ તે મળી જતાં કાલે વધુ સુંદરનો મોહ વધશે. આ 'વધારે'નો ક્યાંય અંત નથી. આ કુચક્રમાં ફસાવાથી હંમેશાં તીવ્ર અસંતોષ જ રહેશે. એટલા માટે જો ચિત્તનું સમાધાન કરવું હોય તો ક્યાંક ને ક્યાંક પહોંચીને સંતોષ લેવો પડશે. જો તે સંતોષ આજે જ, વર્તમાન સ્થિતિમાં જ મેળવી લેવામાં આવે, તો તૃપ્તિ, પૂર્ણતા અને સંતોષના રસાસ્વાદનો આનંદ આજે જ મળી શકે છે. તેના માટે એક ક્ષણનીય પ્રતીક્ષા કરવી પડશે નહિ. સુખ અને દુઃખ કોઈ પરિસ્થિતિનું નામ નથી, પરંતુ મનની સ્થિતિનું નામ છે. સંતોષ અને અસંતોષ વસ્તુઓમાં નથી, પરંતુ ભાવનાઓ અને માન્યતાઓથી થાય છે. એટલા માટે સુખ-શાંતિની પરિસ્થિતિ શોધતા ફરવાને બદલે પોતાના દૃષ્ટિકોણને જ પરિમાર્જિત કરવાનો પ્રયત્ન કરીએ એ જ યોગ્ય છે. આ પ્રયત્નમાં આપણે જેટલા સફળ થઈશું, એટલા જ શાંતિની નજીક પહોંચી જઈશું.

-''ઋષિ ચિંતનના સાંનિધ્યમાં'' ગ્રંથમાંથી સંકલિત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મસમીક્ષા પરિશિષ્ટ

(પૂજ્ય ગુરુદેવ રચિત સાહિત્યમાંથી સંકલિત)

❋ ગુરુદેવનું માર્ગદર્શન અને આપણું મૂલ્યાંકન

❋ ગુરુદેવની આકાંક્ષાઓ પર આપણે કેટલા સાચા ?

❋ યુગનિર્માણ માટે આપણી પાત્રતાની તપાસણી

❋ ગુરુદેવની કસોટી પર જાતને પારખીએ

❋ વર્તમાન સમયમાં આપણે શું કરવું જોઈએ ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવનું માર્ગદર્શન અને આપણું મૂલ્યાંકન

આપણે અતિ વિશાળ પાયા પર સર્જનાત્મક અને સંઘર્ષાત્મક તૈયારી કરવી પડશે. અત્યારે તો એની ચર્ચા માત્ર કરીએ છીએ. તેના પર બહુ ભાર આપતા નથી કેમ કે જે લોકો સમર્થનની, પ્રચાર અને કાર્ય કરવા માટે જે પ્રકારના સંગઠનની આવશ્યકતા છે - તે બન્ને તત્ત્વો આપણા હાથમાં નથી, જેનાથી આગળના કાર્યો સંતોષકારક સ્થિતિમાં ચલાવી શકાય, પરંતુ વિશ્વાસ છે કે પ્રચાર અને સંગઠનનો પૂર્વાર્ધ થોડા દિવસોમાં સંતોષજનક કક્ષાએ અને નિર્ણયાત્મક અભિયાન સહેલાઈથી ચલાવી શકીશું અને તેને સરળતાપૂર્વક સફળ બનાવી શકીશું. પરિજન સમીક્ષા કરે કે જે લોકો સમર્થન અને સંગઠનની આવશ્યકતા ગુરુદેવને હતી તે શું બન્યું છે ? જો બની ગયું છે તો સર્જન અને સંઘર્ષનું નિર્ણયાત્મક અભિયાન છેડવામાં આવે અન્યથા સંગઠનને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવે. ગુરુદેવની આકાંક્ષાને અનુરૂપ યુગસેના સંગઠન બધી જગ્યાએ બનાવવામાં આવે અને તેમને સશક્ત બનાવવાના પ્રયાસો કરવામાં આવે.

દુષ્ટતાની દુષ્પ્રવૃત્તિઓ ઘણીવાર એટલી ભયાનક હોય છે કે તેમનું ઉન્મૂલન કરવા માટે સંઘર્ષ કર્યા વિના કામ ચાલી શકતું નથી. રૂઢિવાદી, પ્રતિક્રિયાવાદી, દુરાગ્રહી, મૂઢમતિ, અહંકારી, ઉદ્દંડ, સ્વાર્થી અને અસામાજિક તત્ત્વો વિચારશીલતા અને ન્યાયની વાત સાંભળવા માટે પણ તૈયાર નથી હોતાં. તેઓ સુધારણા અને સત ઉદ્દેશને અપનાવવાની વાત તો ઠીક પણ ઊલટા પ્રગતિના પંથ પર ડગલે ને પગલે આડખીલી ઊભી કરે છે. આવી પશુતા અને પૈશાચિકતા સાથે કામ પાર પાડવા માટે પ્રતિરોધ અને સંઘર્ષ અનિવાર્યપણે આવશ્યક બની રહે છે. સામાજિક કુરિવાજો, ઝેરી વાતાવરણ કેવળ પ્રસ્તાવો અને પ્રવચનોથી અટકવાનું નથી. જેની દાઢે લોહી વળગ્યું છે અથવા જેનો અહંકાર આકાશને આંબવા લાગ્યો છે તેઓ સહજ રીતે પોતાની ગતિવિધિઓ બદલવાના નથી. તેમને સંઘર્ષાત્મક પ્રક્રિયા દ્વારા આ બાબત માટે વિવશ બનાવવામાં આવશે કે તેઓ પોતાની આડાઈ છોડે અને સીધા રસ્તે ચાલે. એક એવી સર્વાંગી યોજના છે જેનાથી અરાજકતા પણ ન ફેલાય અને અનિચ્છનીય તત્ત્વોને બદલવા માટે મજબૂર બનાવી શકાય. તેને માટે જ્યાં સ્થાનિક, વ્યક્તિગત અને સામૂહિક સંઘર્ષોનો ક્રમ ચાલશે ત્યાં સ્વયંસેવકોની એક વિશાળ યુગસેના બનાવવી પડશે જે મોટામાં મોટો ત્યાગ કરી બલિદાન આપી અનુચિતતા સામે મજૂબત ટક્કર લઈ શકે. ભાવિ મહાભારત આ પ્રકારનું હશે. તે સેનાઓથી નહિ, મહામાનવો, લોકસેવકો અને યુગ નિર્માતાઓ દ્વારા લડાશે. સતયુગ લાવતાં પહેલાં આવું મહાભારત અનિવાર્ય છે. અવતારોની શૃંખલા સર્જનની સાથે સાથે સંઘર્ષની યોજના પણ હંમેશાં સાથે લાવી છે. યુગનિર્માણની લાલ મશાલનો નિષ્કલંક અવતાર આગામી દિવસોમાં આ જ ભૂમિકાનું સંપાદન કરે, તો તેમાં કોઈએ આશ્ચર્ય ન અનુભવવું જોઈએ.

કલ્પનાનાં ઉડ્ડયનો કરવાથી અને વાતોનાં વડાં કરવાથી કોઈ કામ બનવાનું નથી. આપણે યથાર્થવાદી બનવું જોઈએ. જ્યાં લગની હશે ત્યાં કશુંક કરી છૂટવાની આકાંક્ષા પણ પ્રબળ રહેશે. આદર્શોનું પરિપાલન તપ-ત્યાગ વિના શક્ય નથી. સમય અને શ્રમ ખર્ચીને શ્રમસાધનાનું અને પોતાની કમાણીનું અંશદાન આપીને પુણ્ય પરમાર્થનું પ્રયોજન પૂરું કરી શકાય છે. આપણે કર્મવીર બનવું જોઈએ. આપણા વિચારો ક્રિયામાં પરિણત થવા જોઈએ.

ભ્રષ્ટાચારી સમાજ સામે આપણે લડવાનું છે, તેનાથી તો શત્રુતા જ બંધાશે. નિહિત સ્વાર્થની મનમાની વાત પર આઘાત પહોંચાડવા આપણે નીકળ્યા છીએ ત્યારે તેમની પાસેથી સહયોગની આશા કેવી રીતે રાખી શકીએ ? તેઓ તો દરેક કાર્યમાં અવરોધ ઊભો કરશે. શ્રમ અને ધન તો આપણે આપણા પેટ પર પાટો બાંધીને અથવા સમય બચાવીને જ પૂરાં કરવાના રહેશે. આ બન્ને સાધનોને વધુમાં વધુ પ્રમાણમાં લગાવવા માટે આપણે આપણી ભાવના અને તત્પરતાને આગળ લાવવી જોઈએ.

રચનાત્મક કાર્યો પછીનું પગલું છે સંઘર્ષ. આને માટે વધારે મજૂબતી, અધિક સાહસ, અધિક સાધન અને અધિક સંગઠિત શક્તિ જોઈએ. યુદ્ધ એક કળા છે. સમય, શક્તિ અને સાધનોને જોઈને જ તેનો આરંભ કરવો જોઈએ. ઉતાવળિયા લોકો એમ જ કસમય લડી મરે છે, પિટાય છે અને હારે છે. આપણે વ્યાપક અનાચાર વિરુદ્ધ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સુવિસ્તૃત અને સમર્થ મોરચો ઊભો કરવો પડશે. દાનવતાનું દમન ઝઝૂમ્યા વિના થઈ શકે જ નહિ. આપણે જેમની સાથે લડવાનું છે તે અજ્ઞાન, અનાચાર અને અભાવના અસુરોનો છદ્મવેશ બહુ જ વિકરાળ છે. તે નથી તો જોઈ શકાતો કે નથી સામે આવતો. તેની સત્તા અને પ્રભાવ ભગવાનની જેમ વ્યાપક છે. અજ્ઞાન, જ્ઞાનની આડશમાં છુપાઈને બેઠું છે. અનાચારને પકડવાનું મુશ્કેલ બની રહ્યું છે. અભાવોનું જે કારણ સમજવામાં આવે છે તે વસ્તુતઃ તેનાથી ભિન્ન જ હોય છે. આવી સ્થિતિમાં આપણી લડાઈ વ્યક્તિઓ સામેની નહિ અનાચાર સામેની હશે. રોગીઓને નહિ, આપણે રોગોને મારીશું. પાંદડાં તોડવાને બદલે વૃક્ષનાં મૂળ પર જ પ્રહાર કરીશું.

ભાવિ મહાભારત પોતાના અલગ યુદ્ધકૌશલ્યથી લડાશે. તેમાં ભૂતકાળની રણનીતિ લેખે નહિ લાગે. નિહિત સ્વાર્થમાં લોકો ખૂબ ઓતપ્રોત થઈ રહ્યાં છે. તેમણે લોકપ્રિયતાની રેશમી ચાદર એવી સરસ રીતે ઓઢી રાખી છે કે તેમના પર વ્યક્તિગત રૂપે આક્રમણ કરવાનું નહી બની શકે. આપણે પ્રવાહો સામે ઝૂઝીશું અને પરંપરાઓ બીજી દિશામાં વાળીશું. અનાચારોનો વિરોધ કરીશું. તેના સમર્થનમાં જે લોકો હશે, તેઓ સહેજમાં જ લપેટમાં આવી જશે અને ઊંધા મોંએ પટકાઈને મરશે.

ધર્મધારક સાધુ પંડિતોની આડમાં અંધવિશ્વાસ અને સામાજિક દુરાચાર છુપાઈને બેઠા છે. તેઓ પુરાતનવાદનું સમર્થન કરવાના નામે મૂઢતાઓ અને અનીતિઓનું સમર્થન, સંરક્ષણ કરે છે. આપણે વ્યક્તિઓ પર આક્ષેપ કરવાને બદલે એ પાખંડોની પોલ ખોલીશું. જે કોઈ પણ તેનું સમર્થન કરતું હશે તે પોતાની જાતે લોકોના આક્રોશનો શિકાર બનશે અને કમોતે મરશે. સાહિત્યકાર બનીને જેઓ સરસ્વતી સાથે વ્યભિચાર આદરે છે, પશુપ્રવૃત્તિઓને ભડકાવીને ચાંદીના સિક્કા ભેગા કરી રહ્યા છે, તેમના નામ લીધા વિના આપણે જનતાને એ બતાવીશું કે આ અનાચારે કેવી રીતે જનજીવનમાં સર્વનાશ કર્યો છે. જે કોઈ આ દુષ્ટતામાં સંલગ્ન થશે તેનું મોં કાળું પડી જશે. સંગીત, અભિનય, કલા, ચિત્ર અને સિનેમાના સહારે જેમણે પશુ-પ્રવૃત્તિઓને ભડકાવીને મનુષ્યને પશુતાની ખાઈમાં ધકેલી દીધો છે, તે સોનું એકત્રિત કરવાની લોલુપતાની વિરુદ્ધમાં આપણે ઘૃણાનું અભિયાન છેડીશું. પછી જે કોઈ આ કલંકિત કાલિમામાં હાથ બોળી રહ્યા હશે તેમને કલંકિતોની હરોળમાં ઊભા કરી દેવામાં આવશે. આજે આ લોકોને જનતાના અજ્ઞાનનો લાભ લઈને શ્રેય, સન્માન અને ધનવૈભવ બન્ને હાથે ઉસેડવાની તક છે. કાલે તેમને માટે સડક પર ચાલવાનું અને ભલા લોકોની હારમાં માથું ઊંચું કરીને ચાલી શકવાનું મુશ્કેલ બની જશે. આપણે લોકોના આક્રોશનું એવું વાતાવરણ પેદા કરીશું જ્યાં પણ છદ્મવેશે અનાચાર સંતાયો હોય તે બધા છિદ્રોને બંધ કરી દઈશું.

વ્યાપારી ક્ષેત્રમાં, સરકારી મશીનરીમાં, રાજનેતાઓમાં, ચિકિત્સકોમાં, શિક્ષકોમાં ત્યાં સુધી કે દરેક વર્ગમાં, દરેક વ્યક્તિમાં, પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે અનાચારનાં મૂળ અતિ અધિક ઊંડાઈ સુધી ઘૂસતાં ગયાં છે. તેમાંથી એક એકની પસંદગી કરવી યોગ્ય નહિ લેખાય. કોઈનો દોષ સિદ્ધ કરવો પણ કઠિન છે આવી સ્થિતિમાં આપણે વ્યક્તિઓ સાથે નહિ પ્રવાહો સામે લડીશું, દરેક દુષ્પ્રવૃત્તિનો ભાંડો ફોડી નાખીશું અને તે એવું તીક્ષ્ણ હશે કે સાંભળનારા હચમચી ઉઠે અને તેની સાથે સંકળાયેલા લોકોને માટે મોં છુપાવવું મુશ્કેલ બની રહે. લોકોનો આક્રોશ જ આટલા વ્યાપક ભ્રષ્ટાચાર સામે લડી શકે. અમે એવો જનાક્રોશ ઊભો કરવાના કામમાં લાગેલા છીએ. સમય જ બતાવશે કે અમારો સંઘર્ષ કેટલો તીખો અને કેટલો વક્ર હશે. બૌદ્ધિક ક્રાન્તિનો, નૈતિક ક્રાન્તિનો, સામાજિક ક્રાન્તિનો દાવાનળ એટલી પ્રચંડતાપૂર્વક સળગાવવામાં આવશે કે તેની જ્વાળાઓ આકાશમાં ચૂમવા લાગે. અજ્ઞાન અને અનાચારનો કચરોપૂંજો તેમાં સળગીને જ રહેશે.

લેખિની અને વાણીને વ્યક્તિનિર્માણનું માધ્યમ માનવામાં આવે છે. તે સાચું પણ છે આ બન્ને માધ્યમો મનુષ્યના મગજને ઢંઢોળે છે અને તેને દિશા પ્રદાન કરે છે. તેમની શક્તિનો ઈન્કાર નહી કરી શકાય તો પછી જનસમાજનો સ્તર દ્રુતગતિથી પતન ઉન્મુખ કેમ થતો રહ્યો છે ? શીલ અને સદાચાર મજાકની વાત કેમ બની ગઈ છે ? હવે ધર્મોપદેશક પણ અધાર્મિક આચરણ સાથે કેમ જોડાયેલા રહ્યા છે ? આ પ્રશ્નનું સમાધાન એક જ છે કે મનુષ્યના મગજને લેખિની-વાણી પ્રભાવિત કરે છે, તેના અંતઃકરણને સ્પર્શ કરવાની શક્તિ આદર્શને આચરણમાં ઢાળનાર મહામાનવોમાં જ હોય છે. જનમાનસને ઊંચું લાવવામાં વ્યક્તિત્વને પરિષ્કૃત બનાવવામાં કેવળ તેઓ જ સમર્થ બને છે. આજે તેની ભારે ઊણપ વર્તાય છે. આદર્શને પોતાના જીવનમાં ઉતારનાર વ્યક્તિ જ બીજાઓને અનુકરણની,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનુગમનની પ્રેરણા આપીને તેમને ઊંચે લાવવામાં, આગળ વધારવામાં સમર્થ બની શકે છે.

વિશ્વાસ રાખવો જોઈએ કે આદર્શવાદિતા હજી પૂરી રીતે અપંગ બની ગઈ નથી. મહામાનવ સ્તરની ભાવનાઓ સર્વથા વિલુપ્ત થઈ ગઈ નથી. સ્વાર્થમાં દરેક વ્યક્તિ આંધળી બની રહી છે, પરંતુ એવું ન સમજવું જોઈએ કે પરમાર્થની પરંપરાનું અસ્તિત્વ જ ખતમ થઈ ગયું છે. મનુષ્યે પોતાની જાતને પાપ અને પતનના હાથોમાં વેચી દીધી છે અને દેવત્વ સાથે તેનો કોઈ સંબંધ રહ્યો નથી એવું વિચારવું ન જોઈએ. માનવીની મહાનતા આજે પણ ક્યાંક ને ક્યાંક કોઈ ને કોઈ સ્વરૂપે જીવિત અવશ્ય મળી આવશે આપણે તેને જ શોધીશું. જ્યાં થોડો પણ શ્વાસ ચાલતો હશે ત્યાં આશાની ચામર ઢોળીશું અને કહેશે, પશુતાથી ઊંચા ઊઠીને દેવત્વના પરિઘમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરો. મરણોન્મુખ મનુષ્યતા તમારી પ્રતીક્ષા કરી રહ્યું છે. તેને નિરાશ ન કરો. અમને આશા છે કે ક્યાંક ને ક્યાંકથી એવા આત્માઓ શોધી જ કાઢી શકાશે, જેમનામાં માનવીય મહાનતા જીવિત રહી હોય. તેમને યુગનો દર્દભર્યો પોકાર સાંભળવા માટે અનુરોધ કરીશું અને કહીશું કે મનુષ્યજાતિને સામૂહિક આત્મહત્યા કરતી રોકવાનો હજી પણ સમય બાકી છે. કશુંક તો હજુ પણ કરી શકાય તેમ છે, જે કરવું જોઈએ. પોતાની જાતને ખોઈને જો સંસ્કૃતિને જીવિત રાખી શકાતી હોય તો આ સોદો પાકો કરી લેવો જોઈએ. આ આવશ્યકતાની પૂર્તિ માટે એકબીજાનું મોં જોઈને ન બેસાય, પરંતુ આ આપત્તિકાળથી ઝઝૂમવા માટે પોતાનાં કદમ આગળ ધપાવવાં જોઈએ.

આપણે છીછરાપણામાં ન ભટકવું જોઈએ, ઊંડાણમાં ઊતરવું જોઈએ. નાનીમોટી મુશ્કેલીઓ સામે આવેલી જોઈને તેમનું તત્કાલીન સમાધાન શોધવામાં જ વ્યસ્ત ન થઈ જવું જોઈએ. વિષવૃક્ષના એ મૂળમાં જ પ્રહાર કરવો જોઈએ, તેનાં ફળ અને કાંટા પગલે પગલે ત્રાસ આપે છે. આપદ્ગ્રસ્તોને તાત્કાલિક સહાય કરવી એ સારી બાબત છે, તેનાથી આપણી દયાભાવના અને ઉદારતાને પોષણ મળે છે, પરંતુ તેથી કોઈ સ્થાયી સમાધાન મળતું નથી. સસ્તી અને છીછરી સેવા તો કેટલાય ભાવુક લોકો કરતા રહે છે. આપણે દૂરદર્શીઓની ભૂમિકા ભજવવી જોઈએ અને વ્યક્તિ તથા સમાજને સતત અશક્ત બનાવી દેનારી આપત્તિઓનાં મૂળ કાપવાનું દૂરંદેશીપણું અપનાવવું જોઈએ. સુખ-શાંતિની સુસ્થિર આધારશિલા રાખવી જોઈએ. માનવીની દુર્બુદ્ધિનું નિરસન કર્યા વિના ભાવનાત્મક ઉત્કૃષ્ટતાનું જનમાનસમાં બીજારોપણ કય વિના વ્યક્તિ અને સમાજની એક પણ સમસ્યા હલ નહ થઈ શકે. ઘાણીના બળદની જેમ આપણે વિવિધ પ્રકારન નાના-સૂના પ્રયાસોમાં ભલે ચક્કર કાપતા રહીએ. કાં મુશ્કેલ છે જ. તેનું પ્રતિફળ પ્રત્યારોપણ ચર્મચક્ષુઓથ જોઈ શકાતું નથી તેથી અદૂરદર્શીઓને તેનું કશું પરિણા પ્રતીત ન થવાથી ઉત્સાહ પણ નથી મળતો. તેથી કરી લોકો જ્ઞાનયજ્ઞ જેવા સર્વોત્કૃષ્ટ પરમાર્થની ઉપયોગિત સમજી શકતા નથી. તેને માટેનું સાહસ એકઠું કરી શકત નથી. આ જ કારણે સેવા-પરમાર્થની વાત વિચારનાર લોકો અન્નદાન, જલદાન, વસ્ત્રદાન, ઔષધિદા વગેરેની વાત વિચારવા સુધી જ સીમિત રહે છે. બહુ થા તો આ કાર્યો હાથમાં લે છે. જેમાં ખ્યાતિ અને પ્રશંસ મળે. ધર્મશાળા, મંદિર વગેરે ઈમારતો વિશુદ્ધરૂપે દાતાન ખ્યાતિને માટે બને છે. ઉપયોગિતાની દૃષ્ટિએ તેનો લાભ નહિવત્ છે. આપણે બાળકોની કક્ષાથી આપણી જાત આગળ ધપાવવી જોઈએ અને દૂરંદેશીની જેમ આ કાર્ય હાથમાં લેવા જોઈએ. જેનાથી માણસની સમસ્યાઓ સ્થિર અને આત્યંતિક સમાધાન સંભવિત બની શકે.

યુગનિર્માણ યોજના અંતર્ગત ભાવનાત્મક પરિષ્કા માટે જે વિચારક્રાંતિની, બૌદ્ધિક ક્રાંતિની અને નૈતિ ક્રાંતિની ત્રિવેણી વહાવવામાં આવે છે, તેને અનુગામ બનાવવા માટે આપણે લાગી જવું જોઈએ. જ્ઞાનયજ્ઞન આ પ્રકાશને વધુમાં વધુ જ્યોતિર્મય બનાવવો જોઈએ જેનાથી અજ્ઞાનરૂપી અંધકારની ગુફાઓમાં છુપાઈ બેઠેલી વિકૃતિઓ અને ભયંકરતાઓને મારી ભગાડ શકાય. માનો કે સેવા અને સાધનનો આ શ્રેષ્ઠતમ આધા પહેલાં પણ હતો. પણ આજે તો તે યુગની અનિવા આવશ્યકતા બનીને સામે આવી ગયો છે.

અમે એ યુગનાયક બનાવવા અને આગળ વધારવ માટે કાર્યરત છીએ જે પોતાના અનુકરણીય આદર્શથ બીજાઓને શ્રેષ્ઠતાનાં માર્ગ પર ચાલવાની પ્રેરણા આપ શકે. ઉજ્જવળ ભવિષ્યની આશાનું કેન્દ્ર જનમાનસનં ભાવનાત્મક પરિષ્કાર છે. આ એક જ ચાવીથી તે બધ તાળાઓ ખૂલી જશે. જેમણે સુખ, શાંતિ સુધ પહોંચવાનાં બધાં જ દ્વારોને ભીડી રાખ્યાં છે. લોકો દિશાભાન ભૂલવું ન જોઈએ. છૂટક-છૂટક સુધારણ કાર્યોથી લાંબીચોડી આશાઓ બાંધવી ન જોઈએ શક્તિઓને ગમે તે રીતે આમ-તેમ વિખેરી નાંખવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોઈએ. સમસ્ત ઈચ્છાશક્તિ અને સાધનશક્તિને એકઠી કરીને લોકમાનસમાં ભાવનાત્મક ઉત્સાહ ભરવો જોઈએ. આદર્શ, નિષ્ઠામાં શ્રદ્ધા ઉત્પન્ન કરવી જોઈએ. આટલું જો સંભવિત થઈ શકે તો લોકશક્તિની ધજા જ્યાં પણ લહેરાશે ત્યાં ડંકો વગાડી દેશે.

ક્યાં, કોણે, ક્યારે, કેવી રીતે અને શું કરવું પડશે તેની કોઈ ચિરસ્થાયી લક્ષ્મણરેખા ખેંચી શકાતી નથી. વ્યક્તિની યોગ્યતા, અભિરુચિ, સમયની માંગ, સાધનોની સુવિધાને જોતાં કાર્યક્રમોમાં નિર્ધાર અને પરિવર્તન થતાં રહેશે. બદલાતી પરિસ્થિતિઓમાં પરિવર્તન કરી કદમ ઉપાડવા માટે આપણે આપણું મન ખુલ્લું રાખવું પડશે. લક્ષ્યની પૂર્તિ માટે કાર્યક્રમ બને છે, કાર્યક્રમો સાથે લક્ષ્યને જોડી દઈ શકાતું નથી. આ વાતો પર ધ્યાન રાખવાથી સદા-સર્વદા માટે કોઈ કાર્યપદ્ધતિ બની શકતી નથી.

વ્યાસજીએ લખ્યું છે કે જ્યાં બહુ નેતાઓ હોય, જ્યાં ઘણાની મહત્ત્વાકાંક્ષા, યશ, લોલપુતા હોય તે દળ છેવટે નષ્ટ બનીને રહેશે.

યુગશિલ્પીઓએ સમયસર આ ભયથી બચવું જોઈએ. આપણાંમાંથી એકપણ લોકેષણાયુક્ત મોટાઈના મહત્ત્વાકાંક્ષી બનવા ન જોઈએ. જો આપણી મહત્ત્વાકાંક્ષા અપનાવીને આપણા સાથીઓ પાછળ ધકેલીશું, આપણો પોતાનો ચહેરો ચમકાવવા માટે સ્પર્ધા ઊભી કરીશું તો આપણાં પોતાનાં જ પગ પર આપણે કુહાડી મારીશું અને આ મિશનને બદનામ અને ભ્રષ્ટ કરીશું, જેની નાવમાં આપણે બેઠા છીએ. શિલ્પીઓએ રાજકારણીઓની જેમ મોટાઈ, ઠાઠમાઠ અને વૈભવની ઈચ્છા કરવી જોઈએ નહિ કે તેના માટે પવિત્રક્ષેત્રમાં, હાથ-પગ ધોઈ-મસળીને ઈર્ષા, દ્વેષનું બી વાવવાં જોઈએ નહિ. જે જેટલો મોટો છે, તે તેટલો જ નમ્ર બનીને રહે, અનુશાસનનું પાલન કરે અને યોગ્યતાને અનુરૂપ સર્વસ્વ પ્રાપ્ત કરવાનો પ્રયાસ ન કરે. મિશનમાં યોગ્યતાનું નહીં, જેની સાથે નમ્રતા, નિરભિમાનીપણું અવિચ્છિન્નપણે જોડાયેલું છે. એવી સજ્જતાનું મહત્ત્વ છે. આપણામાંથી કોઈ અભિમાન પ્રગટ ન કરે, નાના બનીને રહે અને અનુશાસનના પાલનમાં પોતાનું ગૌરવ સમજે.

યુગનિર્માણ સંગઠનની આવશ્યકતા અને ગતિવિધિઓની તીવ્રતા આંધી અને તોફાનની જેમ વધી રહી છે. પ્રવાહ અને ઊભરો કોઈ દિવ્યશક્તિ લાવી રહી છે. તેની ચિંતા કરવી ન જોઈએ. ચિંતા એટલી જ કરવી જોઈએ કે વિશ્વ-ઈતિહાસના સૌથી મહત્ત્વપૂર્ણ અભિયાનને સંભાળવાનું, વ્યવસ્થિત અને નિયંત્રિત કરવાનું જે રીતે સંભવ હોય તે રીતે તેનો પ્રબંધ કરવો જોઈએ. યુગનિર્માણ અભિયાનની આ જ સૌથી મોટી આવશ્યકતા છે - સુયોગ્ય અને શિક્ષિત, અનુભવી અને કુશળ, લોકનેતાઓની , જે આ અભિયાનનાં મહામત્ત ગજરાજને સાચી દિશામાં ચલાવવાની ભૂમિકા કુશળતાપૂર્વક નિભાવી શકે અન્યથા તે અવ્યવસ્થિત અને અનિયંત્રિત થઈને અનિચ્છનીય દિશામાં ફૂટી નીકળી શકે તેમ છે.

આંતરરાષ્ટ્રીય યુગનિર્માણ પરિવારમાં વિચારશીલ અને સદ્‌ભાવસંપન્ન માણસોની કમી નથી. અભાવ તો આગળ વધીને નેતૃત્વ કરનારાઓનો છે. સારા પ્રયત્નો માટે આગળ વધવામાં વિચારવાન વ્યક્તિ જ શરમાય છે અને સંકોચાય છે. આગળ વધીને જે બીજાઓને ઢંઢોળી શકે, સુતેલાને જગાડી શકે, જાગેલાંને બેઠો કરી શકે એવી પ્રખર તેજસ્વિતા કોઈકમાં જ જોવા મળે છે. આવી પ્રતિભા જેમનામાં મળી આવે છે તેને પ્રાણવાન કહી શકાય.

મિશન આપણે કેટલાં પરિશ્રમથી બનાવ્યું, એનો કેટલો વિસ્તાર કર્યો, કેટલો ફેલાવો થયો. આ બધું બહું જ મોટું કામ છે અને બહુ મોટી યોજના છે. આ કામ અમે શરૂ કર્યું પરંતુ હવે તે જવાબદારી આપને સોંપીએ છીએ. આપમાંથી જ દરેક વ્યક્તિને અમે આ કામ સોંપીએ છીએ. આપ અમારા સંતાનની જેમ અમારી દુકાન ચલાવો. તેને બંધ થવા દેશો નહિ. અમે તો વિદાય લઈને જઈશું. પરંતુ જવાબદારી આપની પાસે આવશે. આપ કુપુત્ર નીકળશો તો પછી લોકો આપની ખૂબ નિંદા કરશે અને અમારી પણ ખૂબ નિંદા કરશે. કબીરનો દીકરો આવો થયો હતો. જે કબીરના રસ્તે ચાલતો ન હતો. આખી દુનિયાએ તેને કહ્યું,''બૂઢા વંશ કબીર કા ઉપજા પુત્ર કમાલ .''

આપે તે કાર્યનો વિસ્તાર કરવાનો છે જે અમે કરી રહ્યા છીએ. એ કામ અમે એકલાએ નથી કર્યું. હળીમળીને અનેક માણસોથી અને તેમના સહકારથી તે કર્યું છે અને એ સહકાર અમે મેળવ્યો છે. ભાવનાથી મેળવ્યો છે, લાગણીથી મેળવ્યો છે. સમજાવીને મેળવ્યો છે. આત્મીયતાના આધારે મેળવ્યો છે. આ ગુણો આપના અંતરમાં પેદા થાય તો જે માણસ આપની સાથે કામ કરે છે તેઓને મજબૂત બનાવીને રહેશે અને નવા માણસોને પણ સાથે જોડતાં રહીશું. જેમની આગળ-ઉપર પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જરૂર પડવાની છે. આપને સંકલ્પનું નામ યાદ છે ને ? ''નવો યુગ લાવવાનો સંકલ્પ''. નવો યુગ લાવવાનો સંકલ્પ બે-ચાર માણસોનું કામ નથી. હજારો માણસોનું કામ છે. જે કામ અમે અમારા જીવનમાં કર્યું છે તે જ કામ આપે કરવાનું છે. નવા માણસોને બોલાવવાનું કામ આપનું છે. કેવી રીતે બોલાવવા છે, અમે તો બધાને પ્રેમની દોરીથી બાંધ્યા છે. આત્મીયતાની દોરીથી બાંધ્યાં છે. ભાવનાની દોરીથી બાંધ્યા છે. આ બધી દોરી આપે તૈયાર કરવી જોઈએ. જેથી આપ નવા માણસોને બાંધીને પોતાની પાસે રાખી શકો. સંસ્થાઓ આ જ આધાર પર ચાલે છે. સંસ્થાઓની પ્રગતિનો આધાર પણ આ જ છે. જે સંસ્થાઓ નાશ પામી છે, જે સંગઠનો તૂટી ગયાં છે તે આ બધી બાબતોનાં અભાવથી જ બન્યું છે.

અત્યાર સુધી આપણે મોટા પ્રદર્શનાત્મક કાર્યક્રમ યોજવામાં મોટાઈનો અનુભવ કરતા હતા અને એ જ દિશામાં સ્પર્ધા ચાલી રહી છે. હવે પરિભાષા અને અભ્યાસમાં ફેરફાર લાવવો પડશે. અત્યાર સુધી સાધના, સ્વાધ્યાય વગેરેની જાણકારી આપવાની જ આપણી જવાબદારી સમજવામાં આવતી હતી, પરંતુ હવે તેમને પ્રગતિના પંથે આગળ વધારવાની જવાબદારી ઉઠાવવાની છે અને આમાં જ આપણી મોટાભાગની શક્તિ ખર્ચવાની છે.

મહાશક્તિનું અવતરણ કોઈ એક યુગપુરુષમાં થયું અને તેમણે પોતાની માત્ર સ્થૂળ કાયા છોડી છે. તેમનાં સૂક્ષ્મ અસ્તિત્વના પ્રમાણના રૂપમાં ગાયત્રી તપોભૂમિ, શાંતિકુંજ, આંબલખેડા, અખંડ જ્યોતિ સંસ્થા અને બ્રહ્મવર્ચસ્રૂપી ભવ્ય તીર્થ બધાને પ્રત્યક્ષ દેખાઈ રહ્યાં છે. કોઈએ મનમાં એવી દહેશત રાખવી ન જોઈએ કે હવે અમારું શું થશે અને અમારી કોણ સંભાળ લેશે ? શક્તિનો ઉત્તરાધિકારી કોઈ વ્યક્તિ નહિ પણ એ શક્તિશાળી સંગઠન હોય છે, જે આવી અવતારી સત્તાઓ પોતાની સામે ઊભી કરી દે છે. આ જવાબદારી ગયાં થોડા વર્ષોથી એક સંયુક્ત શક્તિના રૂપમાં લાલ મશાલ પૂરી કરતી આવી છે. આ સમયમાં ગાયત્રી પરિવારના વિરાટ રૂપ લેવાને, અખિલ વિશ્વ સુધી એનો વિસ્તાર કરવાને, દેવ સંસ્કૃતિ દિગ્વિજયનાં ઉપક્રમનાં રૂપમાં ગુરુસત્તાના સૂક્ષ્મ સહચર્યને કોણ નકારી શકે છે ? આ કાર્ય જે વીતેલા વર્ષોમાં પૂર્ણ થયું છે, એ કોઈ વ્યક્તિ કરી શકે એમ ન હતું. જો કોઈ એવું સમજતું હોય અને કહેતું હોય કે આ કાર્ય એનાં પોતાને કારણે જ થયું તો તેનાથી મોટી મૂર્ખતા અને આત્મવંચના બીજી કઈ હોઈ શકે ? જે કોઈએ પણ એમના આદર્શો, ધારણાઓને બાજુએ રાખીને થોડું પણ ઈતર ચિંતન કર્યું અથવા જીવનની શૈલી બદલી તેમને લોકનિંદાની સાથે આત્માનો ધિક્કાર પણ સાંભળવો પડ્યો છે.

ગીતામાં ભગવાને લખ્યું છે - 'હું લોકોનો નાશ કરનાર માટે બનેલ મહાકાળ છું. આ સમયે આ લોકોને નષ્ટ કરવા માટે પ્રવૃત્ત થયો છું. આજનો વિનાશ બીજું કાંઈ નથી પણ માનવીય દુર્બુદ્ધિનું પ્રતિફળ છે. મનોસ્થિતિમાં અવાંછનીયતા ભરાઈ જવાને લીધે પરિસ્થિતિ પણ વિષમ સ્તરની બનતી જાય છે. જે વાવ્યું છે તે લણવું તો પડશે જ. સીધા માર્ગ પર ચાલનાર ઝાડીઝાંખરામાં શા માટે ભટકે ? ભ્રષ્ટ ચિંતન અને દુષ્ટ આચરણ જ પ્રકારાંતરે દૈત્ય-દાનવની ભૂમિકા નિભાવે છે. ગુંબજમાં પોતાનો જ અવાજ પડઘો બનીને પાછો ફરે છે. આજની બધી નાની-મોટી પરિસ્થિતિઓ આપણે પોતે જ આમંત્રેલ છે. આ ક્રમ ઊલટાવી દેવામાં આવે તો પ્રતિકૂળતાઓને અનુકૂળતાઓમાં બદલવામાં વાર નહિ લાગે. સમયે સમયે અનેકવાર આમ જ થતું રહ્યું છે. આપના પોતાના અંતરની વાણી સાંભળો, સમજો અને તેનું અનુસરણ કરો. તે જ તમારો માર્ગદર્શક અને પ્રકાશચિત્ર છે. પોતાના અંતરમાંથી જ એ માર્ગદર્શન મળશે, જે તમને મહાન બનાવી શકશે અને જીવનને ધન્ય બનાવી શકશે.

જ્યારે પૂજ્યવરની શક્તિ કામ કરી રહી છે તથા અગણિત દેવાત્માઓ આ પ્રચંડ શક્તિપ્રવાહ સાથે જોડાવા માટે તૈયાર છે તો આપણા બધાની વિશિષ્ટ જવાબદારી સૌ પહેલાં પોતાને સંભાળવાની, સાધક કક્ષાની પ્રૌઢતા પોતાની અંદર વિકસિત કરવાની અને પછીથી આવાં નરરત્નોને નવનિર્માણના કાર્યમાં લગાડવાની છે. આ એટલું સ્પષ્ટ માર્ગદર્શન છે કે ક્યાંય કોઈ પણ પ્રકારના શકને અવકાશ નથી. પ્રતિભાઓ અનાયાસ વરસી પડતી નથી. તેમને પ્રયત્નપૂર્વક શોધવી, ઉપસાવવી અને કંડારવી પડે છે. તેને માટે આવશ્યક અને અનુરુપ ઉપયોગી વાતાવરણનું સર્જન કરવામાં આવે છે. અમને પૂરો વિશ્વાસ છે કે અમારા પ્રયાસો નિરર્થક નહીં નીવડે. અમારા પરિજનો અમારી આકાંક્ષાઓની એરણ પર ખરા ઊતરશે અને મહાકાળના નિર્ધારિત સમય પર અવશ્ય પૂરા ઉતરશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુદેવની આકાંક્ષાઓ પર આપણે કેટલા ખરા ઊતર્યા?

અમે ઈચ્છતા હતા કે માળા જપનારા લોકો અમારા શરીરને નહિ, અમારા વિચારોને પ્રેમ કરે. સ્વાધ્યાયશીલ બને, મનન-ચિંતન કરીને પોતાના ભાવનાત્મક સ્તરને ઊંચો ઉઠાવે અને ઉત્કૃષ્ટ માનવનિર્માણ કરીને ભારતીય સમાજને ભવ્ય સમાજના રૂપમાં પરિવર્તન કરવાના અમારા ઉદ્દેશને પૂરો કરે, પરંતુ એવું ન બની શક્યું. મોટા ભાગના લોકો ચમત્કારવાદી નીકળ્યા. તેઓ ન તો આત્મનિર્માણ પર વિશ્વાસ કરી શક્યા કે ન લોકનિર્માણમાં. આધ્યાત્મિક વ્યક્તિઓની જે જવાબદારી હોય છે તેનો અનુભવ ન કરી શક્યા. અમે દરેક પરિજનને વારંવાર અમારું પ્રયોજન કહેતા રહ્યા પરંતુ તેને બહુ ઓછા લોકોએ સાંભળ્યું અને બહુ ઓછા સમજ્યા. મંત્રનો જાદુ જોવા માટે તેઓ આકર્ષિલા રહ્યા. અમે આ બધામાંથી કામનો માણસ શોધતા રહ્યા. આ ખેંચતાણમાં બહુ દિવસો વીતી ગયા. તો અમને નિરાશા ઉપજી અને મૂંઝવણ પણ થઈ. મનોકામના પૂર્ણ કરવાની જંજાળ અમારા કે ગાયત્રી માતાના ગળે બાંધવાનો અમારો ઉદ્દેશ કદાપિ નથી.

યુગનો પોકાર, જીવન-ઉદ્દેશની સાર્થકતા, ઈશ્વરની ઈચ્છા અને આ ઐતિહાસિક પ્રસંગની સ્થિતિમાં મહામાનવની ભૂમિકાને ધ્યાનમાં લેતાં મોટાં કદમ ભરવાની વાત વિચારવી જોઈએ. આ મહા અભિયાનની અનેક દિશાઓ છે, જેને પૈસાથી, મનથી શ્રમબિંદુઓથી સીંચાવી જોઈએ. જેમની પાસે જે વિભૂતિ છે તેમણે તે લઈને મહાકાળનાં ચરણોમાં ઉપસ્થિત થવું જોઈએ. લોભ, મોહ, અજ્ઞાન, અને અંધકારના તિમિરને ચીરતાં આપણે આગળ ધપવું જોઈએ અને આપણી પાસે જે હોય તેનો ન્યૂનતમ ભાગ પોતાના માટે અને પોતાના પરિવાર માટે રાખીને શેષ ભાગને વિશ્વમાનવના ચરણોમાં સમર્પિત કરવો જોઈએ. નવનિર્માણની લાલ મશાલમાં અમે અમારા સર્વસ્વનું તેલ ટપકાવીને તેને પ્રકાશિત રાખ્યો છે. હવે પરિજનોની એ જવાબદારી છે કે તેને પ્રજ્જ્વલિત રાખવા માટે અમારી જેમ પોતાના અસ્તિત્વનું સારતત્વ ટપકાવે. મહાનતાની દિશામાં કદમ બઢાવવાની પ્રવૃત્તિ પોતાના પરિજનોમાં ઘટશે નહિ પણ વધશે જ. આ દિવસોમાં એવા મણિ-મુક્તકોની ખોજ થઈ રહી છે જેનો સુગ્રથિત હાર ચેતનાની મહાશક્તિના ગળામાં પહેરાવી શકાય. આવા સુસંસ્કૃતોની તલાશ યુગ નિમંત્રણ પહોંચાડીને કરવામાં આવી રહી છે. જે જીવિત હશે તેઓ પડખું બદલીને ઊભા થશે અને સંકટકાળમાં શૌર્ય પ્રદર્શિત કરનાર સેનાપતિઓની જેમ પોતાને વિજયશ્રીને વરવા માટેના અધિકારીના રૂપમાં પ્રસ્તુત કરશે. કૃપણ અને કાયર જ કર્તવ્યનો પોકાર સાંભળીને કાંપતા ગભરાતા અને કોઈ કોતરમાં પોતાનું મોં છુપાવવાની નિંદનીય હરકત કરે છે. એક દિવસ મૃત્યુ તો તેમનું પણ થાય છે, પરંતુ ખેદ, પશ્ચાત્તાપ અને કલંકની કાલિમા માથે લઈને.

જે ભ્રષ્ટાચારને, અપરાધયુક્ત દુષ્પ્રવૃત્તિઓને પોલીસ અને અદાલતો રોકી શકતી નથી, જો જાગૃત જનતા આ ગુંડાતત્ત્વોની વિરુદ્ધ બાંય ચડાવે તો આ મુઠ્ઠીભર અનાચારીઓનું જીવવું હરામ બની જશે. અનાચાર, આતંકવાદ, એટલા માટે જીવિત છે કે મુઠ્ઠીભર અવાંછિત તત્ત્વોની અસામાજિક ગતિવિધિઓની વિરુદ્ધ રોષ-આક્રોશ જગાડવામાં આવ્યો નથી. જે દિવસે જનશક્તિ બંડ જગવશે તે દિવસે અભાવ, અશક્તિ અને અજ્ઞાનના દુર્દાંત અસુરોનું અસ્તિત્વ આ ધરતી પર ટકવું સંભવશે નહિ. સંઘશક્તિનું બીજું નામ બંડ છે.

આપણામાંથી દરેકે એ બાબત ગાંઠે બાંધવી જોઈએ કે નવા ભવનનું નિર્માણ થઈ રહ્યું છે. નવયુગની આધારશિલા ઊભી કરવામાં આવી રહી છે. આ બનીને જ રહેશે. ભલે કંજૂસ લોકોનો સહયોગ આ નિમિત્તે નિયોજિત ન પણ હોય. એ બાબત યાદ રાખવી જોઈએ કે આગામી સમય ઉજ્જ્વળ ભવિષ્ય સાથે સંકળાયેલો છે. જેઓ આ કાર્યમાં અવરોધરૂપ બનીને આડા આવશે તેઓની દુર્ગતિ જ થશે. વિશ્વાત્માએ, પરમાત્માએ નવસર્જનનો સંકલ્પ કરી લીધો છે તે પૂર્ણ થઈને જ રહેવાનો છે એ બાબતમાં સંદેહ રાખવો ન જોઈએ. એકવીસમી સદી માત્ર ઉજ્જ્વળ ભવિષ્યની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉદ્‌ઘોષણા કરતું ખાલી સૂત્ર નથી. તેની પાછળ મહાકાલનો પ્રબળ સંકલ્પ છુપાયેલ છે. તેને પ્રતિભા પરિષ્કારના રૂપમાં ચરિતાર્થ થતો જોઈ શકાશે. આગામી દિવસોમાં આ ધરતી રૂપી કોલસાની ખાણમાંથી બહુ મૂલ્યવાન મણિ-મુક્તક ઉભરાતાં અને ચમકતાં જોવા મળશે.

પ્રસિદ્ધિ અને પ્રશંસાના લોભથી કેટલીક વ્યક્તિઓ કેટલાંક સત્કાર્યો કરે છે. તેમાં દેખાડો વધારે હોય છે. જ્યાં સુધી દેખાડો હોય ત્યાં સુધી ઉત્સાહ રહે છે. જ્યાં પદ છિનવાયું, પ્રતિષ્ઠા ઘટી ત્યારે તેઓ વિરક્ત થવા લાગ્યા. અનેક આંદોલનો સાથે અમારો અત્યંત ઘનિષ્ટ સંબંધ રહ્યો છે. અમારા જીવનભરના અનુભવોનો નિષ્કર્ષ છે કે જેઓ મનોભૂમિની પરિપક્વતા વિના ક્ષણિક પ્રેરણા અથવા આવેશમાં કાંઈક કામો કરી બેસે છે, તેઓ પરમાર્થના કઠણ માર્ગ પર બહુ ચાલી શકતા નથી. વ્રતને અંત સુધી નિભાવવાની આશા કેવળ એમની પાસેથી જ રાખી શકાય, જેમણે આ આદર્શવાદની ભાવનાઓને ચિરકાળ સુધી પોતાના અંતઃકરણમાં પૂરતું સ્થાન આપ્યું છે અને સારી રીતે સમજી વિચારીને તે માર્ગ પર ચાલવા માટે કદમ ઉઠાવ્યાં છે. યુગનિર્માણ માટે આવી જ પરિપક્વ મનોભૂમિવાળી વ્યક્તિઓની આવશ્યકતા છે.

લોકસેવકે નિસ્પૃહ અને વિનમ્ર બનવું જોઈએ. તેમાં જ તેનું ગૌરવ અને ઉજ્જ્વળ ભવિષ્યની સંભાવના છે. જેઓ મોટાઈ લૂંટવાનો, સાથીઓની તુલનામાં ચમકવાનો, ઉછળવાનો પ્રયત્ન કરશે તેઓ ઊંધા મુખે પટકાશે અને પોતાના દાંત તોડી બેસશે. સાથીદાર શા માટે કોઈનો ઘમંડ સહન કરે? કોઈક મોટો બનતાં પોતાની માનહાનિ શા માટે સ્વીકારે?

નવો યુગ ખૂબ ઝડપથી આગળ ધપી રહ્યો છે. તેને કોઈ તાકાત રોકી શકશે નહિ. પ્રાચીનકાળની મહાન પરંપરાઓને હવે પુનઃ પ્રતિષ્ઠિત કરવાની છે અને મધ્યકાળની અંધકારયુગની દુષ્ટ વિષમતાઓ અદશ્ય થવાની છે. મહાકાળ તેને માટે આવશ્યક વ્યવસ્થા બનાવી રહ્યો છે અને તેને અનુકુળ આધાર ઉત્પન્ન કરી રહ્યો છે. યુગ પરિવર્તન અવશ્ય થવાનું છે. અમારું નાનકડું જીવન તેની ઘોષણા કરવા, જાણકારી આપવા માટે છે. પરિસ્થિતિને અનુરૂપ જેઓ સમયસર બદલાઈ શકશે તેઓ સંતોષ અને સન્માન પ્રાપ્ત કરશે અને તેઓ બદલાશે નહિ, મૂઢતા માટે દુરાગ્રહ રાખશે તેઓ ખરાબ રીતે કચડાઈ જશે. તેમને અપયશ, અસંતોષ અને પશ્ચાત્તાપ સિવાય બીજું કશું હાથમાં નહિ આવે.

અમે અમારું જીવન નવયુગની પૂર્વસૂચના આપવા, મહાકાલના આ મહાન પ્રયોજનમાં સમ્મિલિત થવા માટે પ્રબુદ્ધ આત્માઓને નિયંત્રણ આપવામાં પ્રયોજ્યું છે. આગળનું કામ મહાકાળ પોતે કરશે. આગામી દિવસોમાં તેમની પ્રેરણાથી એક એકથી ચડિયાતા પ્રતિભાશાળી અને પ્રબુદ્ધ આત્માઓ સામે આવશે. તે એક એવો વ્યાપક સંઘર્ષ વિશ્વવ્યાપી પરિમાણમાં પ્રસ્તુત કરશે જે અસમાનતાનાં બધાં જ કારણોને તોડીફોડીને ફેંકી દે અને સમતાની મંગલમય પરિસ્થિતિઓનો શુભારંભ કરીને આ જ ધરતી પર સ્વર્ગનું વાતાવરણ કરી બતાવે.

શિષ્ય હોવાનો દાવો કરનાર અને જીભથી 'ગુરુદેવ' કહેનારા તો કેટલાય મળી આવે છે, પરંતુ પોતાના પરિસરમાં પ્રવેશ કરવાની પહેલ અને અનિવાર્ય શરત ન્યૂનતમ એક કલાકનો સમય અને પચાસ પૈસા (હવે એક રૂપિયો) નિત્ય જ્ઞાનયજ્ઞ માટે આપતા રહેવાનું પાલન કેટલા લોકો કરે છે? એ જાણતાં ભારે નિરાશા ઉદ્‌ભવે છે. લાગે છે કે ધર્મનિષ્ઠાનો યુગ બદલાઈ ગયો છે અને વાચાળતાએ તેનું સ્થાન આંચકી લીધું છે.

અમારા હાથા અને ઓજારોની અપ્રમાણિકતા અમારા માટે અસહ્ય છે. જે સાથીઓની સહાયથી અમે નવા યુગનું સર્જન કરવા નીકળ્યા છીએ તે જ જો ખોટા સિક્કા નીકળે, તો પછી તે કલાત્મક શિલ્પની સુઘડતા કેવી રીતે સંભવિત બનશે, જેને માટે અમારું સમગ્ર જીવન ખપી ગયું અને બાકી બચેલી ક્ષણો પણ તેમાં જ સમર્પિત થઈ રહી છે. આમ તો અમારું કુટુંબ બહુ જ મોટું છે. તેમાં લાખો સભ્યો અને કરોડો સમર્થકો છે. આટલા બધા લોકોમાં બધા દૂધે ધોવાયેલા હશે એવી અમે કલ્પના કરતા નથી. લોક આંદોલનો જ્યારે લોકપ્રિય થવા લાગે છે ત્યારે તેમાં નિજી સ્વાર્થની ઘૂસણખોરી તીવ્ર બની જાય છે અને જ્યાં જગ્યા મળે ત્યાં છદ્મવેશ ધારણ કરીને વિરાજમાન થઈ જાય છે અને જાતજાતની ઘા મારે છે. ઘણું ખરું આવું બધાં જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જનઆંદોલનોમાં થતું રહે છે.

કેટલીય સંસ્થાઓમાં કામ કરનારાઓ મોટે ભાગે બહુ થોડા શ્રમથી વધુ પ્રતિષ્ઠા અને વધુ આજીવિકા કમાવા માટે આવે છે. તેમાં જ લાભદાયક પદો પોતાને માટે સુરક્ષિત રાખવા ઈચ્છે છે. બીજા માટે જગ્યા ખાલી કરતા નથી. આ જ કારણસર (જૂથબંધી) થાય છે અને સંસ્થાઓ નાશ પામે છે. ધર્મ અને પરમાર્થનું આવરણ ઓઢીને અસંખ્ય વ્યક્તિઓ પોતાનો સ્વાર્થ સાધી લે છે અને ભોળી જનતાને લૂંટતા રહે છે. બહારથી જોતાં તેમનો કાર્યક્રમ ધર્મયુક્ત લોકસેવા જેવો લાગે છે, પરંતુ વાસ્તવિકતા જોતાં પોલ ખૂલી જાય છે.

એક એવા લોકસેવક વર્ગનો ઉદ્ભવ કરવો છે, જે પોતાના ચારિત્ર્ય, વ્યક્તિત્વ, આદર્શ અને પ્રભાવથી આવા લોકનેતૃત્વના અભાવની પૂર્તિ કરી શકે. આ દિવસોમાં મહાપુરુષોની એક મોટા શૃંખલા અવતરવી જોઈએ જે યુગ પરિવર્તનની મહાન સંભાવનાઓને સાકાર કરી શકે.

'યુગનિર્માણ આંદોલન' કોઈ સંસ્થા નથી, પરંતુ એક દિશા છે. અનેક કામોને લઈને આ પ્રયોજન માટે અનેક સંગઠનો ઊભાં થશે. ભાવિ પરિવર્તનનું શ્રેય યુગનિર્માણ આંદોલનને મળે એ જરૂરી નથી. અનેક નામો હોઈ શકે છે અને હશે. તેનાથી કશું બનતું કે બગડતું નથી. મૂળ આશય વિવેકશીલતાનું પ્રતિસ્થાપન અને સદ્પ્રવૃત્તિઓની અભિવૃદ્ધિમાં છે. તેથી પ્રત્યેક દેશ, પ્રત્યેક સમાજ, પ્રત્યેક ધર્મ અને પ્રત્યેક ક્ષેત્રમાં આ તત્ત્વોનો સમાવેશ કરવા માટે અભિનવ નેતૃત્વનો ઉદય થવો આવશ્યક છે. સંઘર્ષ માટે આત્મશોધન તો પ્રથમ છે જ. પોતાની દુર્બળતાઓને તો દૂર કરવી જ જોઈએ. સાથોસાથ સામાજિક કુરિવાજો વિરુદ્ધ લડવા માટે આપણે કટિબદ્ધ થવું જોઈએ.

બ્રહ્મનિષ્ઠ આત્માઓનું ઉત્પાદન, પ્રશિક્ષણ અને યુગ પરિવર્તનના મહાન કાર્યમાં તેમનું નિયોજન એ એક મોટું કામ છે. આ કાર્ય અમારા ઉત્તરાધિકારીઓએ કરવાનું છે. અમારી શક્તિ કામ કરશે અને પ્રચંડ શક્તિનો પ્રવાહ અગણિત દેવાત્માઓને આ સેવાકાર્ય સાથે આગામી દિવસોમાં જોડશે. પ્રતિભાઓને આત્મજ્ઞાન થઈ જાય અને તેઓ યુગ પરિવર્તનના કાર્યમાં મદદ કરવાનું શરૂ કરે, આ જ આપણને સૌને સોંપાયેલ આ યુગસંધિવેળાની વિશિષ્ટ જવાબદારી છે. આ એકસૂત્રી કાર્યક્રમમાં પૂરી શક્તિ રેડીને જ્ઞાનયજ્ઞની લાલ મશાલને પ્રજ્જ્વલિત જ નહીં તેની જ્યોતને આકાશ સુધી પહોંચાડવી તે આપણા સૌનું આ સમયનું ધ્યેય હોવું જોઈએ. આથી બીજું કાંઈ કોઈએ વિચારવાનું નથી કે પોતાના તરફથી કોઈ કલ્પના કરવાની નથી.

આ વિરાટ યોજના પૂરી થઈને રહેશે. જોવાનું માત્ર એટલું જ છે કે આ અગ્નિપરીક્ષાના સમયે આપનું શરીર, મન, અને વ્યવહાર ક્યાંય ડગ્યાં તો નથી. ઊંચા કામ હંમેશાં ઊંચી કોટિના વ્યક્તિત્વવાળા કરે છે. કોઈ લંબાઈને કારણે ઊંચું હોતું નથી. શ્રમ મનોયોગ, ત્યાગ અને નિરાભિમાન જ કોઈને પણ ઊંચો બનાવે છે. આગામી કાર્યક્રમ ઊંચો છે. આપની ઊંચાઈ તેનાથી ઓછી ન પડે આ જ એક આશા, અપેક્ષા અને વિશ્વાસ આપ લોકોમાં રાખીને કદમ આગળ ધપી રહ્યાં છે. આપમાંથી કોઈ આ વિષમ વેળાએ પાછળ ન રહે, કે જેને માટે પાછળથી પસ્તાવું પડે.

*પ્રવજ્યા કરી રહેલા જગદ્ગુરુ શંકરાચાર્યને માંધાતાએ પૂછ્યું– ભગવાન, સર્વોપરિ દેવ કોણ છે– જેની ઉપાસનાથી લોક–પરલોક (આ લોક અને પરલોક) બન્ને સાધી શકાય છે? શંકરાચાર્યે કહ્યું– ગાયત્રી. ગાયત્રીના મહિમાનું વર્ણન મનુષ્યના સામર્થ્યની બહાર છે. સદ્બુદ્ધિનું હોવું એ એટલું મોટું કાર્ય છે જેની તુલના સંસારમાં બીજા કશા સાથે થઈ શકતી નથી. આત્મજ્ઞાનની પ્રેરણા ગાયત્રી દ્વારા જ થાય છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગનિર્માણ માટે આપણી પાત્રતાનું મૂલ્યાંકન

યુગનિર્માણનું પ્રયોજન સાધારણ મનોભૂમિના હલકા, સ્વાર્થી, અધૂરા, કાયર અને કમજોર પ્રકૃતિના લોકો નહિ કરી શકે. તેના માટે સમર્થ, તેજસ્વી આત્માઓ અવતરશે. તેઓ જ આ કાર્યને પૂરું કરશે. યુગ પરિવર્તનનું મહાન કાર્ય તેજસ્વી, મનસ્વી અને તપસ્વી આત્માઓ દ્વારા સંભવિત થશે. આપણે લોકો નાનોસૂનો ત્યાગ કે બલિદાન કરવાનો પ્રસંગ આવતાં ગલ્લાંતલ્લાં કરીએ છીએ કારણ કે જે માટીમાંથી આપણું નિર્માણ થયું છે તે જમીન રેતાળ અને નબળી છે. તેમાંથી કોઈ ટકાઉ વસ્તુ કેવી રીતે બની શકે ? જેઓ એક બે માળા જપવા માત્રથી ત્રણે લોકની રિદ્ધિ-સિદ્ધિ લૂંટી લેવાની આશા રાખીને બેસી રહે છે એ જીવન શોધન તથા પરમાર્થની વાત સાંભળતાં જ નિષ્પ્રાણ બની જાય છે એવા અધકચરા માણસો અધ્યાત્મનો કક્કો પણ જાણતા નથી. આત્મબળ તો તેમની પાસે હશે જ ક્યાંથી? જેમની પાસે આત્મબળ નથી, તેઓ યુગ પરિવર્તનની ભૂમિકામાં કાંઈ ઉલ્લેખનીય યોગદાન આપી પણ ક્યાંથી શકે ? આપણા લોકોની નસ-નાડી વિશે અમને સારી રીતે જાણ છે.

અમે યુગનિર્માણ યોજનાના વિશાળ ભવનનું માળખું ઊભું કરનાર સામાન્ય મજૂર માત્ર છીએ. પરિજન જે માટીમાંથી બન્યા છે તેમને જોતાં તેમને પણ અમે વાંસ-વળી જ માનીએ છીએ. થોડું વજન આવતાં જ જે લચકી જાય, જરાક પરખનો અવસર આવતાં ઠરી જાય એવી કમજોર વ્યક્તિ યુગપરિવર્તન જેવી કઠોર પ્રક્રિયા કેવી રીતે પૂરી કરશે ? જે અમારી વાત સાંભળી શકે છે, પરંતુ બતાવેલા માર્ગે ચાલવા સહેજ પણ તૈયાર નથી તેમની સાથે સંકળાયેલા રહેવા કરતાં હવે અમારે એવા લોકોને સાથે રાખવા છે જે કાંઈક કામ કરી શકવા લાયક શ્રદ્ધા અને આત્મીયતા અમારા પ્રત્યે ઉત્પન્ન કરી ચૂક્યા છે. સટ્ટાબાજો, લોટરીખોરો અને શેખચલ્લીઓને અમારે કશું કહેવું નથી જેઓ અત્યંત અલ્પ મૂલ્યમાં મોટામાં મોટી રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરવા અને ઈશ્વરીય અનુકંપા હડપ કરી લેવાના સપનાં જોયા કરે છે. જેના મનમાં આ વહેમ જામી ગયો છે કે થોડાક ઉપાસનાત્મક ક્રિયાકાંડ તેમને જીવનલક્ષ્ય પ્રદાન કરી શકે છે તો જીવનનિર્માણ માટે કષ્ટસાધ્ય અને ત્યાગ-બલિદાન-ભરી પ્રક્રિયાઓ અપનાવવાની શી જરૂર છે ? આવા લોકોને અમે ખેડૂત, ધાર્મિકવૃત્તિના, વિદ્વાન, ધનવાન અને અન્ય સફળ મનોરથવાળી વ્યક્તિઓનું ઉદાહરણ પ્રસ્તુત કરતાં એટલું જ કહી શકીએ કે તેઓ તેમના દૈનિક જીવનની કઠિન શ્રમ-વ્યવસ્થાને ધ્યાનથી જુએ અને સમજે કે આ સંસારમાં પ્રત્યેક ચીજનું ઉચિત મૂલ્ય ચૂકવવા સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહિ. ઈશ્વરભક્ત, ધર્મનિષ્ઠ અને શ્રેયસાધક બનવા માટે વ્યાવહારિક જીવનમાં સહેજ પણ કષ્ટસાધ્ય હેરફેર ન કરવી પડે, થોડોક પૂજાપો આ પ્રયોજનને સિદ્ધ કરી દે એવું કદી ન બની શકે. ઈશ્વરની વિધિ-વ્યવસ્થામાં દરેક કાર્ય વૈજ્ઞાનિક નિયમોના આધારે ચાલી રહ્યું છે. આત્મકલ્યાણના પથનો પથિક તૃષ્ણા અને વાસનાના કીચડમાં ફસાયેલો રહે, જીવનશોધન અને પરમાર્થની કષ્ટસાધ્ય પ્રક્રિયાથી વેગળો રહે એવું તો નથી કદી ભૂતકાળમાં બન્યું, નથી આગળ થઈ શકવાનું. આપણે ભ્રમમાં પડ્યા છીએ, પડ્યા રહીએ પરંતુ સૃષ્ટિનો નિયમ, ઈશ્વરનું વિધાન તો પોતાના સ્થાને જ કાયમ

***અસ્ત પામતા સૂરજને એક ટમટમતા દીવાએ કહ્યું - ભગવાન, આપ સહર્ષ પધારો, આપની ગેરહાજરીમાં ભલે થોડોક પણ પ્રકાશ આપીને અંધકારને મિટાવી દેવાનો હું પૂરેપૂરો પ્રયાસ કરીશ. નાનકડા દીવાનું આશ્વાસન સાંભળીને સૂર્ય ભગવાને તેના સાહસની પ્રશંસા કરી. પ્રયત્ન ભલે નાનકડો હોય, પરંતુ પ્રભુના કાર્યમાં આવા જ ભાવનાશાળી-ઓનો થોડો થોડો અંશ મળીને મોટું કામ કરી બતાવે છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહેશે.

ઘણા દિવસો વિચાર કર્યા પછી એ વિચારાયું કે જેઓ પોતાના મૂળ મંતવ્યને સાંભળવા-સમજવા માટે પણ તૈયાર નથી, ઉચિત મૂલ્ય ચૂકવ્યા સિવાય મંત્રશક્તિનો ચમત્કાર જોવા આતુર છે તેના પર શક્તિનો અપવ્યય ન કરીને આ વિશાળ સંસારમાંથી એ લોકોને શોધવામાં આવે જે વિચાર, ભાવના, આદર્શ અને ઉદ્દેશનું મૂલ્ય મહત્ત્વ સમજતા હોય. અધિક ઊંચા સ્તરના સાથી શોધવાના છે, જેમના હાથોમાં એ મશાલને સોંપી શકાય જે અમારા હાથમાં છે. આને માટે અધિક મજબૂત, અધિક સાહસિક અને અધિક સાચુકલા માણસ જોઈએ. અખંડ જ્યોતિ પરિવાર પર જ્યારે નજર નાખીએ છીએ તો તેમાંથી અધિકતર પોપટિયા લોકો દેખાય છે. વાચન પણ એક વ્યસન છે. સારું વાચન એક સારું વ્યસન કહી શકાય. આવા વિદ્યાવ્યસની લોકો હમણાં અમારું સાહિત્ય રસથી વાંચે છે. પાછળથી પોતાની રુચિની વસ્તુઓ અન્યત્ર કોઈ જગ્યાએથી પ્રાપ્ત કરી લેશે. તેમનું ગાડું તો ચાલતું રહેશે. પરંતુ અમારી ગાડી અટકી જશે. જેઓ ઉચ્ચ વિચારોને વાંચે તો છે પરંતુ તેને ગળાની નીચે ઉતારતા નથી. તેને વ્યાવહારિક જીવનમાં સ્થાન આપવા માગતા નથી. એવા લોકો પાસેથી કોઈ મોટી આશા કેવી રીતે રાખી શકાય ? અમારે કર્મઠ અને પ્રબુદ્ધ સાથી જોઈએ, એવો સાથી કે જે યુગનિર્માણની ભૂમિકા પ્રસ્તુત કરવા માટે પોતાના તુચ્છ સ્વાર્થોની ઉપેક્ષા અવહેલના કરી શકે. જેઓ પોતાના નિજી સમસ્યાઓમાં ગૂંચવાયેલા રહીને જ જિંદગી વ્યતીત કરી નાખવાની વ્યર્થતા અને ભારતીય આદર્શો માટે કોઈ ત્યાગ અને બલિદાનની સાથે પોતાના ભીતરને અજવાળી શકે.

બલપ્રદર્શનની દૃષ્ટિએ સંખ્યા ઉપયોગી હોય છે, પરંતુ કામ તો થોડીક વ્યક્તિઓ જ કરે છે. ટોળાનો ઉત્સાહ ક્ષણિક હોય છે. જેમનામાં દૃઢતા અને નિષ્ઠા નથી તેઓ આવેશમાં આવી કંઈક તોફાન તો ઊભું કરી શકે છે, પરંતુ લાંબો સમય કોઈ આદર્શ પર ટકી શકતા નથી. આવા લોકો સૂત્રો પોકારવા અને પ્રદર્શન કરવા માટે કામચલાઉ પ્રયોજન પૂરું કરી શકે છે. પરંતુ કોઈ દીર્ઘકાલીન પારમાર્થિક પ્રયોજન માટે તેઓ કાંઈ ખાસ કામના સિદ્ધ થઈ શકતા નથી. કાંઈ નક્કર કામ હંમેશાં નિષ્ઠાવાન આદર્શ વ્યક્તિઓના આધારે જ ચાલે છે. સભા-સંમેલન, સરઘસ પ્રદર્શનોનો ઊભરો આ ભીડમાં ખૂબ બની રહે છે. કેટલાય લોકો તેને સફળતાનું ચિહ્ન માને છે, પરંતુ અમારો દૃષ્ટિકોણ અલગ છે. મજબૂતીના અભાવે આ ભીડ વરસાદી માખી-મચ્છરોનું જ ઉદાહરણ બની રહે છે. સંખ્યાબળથી કોઈ કામ બનતું નથી, એટલે વિચારવામાં આવ્યું કે આવી ભીડ વધારતા જવાથી પ્રદર્શન તો વધશે, પણ મિશનની પરિપક્વતામાં સહાય નહિ મળે. તેથી કામગરા માણસો વધારવામાં આવે. વિચારોની શક્તિ અને ઉપયોગિતા સમજી શકનાર લોકો આમાંથી શોધી કાઢવામાં આવે, કેમ કે વિચારશક્તિનું, યુગપરિવર્તનનું પ્રયોજન આ લોકો પૂરું નહિ કરી શકે, જેમને માનવજીવનના વિકાસમાં પ્રૌઢ વિચારધારાની ઉપયોગિતાની ખબર જ નથી, જે સ્વયં પ્રકાશપૂર્ણ ભૌતિક પ્રખરતાને સાંભળવા-સમજવા માટે તૈયાર નથી તેઓ બીજા લોકોને શું કહી-સાંભળી શકે અને પોતાના જીવનમાં કેવી પ્રખરતા લાવી શકશે ?

યુગનિર્માણ આંદોલન આગામી દિવસોમાં જે પ્રચંડ રૂપે મૂર્તિમાન થશે, તેની રહસ્યમય ભૂમિકા બહુ થોડા લોકોની જાણમાં હશે. પરંતુ એ નિશ્ચિત છે કે આ આંદોલન બહુ જ પ્રખર અને પ્રચંડરૂપે ઊઠશે અને

*ભગવાન બુદ્ધનું અભિયાન થોડાક જ બૌદ્ધ ભિક્ષુઓ દ્વારા સમગ્ર ભારતવર્ષ અને એશિયામાં ફેલાઈ ગયું. શ્રીકૃષ્ણએ બાળકોમાં દૂધ-દહીંનો સત્યાગ્રહ જગાડ્યો અને સક્રિય બન્યો, તો ચેતના શક્તિએ કંસનો સંહાર કરી બતાવ્યો. આતતાયી અસુર રાવણ પ્રત્યે દેવતાઓનો આક્રોશ ઉભરાયો તો વાનર ટોળીઓએ ચેતન શક્તિના સહારે તેનો સંહાર કરી નાખ્યો. થોડીક વ્યક્તિઓના પ્રયત્નોથી પ્રાપ્ત થતી સફળતાને ઈશ્વરીય જ કહેવી જોઈએ. માનવીય પુરુષાર્થ જ્યારે સાચી દિશા પકડીને પોતાના કામમાં લાગી જાય છે ત્યારે સ્વયં એવી પરિસ્થિતિઓનું નિર્માણ થવા લાગે છે, જેને યુગ પરિવર્તનના નામે ઓળખવામાં આવે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂર્ણતઃ સફળ થશે. સફળતાનું શ્રેય કઈ વ્યક્તિઓને, કઈ સંસ્થાઓને મળશે તેનાથી કશું બનતું કે બગડતું નથી, પરંતુ નિશ્ચિતપણે એમ બનવાનું છે જ. આ ઉજ્જ્વળ ભવિષ્યની ખેતીને વાવવા, ઉગાડવા અને સીંચવા માટે જે કર્મઠ હાથની આવશ્યકતા છે તેની આજે જરૂરત પડી રહી છે. જેઓ પોતે થોડું તપ-ત્યાગ કરી શકવામાં અસમર્થ હશે, તેઓ બીજાઓ પાસેથી કંઈક ત્યાગ-બલિદાન કરવાની વાત કયા મોઢે કહી શકશે ? હવે બડાશ મારનારાનો જમાનો વીતી ગયો છે. ચઢીચઢીને બોલવા અને લખવાથી જનતાનું મનોરંજન માત્ર જ થઈ શકે. પ્રભાવ તો એનો પડે છે જેઓ ખુદ કશુંક પોતે કરે છે. જનમાનસને ત્યાગ, બલિદાનની પ્રેરણા આપી શકવાની આવશ્યકતા કેવળ તે લોકો જ પૂરી કરી શકશે જેઓ પહેલાં પોતાના જીવનમાં આવું કંઈક કરી શકવાની પોતાની પ્રામાણિકતા સિદ્ધ કરી ચૂક્યા હશે.

મહાવિનાશની વિભિષિકા તો પોતાને મોતે મરશે, અરુણોદય પછીની ક્ષણોમાં જ જાજવલ્યમાન સૂર્યની જેમ ઊગશે, આ સંભાવના સુનિશ્ચિત છે. જોવાનું માત્ર એટલું જ રહે છે કે આ પરિવર્તનકાળમાં યુગશિલ્પીની ભૂમિકા સંપાદન કરવાનું શ્રેય કોણ મેળવે છે, કોનાં કદમ સમયસર શ્રેયપથ પર આગળ ધપે છે.

ભાવિ નવસર્જન માટે ઉત્કૃષ્ટતાના પક્ષધર આદર્શવાદીઓની આવશ્યકતા રહેશે. તેમના જ પ્રયત્ન-પુરુષાર્થથી પુણ્ય-પરમાર્થથી સમયને બદલી શકાશે અને વાતાવરણને શ્રેષ્ઠતાથી યુક્ત બનાવી શકાશે. તેમને જ શોધવા, સંગઠિત, સુગઠિત અને સુવિકસિત કરવા એ આજના સમયની સૌથી મોટી આવશ્યકતા છે. યુગ શિલ્પીઓનો એક મોટો સમુદાય મિશનની પત્રિકાઓની સાથે સંકલિત કરીને સ્તરનું નિર્માણ કર્યું છે. જે સ્વયં ઊઠી શકવાની સફળતા પ્રાપ્ત કરવા ઉપરાંત બીજાઓને સહારો આપવા, ઉગારવા, ઊંચા લાવવામાં સમર્થ નીવડી શકે. જેમને માટે પડેલાઓને ઉઠાડવા અને ઊઠેલાઓને ઊભા કરવા એ એક સ્વાભાવિક વિષય બની ગયો છે, તેમને જ નવયુગના અગ્રદૂત નવસર્જનના કર્ણધાર પણ કહેવામાં આવે છે.

આ તથ્ય હજારવાર સમજવું અને અપનાવવું જોઈએ કે આપણે બધા હળીમળીને જ મહાન તથ્યની પૂર્તિ કરી શકવામાં સમર્થ બની શકીએ છીએ. દોઢ ઈંટની મસ્જિદ, અઢી ચોખાની ખીચડી પકાવવાની મહત્ત્વાકાંક્ષા સજાવવા, અલગ કરવા અને અલાયદું શ્રેય પ્રાપ્ત કરવાની લાલચ અપનાવવાની ક્ષુદ્રતા કોઈએ પણ અપનાવવી ન જોઈએ. વિભાજિત થવામાં કોઈના ભાગે કશું આવવાનું નથી.

યુગ પરિવર્તન અનિવાર્ય રીતે આવશ્યક છે પરંતુ તેને માટે અગ્રણી એવા મનસ્વી હોવા જોઈએ જેઓ પહેલાં પોતાની જાતને બદલે. જેઓ પોતાની પરિસ્થિતિ અને મનઃસ્થિતિને નવનિર્માણમાં કંઈક યોગદાન આપી શકવા જેવી બનાવી શકશે તેમની પાસેથી જ આવી આશા રાખી શકાશે. મૃત્યુ અને જીવનની વચ્ચે ઝૂલવાની સ્થિતિમાં માનવતાને ઉગારવામાં કોઈક કારગત સહયોગ તેઓ જ આપી શકશે. હવે સમય આવી પહોંચ્યો છે જયારે આ વિશેષ અવસર પર આપણે વિશાળ પરિવારમાંથી એવાં પ્રાણવાન મોતી જ શોધવાનાં છે. તેમની પરીક્ષા માટે પૂજ્ય ગુરુદેવ દ્વારા એ પડકાર કરવામાં આવ્યો છે કે આપણી સૌથી મોટી, સૌથી મહત્ત્વપૂર્ણ આવશ્યકતાને પૂરી કરવા માટે પોતાનું કામ છોડીને દ્વાર દ્વાર પર ધક્કા ખાવા માટે, વ્યંગ ઉપહાસ, તિરસ્કાર, આરોપ સહન કરવા માટે આગળ આવીએ અને ઓછામાં ઓછો એટલો મનોયોગ, એટલો સમય તો આ કાર્ય માટે સમર્પિત કરી જ દઈએ - જેમાં સ્થાનિક પરિજનોનો સંગઠિત ઢાંચો ઊભો થઈ શકે અને મહિલા જાગરણ અભિયાન ગતિશીલ બની શકે.

અમારું પોતાનું કોઈ અંગત કાર્ય કે પ્રયોજન નથી. માનવતાનું પુનરુત્થાન થઈ રહ્યું છે. ઈશ્વર તેને પૂરું કરનાર છે. દિવ્ય આત્માઓ તે દિશામાં કાર્ય કરી રહ્યા છે. ઉજ્જ્વળ ભવિષ્યનો આત્મા ઉદયમાન થઈ રહ્યો છે. પુણ્ય પ્રભાતનો ઉદય સુનિશ્ચિત છે. આપણે ઈચ્છીએ તો તેનું શ્રેય લઈ શકીએ તેમ છીએ. સૈન્ય નાનું છે, પણ બહાદુરોનું છે. શિસ્તબદ્ધ, સુશિક્ષિત અને સુસંગઠિત હોય તો તેનાથી વધુ સફળતા મળે છે. અનાડી, ડરપોક, અવ્યવસ્થિત ભીડથી સેનાનું કામ લેવામાં આવે તો તે ગરબડ જ ઊભી કરશે. પોતે પણ કશું કામ નહિ કરે અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જે સારા યોદ્ધાઓ સાથે હશે તેમને માટે કામ કરવાનું મુશ્કેલ બનાવી દેશે.

વિચારોમાં યોગ્ય પરિવર્તન થયા વિના પણ બહારની સજધજથી સારાં કાર્યોનું પ્રચલન શરૂ કરી શકાય છે, પણ તેનું પરિણામ ક્ષણિક અને પ્રદર્શન માત્ર હોય છે. શ્રમદાન દ્વારા સામૂહિક સુખ-સુવિધાઓની વૃદ્ધિનો પ્રયાસ જ્યાં-ત્યાં થતો જોઈ શકાય છે. પરંતુ તે બની રહે છે પ્રદર્શન માત્ર. કમને, યશ, પ્રશંસા અથવા દબાણથી લોક વણસમજ્યે એક-બે દિવસ વળગી રહે છે. તસવીર ખેંચાવાથી શ્રમદાન પૂરું થયાનું સમજે છે. આ જ રીતે અન્ય સત્કર્મો ક્યારેક ક્યારેક લોકો કરે છે, પરંતુ એ કાર્યોની આડમાં પોતાનાં પાપ છુપાવવા અથવા સસ્તી વાહવાહ લૂંટીને લોકો પાસેથી અન્ય કોઈ લાભ ઉઠાવવાની મનોવૃત્તિ કામ કરે છે.

આજે લોકનેતૃત્વ બહુ નિર્બળ છે. રાજનીતિ, સમાજ તથા ધર્મનાં સમસ્ત ક્ષેત્રોમાં એવું નેતૃત્વ જોવા નથી મળતું જે જનમાનસને હલાવી નાખે અને પોતાની પ્રખરતાના આધારે લોકોને પોતાની ગતિવિધિઓ બદલવા માટે પ્રભાવિત તથા વિવશ બનાવી શકે. વાચાળતા, લોકેષણા અને છળકપટનો આધાર લઈને ચાલનાર સ્વાર્થી અને સંકુચિત સ્તરના લોકો અવાંછનીયતાને બદલવામાં સમર્થ બની શકતા નથી. તેઓ પોતાને માટે ધર્મ, યશ તથા પદ કમાઈ શકે છે, પરંતુ આંતરિક પ્રખરતા વિના યુગપરિવર્તનની આવશ્યકતા પૂર્ણ કરી શકાતી નથી. સંજોગોની માગ છે કે દરેક ક્ષેત્રમાં પ્રખર નેતૃત્વનો ઉદય થાય. આ આત્મબળની પ્રચુરતાથી જ સંભવિત થઈ શકે છે.

યુગનિર્માણના પરિજન પણ જાગરૂક, સુશિક્ષિત અને ભાવનાશાળી છે. તેમને કંઈ કરવા ન કરવા બાબતના પક્ષ-વિપક્ષમાં નિર્ણય કરવાનું અધિક મુશ્કેલ કે સમય - સાધ્ય ન લાગવું જોઈએ. બાબત તો નાનકડી જ છે, તે અંગે નિર્ણય કરવા માટે એક-બે દિવસો પણ પૂરતા છે. અમે એવું ઈચ્છતા હતા કે અમારા પ્રત્યેક પરિજનના અંતઃકરણમાં લોકસેવાને માનવજીવનનું એક અનિવાર્ય કર્તવ્ય માનવાની નિષ્ઠા જાગે. અમે **ઈચ્છતા હતા** કે અમારા પ્રત્યેક પરિજનના મનમાં એટલું **સત્-સાહસ જાગે** કે તે થોડો શ્રમ અને થોડું ધન નિયમિતરૂપે **એ હેતુ** માટે ખર્ચવાનો નિશ્ચય કરે અને તે નિશ્ચયને **દૃઢતા અને** ભાવનાપૂર્વક નિભાવે. જો આટલું થઈ **જાય** તો **પરિવારના** સુગઠન માટે અમારા શ્રમ, ત્યાગ અને ઊભરાતા ભાવોની સાર્થકતા પ્રમાણિત થઈ જાય અન્યથા ''બહુત શોર સુનતે થે પહલૂમેં દિલકા જો ચીરા તો એક કતરા-એ-ખૂન ન નિકલા'' વાળી વિડંબના જ એને કહી શકાય. ટોળું મોટું અને કામ એક પણ નહીં જેવા નિષ્કર્ષ પર પહોંચવું કોઈ ભાવનાશાળીને કષ્ટદાયક જ બની શકે. સહાનુભૂતિમાં કંઈક દમ ત્યારે જ હોય છે, જ્યારે તેનો પ્રભાવ ક્રિયાશીલતા સુધી પહોંચે. અમે ઈચ્છીએ છીએ કે અમારા વિશાળ પરિવારમાં મોટાભાગના પરિજનો એવા નીકળે, જેઓ પરમાર્થના સાચા સ્વરૂપને સમજે અને આજના સર્વોત્તમ પ્રયોજન યુગનિર્માણમાં પોતાના ભાવભર્યા યોગદાનની શ્રદ્ધાંજલિ લઈને આગળ આવે.

*એક હૃષ્ટપુષ્ટ યુવાન ભિખારીને મહામનીષી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કહ્યું, 'બેટા, જો તું કોઈ ઉદ્યમ કરે તો ભિક્ષા માગવાની ઘૃણાસ્પદ સ્થિતિથી તું બચી શકે છે અને ભાવિ જીવનને સન્માનનીય બનાવી શકે છે.' યુવકે કહ્યું, 'શ્રીમાન, મારી પાસે પચાસ રૂપિયા હોત તો હું ભીખ ન માગત. ઈશ્વરચંદ્રે તેને પચાસ રૂપિયા આપ્યા. આ જ યુવક એક દિવસ કલકત્તાની એક કાપડની ફર્મનો માલિક બન્યો. માર્ગદર્શન દ્વારા સત્ય પ્રકાશ આપવાની કેટલીય રીત હોઈ શકે છે. સુધારાનું રચનાત્મક સ્વરૂપ પ્રભાવશાળી અને ચિરસ્થાયી હોય છે.*

**● આત્મિક ક્ષેત્રના ધનુર્ધરોને જ ભગવાનનો સાચો પ્યાર અને સહયોગ મળે છે.**
**● જેણે પોતાની જાતને જીતી લીધી તે બીજા કોઈથી હારતો નથી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મસમીક્ષા પરિશિષ્ટ — ગુરુદેવની કસોટી પર સ્વયંની પરખ કરીએ

(વિશ્વના નવનિર્માણના ઉદ્દેશથી પૂજ્ય ગુરુદેવ જે કાંઈ કરવા ઈચ્છતા હતા તેને માટે સાચા અધ્યાત્મવાદીઓ અને લોકસેવકોનું એક સશક્ત સંગઠન બનાવવા ઈચ્છતા હતા. તેઓ પોતાના માટે નિષ્ઠાવાન સાથીઓની તલાશમાં વ્યસ્ત રહેતા. પ્રસ્તુત લેખમાં પૂજ્ય ગુરુદેવની પોતાના પરિજનો પાસેથી આશાઓ, અપેક્ષાઓને સંકલિત કરવામાં આવી છે. આ વિષમ સમયમાં આપણે આપણી પોતાની જાતની પરખ કરીએ કે આપણે પૂજ્યવરની કસોટી પર કેટલા ખરા નીવડચા છીએ ?)

અમે આપણા વિશાળ પરિવારમાંથી કેટલાક એવા પ્રબુદ્ધ સાથીઓ શોધવાનો પ્રયાસ કર્યો છે, જેઓ યુગનિર્માણની પુણ્ય પરંપરાને અમારા પછી પણ પ્રગતિશીલ રાખી શકે. પરિવારમાં એવા લોકો પણ છે, જેઓ અમારી વિચારધારામાં રસ લે છે, તેને પસંદ કરે છે અને અખંડ જ્યોતિ, 'યુગનિર્માણ યોજના', 'યુગશક્તિ ગાયત્રી', 'પ્રજ્ઞા અભિયાન' અથવા અન્ય સાહિત્ય વાંચીને સંતોષ પામે છે. પરિવારમાં કેટલાક એવા લોકો પણ છે, જેઓ પૂજા-ઉપાસનાના માધ્યમથી પોતાની કેટલીક આકરી મુશ્કેલીઓના સમાધાનની આશા રાખે છે. તેમનો મૂળ આશય માત્ર આટલો જ છે. આ દૃષ્ટિએ તેઓ સંપર્કમાં આવે છે અને સંપર્કમાં આવતાં કોઈ પ્રકારે પછી ભલે સંકોચવશ પણ સાચી પત્રિકાઓ અથવા અન્ય પુસ્તકો પણ વાંચવા લાગે છે. આમ તો આ બાબતમાં તેમની પોતાની અંગત કોઈ દિલચશ્પી નથી.

ઉપર્યુક્ત બન્ને પ્રકારના લોકો પાસેથી અમે કોઈ વિશેષ આશા રાખતા નથી. તેમની બાબતમાં એટલું જ વિચારીએ છીએ કે પોતાની સાહિત્યિક અભિરુચિને તૃપ્ત કરવા અથવા ઉપાસનાત્મક માર્ગદર્શન દ્વારા મળી શકનાર પ્રલોભનને કારણે તેઓ કોઈક પ્રકારે આજે તો આપણી સાથે છે પરંતુ કાલે તેમને ઉપયોગિતા ઓછી જણાય અથવા પોતાનું પ્રયોજન ઓછું સિદ્ધ થતું જણાય, તો તેઓ સાથ છોડી દેશે. પરિવારનું સભ્યપદ ત્યજતાં તેમને વાર નહિ લાગે. આ શ્રેણીના લોકોને માત્ર સહચર જ ગણી શકાય. લાખો વ્યક્તિઓ અમારા સંપર્કમાં એવી પણ આવી છે, જે ક્યારેક ખૂબ આત્મીય હતી. પરંતુ હવે તેઓ એકબીજાને લગભગ ભૂલી ચૂકી છે. આ પ્રકારે જેઓ આજે આપણા સહચર છે તેઓમાંના અનેક એવા હશે જેઓ આવનારા દિવસોમાં આપણો સાથ છોડી દેશે.

માણસોની આ ભીડમાં અમે એવા લોકોની ખોજ કરવામાં કેટલાંક દિવસોથી વ્યસ્ત છીએ, જેઓ અમારા સાચા આત્મીય સાથી અને કુટુંબીના રૂપમાં પોતાની નિષ્ઠાનો પરિચય આપી શકે. જે મહાન જવાબદારી આપણે શિરે છે તેનો બોજ ઉઠાવવાની જવાબદારી કોના શિરે નાખીશું ? જે મશાલ અમારા હાથમાં સોંપવામાં આવી છે તેને કોના હાથોમાં સોંપીશું ? આ દૃષ્ટિએ અમારે અમારા ઉત્તરાધિકારીની ખોજ કરવી પડે તેમ છે.

આધ્યાત્મિક મહાનતાની, સત્પાત્રતાની કસોટીનાં સંબંધમાં અમે આ તથ્યને અનેકવાર પ્રગટ કરી ચૂક્યા છીએ કે વ્યક્તિના ગુણ, કર્મ અને સ્વભાવનું ઉત્કૃષ્ટ હોવું એ તેની આંતરિક મહાનતાનો પરિચય છે. આના જ આધારે સંસારમાં, આના જ આધારે પરલોકમાં, અને એ જ આધારે ઈશ્વરની સમક્ષ કોઈનું વજન અને મૂલ્ય વધે છે. આપણા દૈનિક જીવનમાં આપણે કેટલા સંયમી, સદાચારી, શાંત, મધુર, વ્યવસ્થિત, પરિશ્રમી, પવિત્ર, સંતુલિત, શિષ્ટ, કૃતજ્ઞ અને ઉદાર છીએ ? આ સદ્‌ગુણોનો દૈનિક જીવનમાં કેટલો અધિક પ્રયોગ કરીએ છીએ તે જોઈ સમજીને જ કોઈની આંતરિક વસ્તુ-સ્થિતિને જાણી શકાય છે. જેનું દૈનિક-જીવન ફૂવડપણાથી ભરેલું છે તે કેટલાંય જપ, ધ્યાન, પાઠ, સ્નાન કરતો રહે પણ આધ્યાત્મિક કક્ષાની કસોટી પર તેને ઠોઠ માનવામાં આવશે.

મહાન આત્મા તો તે છે જે વિરાટ બ્રહ્મની, વિશ્વમાનવની સેવામાં પોતાની ક્ષમતા અને પ્રતિભાની શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં નતમસ્તક બની જાય છે. અક્ષત, ચંદન, પુષ્પ, ધૂપદીપ તો પૂજાનાં પ્રતીકો માત્ર છે. તેની પૂજા તો લોક-મંગળ માટે કરવામાં આવતા ઉદાર સત્ પ્રયત્નોથી જ આંકી શકાય. જે કંજૂસ, પરમાર્થનું મહત્ત્વ ન સમજી શકે, લોકમંગળને માટે જેણે કોઈ પણ ત્યાગ કરવાની હિંમત ન કરી એવી અભાગી વ્યક્તિ ભાવનાની દૃષ્ટિએ પાકી નાસ્તિક છે. પછી ભલે તેના તિલક અને વાળ ગમે તેટલાં લાંબા હોય ? દરેક ઈશ્વરભક્તે અને આસ્તિકે લોકસેવક બનવું જ જોઈએ. જેનાં હૃદયમાં અધ્યાત્મની કરુણા-દયા જાગશે, તે સેવા-ધર્મ અપનાવ્યા વિના રહી જ નહિ શકે. આધ્યાત્મિક લાભ જીવનસાધનાનું મોંઘું મૂલ્ય ચુકવીને જ પ્રાપ્ત કરી શકાય. સસ્તી કિંમતમાં તે ખરીદી શકાય નહિ. માળા ફેરવવાની કિંમતથી ન તો ઈશ્વર મળી શકે ન આત્મા. કર્મકાંડ એ ઉપાસનાનું કલેવર છે, સ્વરૂપ છે. તેનો આત્મા તો ભાવનાત્મક ઉત્કર્ષની સાથે અવિભાજ્યરૂપે જોડાયેલ છે.

જે અમને પ્રેમ કરે છે તેણે અમારા મિશનને (સેવા-ધર્મને) પણ પ્યાર કરવો જોઈએ. જે અમારા મિશનની ઉપેક્ષા કરેછે, તિરસ્કાર કરે છે તે અમને ઉપેક્ષિત, તિરસ્કૃત કરી રહ્યા છે. વ્યક્તિગત રૂપે કોઈ આપણી કેટલીય ઉપેક્ષા કરે, પણ જો આપણા મિશનને માટે કંઈક કરે છે, વિચારે છે તો એમ લાગે છે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાણે અમારા ઉપર અમૃત વરસાવી રહ્યા હોય અને ચંદનનો લેપ કરી રહ્યા હોય. પરંતુ જો કેવળ અમારા વ્યક્તિત્વ પ્રત્યે જ શ્રદ્ધા છે, શરીર પ્રત્યે જ મોહ છે, તેની જ પ્રતિષ્ઠા-પૂજા કરાય છે અને મિશનની બાબત ઉઠાવીને અભરાઈ પર ચડાવી દેવાય છે, તો એમ લાગે છે કે અમારા પ્રાણનો તિરસ્કાર કરતાં કેવળ શરીર પર વીંઝણો ઢોળવામાં આવે છે.

આપણા પરિવારમાં બુદ્ધિમાનોની, ભાવનાશાળીઓની, પ્રતિભાવાનોની, સાધનસંપન્નોની કમી નથી, પણ આપણે જોઈએ છીએ કે ઉત્કૃષ્ટતા-ઉત્તમતાને વ્યવહારમાં ઉતારવા માટે જે પ્રકારના સાહસની આવશ્યકતા છે તેમાં તેઓ જોડાઈ નથી શકતા. તેઓ વિચારે છે તો ખૂબ પણ કામ કરવાનો સમય આવે છે તો મોં સંતાડવા લાગે છે. જો આવું ન હોત તો અત્યાર સુધી પોતાના જ પરિવારમાંથી એટલી પ્રતિભાઓ નીકળી આવત જે ઓછામાં ઓછી ભારત ભૂમિના નરરત્નોની ખાણ હોવાનું શ્રેય ફરીથી અપાવી દેત. વ્યસ્તતા, અભાવગ્રસ્તતા, મૂંઝવણ, અડચણ વગેરેનાં બહાનાં ઉપહાસ પાત્ર છે. એ જ કામો માટે એવાં બહાનાં પ્રયોજાય છે જેમને નિરર્થક માની લેવામાં આવે છે. જેમને મહત્ત્વપૂર્ણ સમજવામાં આવે છે તેને હંમેશાં અગ્રિમતા મળે છે અને સમય, સાધન, મનોયોગ વગેરે જે કાંઈ પાસે છે તે બધું તેમાં જ લાગી જાય છે. જો યુગના પોકારને, જીવનના ઉદ્દેશને મહત્ત્વ આપવામાં આવ્યું હોત તો કોઈને પણ એવી બહાનાબાજી કરવી ન પડત, જેવી કે અસમર્થતા સિદ્ધ કરવા માટે સામાન્ય રીતે કહેવાય યા ગણાવાય છે. આનાથી આત્મવંચના સિવાય બીજું કાંઈ બનતું નથી. જેમનામાં કશુંક કરવાની ઉત્કૃષ્ટ અભિલાષા પણ હોય છે તેઓ (તેને માટે) કઠિનમાં કઠિન પરિસ્થિતિ વચ્ચે રહેવા છતાં પણ આટલું કંઈ કરી શકેછે,જેટલુંસાધનસંપન્નમાણસોથીપણનથીબની શકતું.

અમારા પરિજન હવે કેવળ પાઠક, દર્શક, સમર્થક અથવા સહાનુભૂતિ સમભાવનું પ્રદર્શન કરનાર માત્ર ન રહે, પરંતુ એક કદમ આગળ વધીને સક્રિયતાનું ઉત્તરદાયિત્વ સંભાળવા માટે આગળ આવે. આ અમારી જીવનરીતિ-નીતિને સર્વથા અનુરૂપ છે. અમે અમારા સાધના-તપશ્ચર્યાથી લઈને લોકોની સાથે સદ્ભાવના જોડવા સુધી બધાં પ્રયોજન-પ્રયાસ આ જ દષ્ટિએ કર્યાં છે કે લોકનિર્માણ માટે પોતાનાં તથા બીજાનાં સાધનોને અધિક માત્રામાં અધિક સચ્ચાઈની સાથે અધિક ભાવપૂર્ણ રીતે નિયોજિત કરી શકીએ. વ્યક્તિનું ભાવનાત્મક પરિવર્તન અને સમાજની દશામાં સુધારણા આજની સૌથી મોટી આવશ્યકતા છે. તેને ઈશ્વરીય ઈચ્છા પણ કહી શકાય. આને માટે અમારે જન્મ લેવો પડ્યો અને આદિથી અંત સુધી અમારી સમસ્ત ગતિવિધિઓને આ પ્રયોજન માટે સંલગ્ન-સમર્પિત કરવી પડી. સંસ્કારી આત્માઓને શોધીને અમારો પરિવાર બનાવ્યો. આ સમગ્ર પ્રયાસને સુવ્યવસ્થિત, સુસંચાલિત અને લક્ષ્યની દિશામાં અધિક તત્પરતાપૂર્વક આગળ વધતો જોવાની જે અભિલાષા રહેતી હોય તો તેને અયોગ્ય ન ગણવી જોઈએ.

નવયુગની યોજનાઓને બનાવતા રહેવાનો સમય હવે વીતી ગયો છે. હવે તો (તે પ્રમાણે) કરવાનું જ બાકી છે. વિચારણાને તત્પરતામાં બદલવાની ઘડી હવે આવી પહોંચી છે. ભાવનાઓનો પરિપાક સક્રિયતામાં થવાની પ્રતીક્ષા કરાઈ રહી છે. મૂંઝવણમાં જીવવાનો સમય નથી. તો હવે શું કરવું જોઈએ ? નવસર્જનના આ પાવન યજ્ઞમાં પોતાની આહુતિ કેવી રીતે આપવી જોઈએ ? આને માટે જ્ઞાનયજ્ઞની, વિચારક્રાંતિની વૈચારિક ક્રાન્તિની લાલ મશાલ જે જનમાનસના પરિષ્કાર માટે પ્રજ્વલિત કરાઈ હતી-તેના પ્રકાશને પ્રખર બનાવવા માટે તત્પર બનવું પડશે. આ પ્રખરતા આ મશાલમાં જે તેલમાંથી પ્રગટશે તે જાગૃત આત્માઓના ભાવપૂર્ણ ત્યાગ-બલિદાનથી જ પ્રાપ્ત કરી શકશે. વ્યક્તિ, પરિવાર અને સમાજની અભિનવ રચના માટે ન તો સાધનોની જરૂરત છે કે ન પરિસ્થિતિ અનુકૂળ થવા સુધી પ્રતીક્ષા કરવાની. તેને માટે તો એવી પ્રતિભાઓ જોઈએ, જેમની નસોમાં ભાવ સભર ઋષિનું રક્ત પ્રવાહિત થઈ રહ્યું હોય. તેને માટે જે ધાતુની આવશ્યકતા છે, તે ધાતુ આદર્શો પ્રત્યે અતૂટ નિષ્ઠાની ભઠ્ઠીમાં જ તૈયાર થાય છે, તે ધાતુ આદર્શો પ્રત્યે અતૂટ નિષ્ઠાની ભઠ્ઠીમાં જ તૈયાર થાય છે. આનાથી ઓછામાં ભાવનાત્મક નવસર્જન થઈ શકતું નથી. અષ્ટધાતુમાંથી ઢાળેલી પ્રાણવાન વ્યક્તિઓની જ આ દિવસોમાં આવશ્યકતા જણાઈ રહી છે. આ છદ્મવેશધારી લૂંટફાટ કરનારી અગાધ ભીડમાં ક્યાંક લપાઈને પડ્યા છે અથવા આત્મવિસ્મૃતિની ગર્તામાંથી ઉગરવાના હેતુથી યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. વિચાર ક્રાન્તિ અભિયાનની પ્રતિભા પરિષ્કાર યોજના, વિભૂતિ નિયોજન પ્રક્રિયા નિર્મિત એક વિરાટ ધર્મ અનુષ્ઠાનના સમાપન પર એક મહાપૂર્ણાહૂતિની વેળાના રૂપમાં સામે આવી છે. લોકસેવાના વ્યાપક ક્ષેત્રમાં કોણ જાણે કેટલા દંભી પાખંડી લાઈન લગાવીને બેઠેલા જોવા મળે છે. એન.જી.ઓના નામ પર સેવાનો દંભ કરતા જોવા મળે છે. પરંતુ પ્રકાશ તો હંમેશાં જલતા-પ્રગટતા દીપકોથી જ લાધે છે. દીપયજ્ઞોની આભામાં તેમને ઢંઢોળીને પુનઃ પ્રજ્વલિત કરાઈ રહ્યાં છે. સ્નેહનું ઘી તેમાં ઉમેરીને તેમની પ્રખરતાને જીવંત રાખવાનો પ્રયાસ યુગચેતના દ્વારા સંપન્ન થઈ રહ્યો છે.

વૃત્રાસુર, ભસ્માસુર, મહિષાસુર, હિરણ્યકશિપુ, રાવણ, કંસ, દુર્યોધન આદિ નામો તો છે જ અને તેમનો સમુદાય પણ રહ્યો જ છે. જેમાંના અનેક તેમના જ સ્તરની અવાંછનીયતાને ઉગ્ર બનાવવામાં યોગદાન કર્યું છે, પરંતુ આતંકની ચરમકોટિ સુધી પહોંચ્યા પહેલાં જ એવી વ્યવસ્થા નિર્મિત થઈ કે દુરાચારનું શમન કરનાર સાધન બન્યાં, નિશ્ચય કરીને ઊભા થયા અને જે આતંક પ્રલયકારી દેખાતો હતો તે પોતે પોતાના જ મોતે મર્યો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આ દિવસોમાં આપણે શું કરવું જોઈએ ?

આત્મસમીક્ષા પરિશિષ્ટનાં પાછલાં પાનાંઓમાં પૂજ્ય ગુરુદેવની અભિલાષા, ચિંતન, માર્ગદર્શન અને પીડાને આપણે સૌ ગંભીરતાથી ચિંતન, મનનની સાથે વારંવાર વાંચીને તેને હૃદયંગમ કરીએ. આપણા પરિચિત ગાયત્રી પરિવારના પરિજનો સાથે જ્ઞાનગોષ્ઠિનું આયોજન કરીએ અને આ મુદ્દાઓ પર પરસ્પર ચર્ચા કરીએ. ગોષ્ઠિમાં તે સૌને વાંચી સંભળાવીએ અને નિષ્પક્ષ ભાવે સ્વયં પોતાની સમીક્ષા કરીએ કે પૂજ્યવરની અભિલાષા અનુસાર આપણે આપણી પાત્રતા પ્રમાણિત કરવામાં કેટલા સફળ નીવડ્યા છીએ. જો આપણે માત્ર ગાયત્રી જપવામાં અને યજ્ઞ કર્મકાંડ કરાવવા સુધી જ સીમિત હોઈએ તો આપણને પોતાને ગુરુવરની કસોટીમાં અસફળ જ સમજીએ, ગાયત્રી જપવાની સાથે સદ્‌વિચારોનો પ્રસાર અને યજ્ઞની સાથે જ્ઞાનયજ્ઞને જોડવો જોઈએ. કર્મકાંડ તો પ્રારંભિક કાર્ય છે, તેનાથી આગળ વધીને સ્વયંને લોકસેવાનાં કાર્યો માટે સમર્પિત કરવાના હેતુથી આગળ આવવું જોઈએ. ગાયત્રી અને યજ્ઞના દર્શનને જીવનનું અનિવાર્ય અંગ બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણે નિરંતર એ ચિંતન કરવું જોઈએ કે આપણે યુગઋષિ પૂજ્ય ગુરુદેવના માનસપુત્ર-પુત્રીઓ છીએ. આપણું ચિંતન અને કર્મ તેમના વ્યક્તિત્વને અનુરૂપ જ હોવાં જોઈએ. આપનું વ્યક્તિત્વ જોઈને કોઈપણ એમ કહી શકે કે જેનો શિષ્ય આટલો મહાન છે તેનો ગુરુ કેટલો મહાન હશે ! આપણે એ સિદ્ધ કરી બતાવવું પડશે કે આપણે પૂજ્ય ગુરુદેવની આકાંક્ષાઓ પર ખરા ઊતર્યા છીએ. પૂજ્યવરની અભિલાષાઓની પૂર્તિ માટે આ દિવસોમાં આપણે નિમ્નલિખિત કાર્યોમાં પ્રાણપણે લાગી જવું જોઈએ.

(૧) આપણે ઉપાસના, સાધના અને આરાધના દ્વારા આપણા વ્યક્તિત્વનું નિર્માણ કરવું જોઈએ. આત્મપરિષ્કાર અને આત્મશોધન દ્વારા આપણી પોતાની પાત્રતા યુગનિર્માણના કાર્યકર્તાને અનુરૂપ વિકસિત કરવી જોઈએ. દોષ અને દુર્ગુણોથી રહિત શુદ્ધ, પવિત્રતા, સાદગી અને મિતવ્યયતા સાથે જીવન જીવવું જોઈએ. સાધના, સ્વાધ્યાય, સંયમ અને સેવાને આપણા દૈનિક જીવનમાં અનિવાર્ય એવું સ્થાન આપવું જોઈએ. અંશદાન અને સમયદાનનો ઉપયોગ જ્ઞાનયજ્ઞમાં કરવા માટે તત્પર બનવું જોઈએ. ઘેરે ઘેર યજ્ઞ અને સંસ્કાર કરાવીને આસ્તિકતાનું વાતાવરણ બનાવવું જોઈએ.

(૨) પાછલાં પૃષ્ઠોમાં પૂજ્યવરે નિર્દેશ કર્યો છે તે મુજબ અનીતિની વિરુદ્ધ સંઘર્ષ, લોકોનો આક્રોશ જાગૃત કરવાની નવી રણનીતિથી કરવામાં આવશે. આ માટે 'યુગસેના' બનાવવી અનિવાર્ય છે. દેશભરમાં ૩૫૦૦ યુગસેના સંગઠન ગાયત્રી પરિવારના કર્મઠ, લોકસેવક અને તત્પર પરિજનો દ્વારા બનાવામાં આવ્યું છે. જ્યાં આ સંગઠન ન બન્યાં હોય ત્યાં પરિજનોએ આવાં સંગઠનો અવશ્ય બનાવી લેવા જોઈએ. ભવિષ્યના કાર્યક્રમો આ જ સંગઠનોનાં માધ્યમો દ્વારા ચાલશે. સક્રિય સમયદાની પરિજનોએ ક્ષેત્રમાં પ્રવજ્યા કરીને આ સંગઠનો બનાવવાના પ્રયાસો કરવા જોઈએ. યુગસેના સંગઠનના ફોલ્ડર અને શપથપત્ર પત્રો લખીને ત્યાંથી મંગાવી લેવાં જોઈએ. સંગઠનની શક્તિ જ સફળતાનો આધાર બનશે. તેથી પરિજનોએ સંગઠન મજબૂત કરવાના પ્રયાસો કરવા જોઈએ. પૂજ્યવરના નિર્દેશ અનુસાર પ્રેમ અને આત્મીયતાની દોરથી સંગઠનની શક્તિ અને આકારમાં વૃદ્ધિ કરવાની છે.

(૩) આ સામયિકના 'યહ પત્રિકા ક્યોં પઢે ?' 'આ સામયિક શા માટે વાંચવું જોઈએ' માં યુગશક્તિ ગાયત્રી સામયિકની ઉપયોગિતા પૂજ્ય ગુરુદેવની કલમે વર્ણવવામાં આવી છે. આ સામયિક આગામી દિવસોમાં યુગસૈનિકોને માર્ગદર્શન માસિકની જવાબદારી નિભાવશે તેથી પરિજનો આપ્તજનોએ આ સામયિકના વધુમાં વધુ સભ્યો બનાવવાના કામમાં જોડાઈ જવું જોઈએ.

(૪) પૂજ્યવરે લખ્યું છે કે ઓછાં મૂલ્યની પોકેટ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બુકમાં વાચકોનું દિલ હલાવી નાખવાની ક્ષમતા છે. યુગચેતના સાહિત્યની ૩૦ પૈસાની કિંમતનાં પુસ્તકોમાં ગુરુદેવના આવા જ લેખો પ્રકાશિત કરવામાં આવ્યા છે. પરિજનોએ કરોડોની સંખ્યામાં આ પુસ્તકો સમાજને પહોંચાડચા છે. આવી ૨૨૦ પુસ્તિકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે. પરિજનોએ પોતાના અંશદાન, યજ્ઞ સંસ્કારોમાં મળેલ ધનરાશિથી તથા ભાવનાશાળીઓ દ્વારા પ્રાપ્ત અનુદાન રાશિ (ધન)ના ઉપયોગથી આ સાહિત્ય જન જન સુધી પહોંચાડવું જોઈએ.

(૫) બચપણમાં સીંચવામાં આવેલા સંસ્કાર અને કિશોરાવસ્થામાં લેવડાવેલા સોગંદ બહુ પ્રભાવશાળી હોય છે. પરિજનોએ વિદ્યાલયોમાં જઈ વિદ્યાર્થીઓને સંબોધવા જોઈએ અને પ્રેરણાદાયી દૃષ્ટાંતો, તર્ક, તથ્ય અને પ્રમાણોને આધારે વિદ્યાર્થીઓ પાસે જીવનભર કદી નશો ન કરવાના સોગંદ લેવડાવવા અને સાથો-સાથ સાદાઈથી દહેજ વિના લગ્ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવે, તો ગુરુદેવનું આ પ્રતિજ્ઞા આંદોલન ખૂબ સફળ થશે. આ ઉદ્દેશ માટે પ્રવચનની સામગ્રી તથા શપથપત્ર લખીને મંગાવી શકાય છે.

(૬) જ્ઞાનયજ્ઞની ત્રણ ક્રાન્તિકારી યોજનાઓ પૂજ્યવરના ચિંતનને જન-જન સુધી પહોંચાડવામાં બહુ સફળ રહી છે. પરિજન માત્ર ૧૫ મિનિટ દરરોજ સમયદાન શ્રીરામઝોળી પુસ્તકાલય ચલાવવામાં, એક રૂપિયો દરરોજ અંશદાન માતા ભગવતી સ્વયંસંચાલિત પુસ્તકાલય ચલાવવામાં તથા પોતાનાં માસિકો ગાયત્રી જ્ઞાનયજ્ઞ યોજના દ્વારા બીજાઓને વંચાવવામાં ઉપયોગ કરે.

(૭) આ માસિકનો લેખ 'યુગ વિભીષિકાઓના નિવારણ હેતુ યુગપ્રાર્થના' દ્વારા બધા પરિજનોને સદ્‌જ્ઞાનની પ્રાર્થના (સદ્‌જ્ઞાન પ્રભુ દે દીજિએ) એકલા તથા સમૂહમાં કરવાની પ્રેરણા આપવામાં આવી છે. પરિજનોને આ પ્રાર્થનાનાં પત્રક મોકલવામાં આવ્યા છે. ઓડિયો કેસેટ પણ તૈયાર કરવામાં આવી છે. સૌએ આ યુગપ્રાર્થનાને સ્થળે સ્થળે શરૂ કરાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

(૮) યુગનિર્માણ વિદ્યા પરિષદ્ પત્રાચાર પાઠ્યક્રમ અંતર્ગત જીવન જીવવાની કળા અને **સ્વસ્થ રહેવાની** કળા પાઠ્યક્રમ ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના **વાડજ,** અમદાવાદ ખાતે ચલાવવામાં આવે છે. **પરિજનોએ** પોતાને ત્યાં પત્રાચાર પાઠ્યક્રમનું કેન્દ્ર શરૂ કરવું **જોઈએ.**

આશા છે કે પરિજન આ ઉક્ત કાર્યોના માધ્યમથી પૂજ્ય ગુરુદેવના સાચા શિષ્ય, સાચા માનસપુત્ર, સાચા અનુયાયી અને તેમના અભિન્ન અંગ હોવાની પ્રામાણિકતા સિદ્ધ કરશે. આ જ પૂજ્યવર ગુરુદેવ પ્રત્યે આપણી સાચી શ્રદ્ધાંજલિ હશે.

*એક બ્રાહ્મણ પૂજા-ઉપાસના કરીને સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે ગંગાતટે ગયો, ઘરનું કામ છોડી દીધુ અને ભિક્ષા માગીને દિવસો વિતાવવા લાગ્યો.*

*એ તરફથી એક દૂરદર્શી ઋષિ નીકળ્યા. બ્રાહ્મણની માન્યતા અને ક્રિયા જોઈ દુઃખી થયા. તેને સમજાવવાનો ઉપાય વિચારવા લાગ્યા.*

*ઋષિ નદીમાં મુઠી ભરી ભરીને રેતી નાખવા લાગ્યા. એ બ્રાહ્મણ એ કૌતુક જોતો રહ્યો અને નજીક આવીને કહ્યું, ''આ શું કરી રહ્યા છો ?''*

*ઋષિએ કહ્યું, ''નદીપાર જવા માટે પુલ બનાવી રહ્યો છું.''*

*બ્રાહ્મણ હસ્યો અને કહ્યું, ''આ રીતે નહિ બને. એ માટે સાધન, શ્રમ, ધન અને કુશળતાની જરૂર છે. આ બધું હોય તો જ આ શક્ય બનશે.''*

*હવે સંતનો વારો આવ્યો. એમણે કહ્યું, ''આપ પણ માત્ર ભજનની મદદથી સિદ્ધિઓ પામવા માટે પૂજા સુધી અવલંબિત ન રહો, આત્મશોધન અને લોકસેવાની વાત પણ વિચારો. આનાથી ઓછામાં આપનો મનોરથ પણ પૂરો થવાનો નથી.''*

*ઋષિ સાંકેતિક શિક્ષણ આપીને જતા રહ્યા. બ્રાહ્મણે નવી કાર્યપદ્ધતિ અપનાવી અને ઉપાસનાની સાથેસાથે સાધના-આરાધનાનાં તત્ત્વોને જોડીને સાચા ધર્માવલંબી બન્યા.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉપાસનાનો આધાર અને પ્રભાવ

ઉપાસનાનો અર્થ છે સામીપ્ય. ઈશ્વર અને જીવમાં સામીપ્ય જ છે. ભગવાન કણ-કણમાં વ્યાપેલા હોય ત્યારે માનવીની કાયા અને ચેતનામાં પણ તે સમાયેલા કેમ ન હોય? જે પોતાનામાં ઓત-પ્રોત છે, તે દૂર કેવી રીતે ? અને જે દૂર નથી એના સામીપ્યનો શો અર્થ ?

સોબતનો, સામીપ્યનો પ્રભાવ સર્વવિદિત છે. ચંદનની નજીક ઊગેલાં ઝાડ-ઝાંખરા સુગંધિત થઈ જાય છે. કોલસાની અને સરૈયાની દુકાન પર બેસનારા કાજળનો ડાઘ અને સુગંધના છાંટા સાથે લઈને જાય છે. દુષ્ટોના સામીપ્યથી દુર્ગતિ અને સજ્જનોના સાંનિધ્યથી સદ્‌ગુણોની વૃદ્ધિ અને પ્રગતિની સંભાવના સાકાર થવી સર્વવિદિત છે. ઈશ્વર ઉત્કૃષ્ટતાઓનો ખજાનો છે. એમનું સામીપ્ય, ઉપાસનાથી એવી જ વિશિષ્ટતાઓ વધવી સ્વાભાવિક છે. સામીપ્યને અનુરૂપ ઢળવાનાં અસંખ્ય ઉદાહરણ સર્વત્ર મળે છે. વાતાવરણની પ્રભાવશક્તિને કોણ નથી જાણતું ? વ્યક્તિત્વનું સારું-ખોટું નિર્માણ કરવામાં વાતાવરણની ભૂમિકા અસાધારણ હોય છે.

ઉપાસનાનું ક્રિયાકર્મ આંતરિક અને બાહ્ય સ્તરોમાં ઉત્કૃષ્ટતાની વૃદ્ધિ કરનારું હોવું જોઈએ. બાહ્ય વાતાવરણ બનાવવામાં પૂજા-ઉપાસનામાં પ્રયુક્ત થનાર પ્રતીક-પ્રતિમા, એનો શૃંગાર, પૂજોપચારમાં પ્રયુક્ત થનાર પદાર્થ, સાધનસામગ્રી વગેરેનું સંમિલિત સ્વરૂપ પોતાનું કામ કરે છે. પૂજા-વેદીની નજીક બેસવાથી એવું લાગવું જોઈએ જાણે કોઈ અસાધારણ દિવ્ય પરિસ્થિતિમાં જઈ પહોંચ્યા. મંદિર, દેવાલય, પૂજાગૃહ, દેવીપીઠ, આરાધનાખંડને બનાવવામાં યોગ્ય વાતાવરણ બનાવવાનું તથ્ય જ પ્રધાન રૂપે કામ કરે છે. સાધના-ખંડમાં જતાં જ મન પોતાને પવિત્રતાની દિવ્ય પરિસ્થિતિઓમાં ઘેરાયેલ હોવાનો અનુભવ કરવા લાગે. સામાન્ય વાતાવરણથી ઉપાસનાખંડનું વાતાવરણ અલગ રાખવામાં આવે છે અને ત્યાં એવી પરિસ્થિતિઓ સર્જવામાં આવે છે, કે જ્યાં બેસવાથી ઉત્કૃષ્ટતાની અનુભૂતિ વધવામાં સુવિધા મળી શકે.

ઉપાસનાનો બીજો આધાર કર્મકાંડોનું ક્રિયાકર્મ અને ત્રીજો આધાર ભાવનાના ક્ષેત્રમાં દિવ્ય ચઢાવ જન્માવવાનો છે. આ બંનેય આધાર પોતપોતાની રીતે મહત્ત્વપૂર્ણ છે. એનાથી ચેતનાને બદલવા અને ઢાળવામાં અસાધારણ મદદ મળે છે.

ષોડશોપચાર દેવપૂજન આત્મશોધનનાં વિવિધ ક્રિયાકર્મ મન પર પ્રભાવ પાડે છે, એમાં વિચાર અને કર્મનો સમન્વય કરવો પડે છે. ચિત્ત પર સ્થિર સંસ્કાર પાડવા માટે અભીષ્ટ વિચારોની સાથેસાથે એનું પૂરક કૃત્ય હોવું જ જોઈએ નહીં તો કલ્પના કેવળ કલ્પના બનીને હવામાં ઊડી જાય છે. દરેક ક્ષેત્રમાં વિચાર અને કર્મનો સમન્વય જ પરિણામ પેદા કરે છે. ઉપાસનામાં ઈશ્વરીય સાંનિધ્યની કલ્પના જ નહીં, અનુભૂતિ જ અપેક્ષિત હોય છે. ભાવનિષ્ઠાને ક્રિયાન્વિત થતી જોઈને જ આવી મનઃસ્થિતિ બને છે. માટે એ વિચારવું પડે કે પરમેશ્વર પ્રત્યક્ષ જ, ખરેખર સામે જ બીરાજેલા છે અને એમની કોઈ જીવિત વ્યક્તિની જેમ જ અભ્યર્થના કરવામાં આવી રહી છે. આત્મશોધન અને દેવપૂજન બંને કર્મોમાં આવો ભાવ-સમન્વય થાય છે તે જો વેઠ ઉતારવા છીછરા મનથી કરવામાં આવ્યું હોય અને જેમ તેમ પરંપરાગત રૂઢિને વળગી રહેવામાં આવ્યું હોય તો વાત જુદી છે નહીં તો જે પ્રયોજન માટે આ પ્રચલન થયું છે એને ધ્યાનમાં રાખીને ચાલવામાં આવે, તો આંતરિક ક્ષેત્રમાં અભીષ્ટ નિષ્ઠા થશે અને લાગશે કે નિરાકાર પરમેશ્વર ધારણા કરતાં વધારે સઘન, અધિક સાકાર બનીને સામે આવ્યા છે.

ઉપાસનાનું ત્રીજું પ્રયોજન છે - મનઃક્ષેત્ર પર ઈશ્વરીય સાંનિધ્યની અનુભૂતિ ઘટાટોપની જેમ છવાઈ રહેવી. સામાન્ય જીવનમાં આત્મસત્તા શરીર રૂપે જ કામ કરે છે એવું વિચારવાથી જ આપણા પોતાના શરીરનો જ અનુભવ થવા લાગે છે. શરીર સાથે સંબંધિત સમસ્યાઓનો વિસ્તાર અત્યધિક છે. સફળતાઓ પોતાના રૂપનો પ્રભાવ પાડે છે. અસફળતા બીજા રૂપનો. લાભમાં એક પ્રકારનો અનુભવ થાય, નુકસાનમાં બીજા પ્રકારનો. એક સ્થિતિ પ્રિય લાગે છે તો બીજી અપ્રિય.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘણી ઓછી ક્ષણો આવે છે જેમાં ચિત્ત શાંત-સંતુલિત રહેતું હોય અને આત્મસત્તાની સાથે જોડાયેલી સમસ્યાઓને હલ કરવાની વાત સમજાતી હોય. એ જ કારણેઆપણેભૌતિક આવશ્યકતાઓ અને સમસ્યાઓને જ સર્વસ્વ માનીએ છીએ અને એની જ જંજાળમાં ફસાતા રહીએ છીએ. આત્મિક જીવનનું સ્વરૂપ પણ સામે આવી શકતું નથી, તો પછી એનું સમાધાન સૂઝે જ કેવી રીતે ? સ્પષ્ટ છે કે આત્મિક સમસ્યાઓનું સમાધાન થયા વિના ભૌતિક જીવનનો રસ પીવાતો નથી કે જીવન-લક્ષ્ય પૂરા કરવાની વાત બનતી નથી.

આપણી પાસે કેટલોક સમય એવો હોય, જેમાં ભૌતિક જીવનને એક રીતે સંપૂર્ણપણે ભુલાવી દેવાય અને એ ક્ષણોમાં ફક્ત આત્માના સ્વરૂપ જીવનલક્ષ્ય અને ઈશ્વર સાંનિધ્ય સિવાય બીજી કોઈ સૂઝ પડે નહીં. એ જરૂરી છે. આ જ ઉપાસના કાળ છે. ઉપાસના સાચી હોય કે ખોટી એની ઓળખ એટલી જ કે એ ક્ષણોમાં મનઃક્ષેત્ર પર આત્મિક સ્તરનું ચિંતન છવાયેલું રહે છે કે ભૌતિક સ્તરનું. જો સાંસારિક મનોકામનાઓની ઊથલ-પાથલ મચી રહે અને ઈષ્ટદેવ પાસેથી જાત-જાતનાં ભૌતિક વરદાન પામવાની લાલચ થતી રહે તો સમજવું જોઈએ કે આ ઉપાસના-કૃત્ય પણ વિશુદ્ધ રૂપે ભૌતિક છે. એનાથી આત્મ-પ્રગતિ જેવો કોઈ લાભ મળી શકશે નહિ. જો એટલો સમય શરીર વિના, ભૌતિક પ્રભાવોથી મુક્ત, જ્યોતિર્મય આત્મા જ ધ્યાનમાં છે અને એમાં મહાજ્યોતિની સાથે સમન્વિત થઈ જવાની, દીવા-પતંગિયા જેવી આકાંક્ષા ઊઠી રહી છે, તો સમજવું કે ઉપાસનાનું સાચું સ્વરૂપ અપનાવી લીધું અને તેનાથી અભીષ્ટ હેતુ પૂરો થવાની સંભાવના બની રહી છે.

ઉપાસના સમયે સાંસારિક વિચાર ન આવે, એનો એક જ ઉપાય છે કે એ ક્ષણો માટે એક નિર્ધારિત વિચારપદ્ધતિ સામે રહે. એવું તો ઘણા સમયના અભ્યાસ અને એકાગ્રતા પર જ સંભવિત છે. આરંભમાં દશ્યમુક્ત ચિંતન મનઃક્ષેત્ર પર છવાયેલું રહે, એવો જ અભ્યાસ લઈને ચાલવું જોઈએ. 'ધ્યાન' એને જ કહે છે. ઉપાસનામાં ધ્યાન જરૂરી છે. જો એને છોડીને માત્ર ક્રિયાકર્મ જ કર્યા કરીએ તો મન અહીંતહીં નાસતું રહેશે, અને કમને શરીર-કર્મ પૂજા-પાઠના નામે પોતાની લંગડી-લૂલી ગાડી ઘસડી રહ્યું હશે.

ધ્યાન સાકાર અને નિરાકાર બે પ્રકારના કહેવાયાં છે. એકમાં ભગવાનની અમુક મનુષ્યાકૃતિને માનીને ચાલવામાં આવે છે, બીજામાં પ્રકાશ-પુંજની આસ્થા દઢ કરવામાં આવે છે. તાત્ત્વિક દષ્ટિએ આ બંનેય સાકાર છે. સૂર્ય જેવો મોટો અને પ્રકાશબિંદુ જેવો નાનો આકાર ધ્યાનમાં રાખવો એ પણ એક પ્રકારનો આકાર જ છે, ફરક એટલો છે કે એની મનુષ્ય જેવી આકૃતિ નથી. ધ્યાન માટે ઈશ્વરની, પરમ લક્ષ્યની આકૃતિ બનવી જરૂરી છે. એમ તો નાદયોગ, સ્પર્શયોગ, ગંધયોગને આકૃતિરહિત કહેવાય છે, પણ એમ વિચારવું અયોગ્ય છે. નાદયોગમાં શંખ, ઘંટ, ઘડિયાળ, વીણા વગેરેનો અવાજ સંભળાય છે. પણ અનિચ્છાએ જ તે વાદ્યયંત્રો કલ્પનામાં આવતાં રહે છે. જેમાંથી તે અવાજ નીકળે છે. એ રીતે ગંધ-ધ્યાનમાં માત્ર ગંધ પર જ ચિંતન એકાગ્ર થઈ શકતું નથી. જે ફૂલની તે ગંધ છે, એની આકૃતિ પણ અનિચ્છાએ સામે આવે છે. ધ્યાનમાં આકૃતિથી પીછો છોડાવવાનું શક્ય બનતું નથી. કોઈએ સાકાર-નિરાકારના વિતંડાવાદમાં પડ્યા વિના ધ્યાન ધારણાના આધારે આત્મચિંતનનું પ્રયોજન પૂરું કરવું જોઈએ.

શંકર, દુર્ગા, હનુમાન, ગણેશ, સૂર્ય, રામ, કૃષ્ણ, સરસ્વતી, લક્ષ્મી, ગાયત્રી વગેરેની કોઈપણ પ્રિય આકૃતિ સાકાર ધ્યાન માટે પસંદ કરી શકાય છે, પણ એમ ન વિચારવું જોઈએ કે આ બીજી કોઈ દેવસત્તાથી અલગ છે. એક જ મનુષ્યનાં અનેક ચિત્ર, પોઝ કે સંબોધન હોઈ શકે છે. એવી જ રીતે જગતમાં એક જ સંવ્યાપ્ત ચેતનાનાં અનેક નામ-રૂપ રાખી શકાય છે, પણ કોઈ આકૃતિને બીજી આકૃતિઓથી અલગ માની શકાતી નથી. આ ભિન્નતાની માન્યતાએ અનેકદેવવાદની સાથે અનિચ્છનીય વિગ્રહ જન્માવ્યા છે અને મૂળ પ્રયોજનને લથડાવી નાખ્યું છે.

સાકાર ઉપાસનામાં ઈષ્ટદેવની નજીક, ખૂબ નજીક રહેવાની અને એની સાથે લપેટાઈ જવાની, ઉચ્ચ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રકારના પ્રેમના આદાનપ્રદાનની ઊંડી કલ્પના કરવી જોઈએ. એમાં ભગવાન અને જીવ વચ્ચે માતા-પુત્ર, પતિ-પત્ની, મિત્ર-સહોદર, માલિક-નોકર જેવો કોઈપણ સઘન સંબંધ માની શકાય છે, એનાથી આત્મીયતાને વધુ ને વધુ ઘનિષ્ઠ બનાવવામાં મદદ મળે છે. લોક-વ્યવહારમાં સ્વજનોની વચ્ચે આદાન-પ્રદાન ઉપહાર અને ઉપચારની જેમ ચાલે છે. મન, વચન, કર્મથી ઘનિષ્ઠતા અને પ્રસન્નતા વ્યક્ત કરવામાં આવે છે. ભક્ત અને ભગવાનની વચ્ચે સઘન આત્મીયતાની અનુભૂતિ પેદા કરનાર આદાન-પ્રદાન ચાલવાં જોઈએ. ભક્ત પોતાની અહંતાને ક્રિયા, વિચારણા, ભાવના અને સંપત્તિને ભગવાનના ચરણે સમર્પિત કરી વિચારે છે, એ બધો વૈભવ એ દિવ્ય સત્તાની અમાનત છે. એનો ઉપયોગ વ્યક્તિગત વાસના, તૃષ્ણા માટે, ઈશ્વરીય પ્રયોજનો માટે કરવામાં આવે છે. તે પોતે તો માત્ર ખજાનચી (સ્ટોરકીપર) જ છે.

ધ્યાનનો એકમાત્ર હેતુ, ભગવાન અને ભક્તની વચ્ચે એકાત્મભાવની સ્થાપના કરવાનો છે, માત્ર કોઈ આકૃતિનું ધ્યાન-ચિત્ર જોવાથી જ કામ સરતું નથી. ભક્ત પોતાના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરોની ક્રિયા, વિચારણા અને ભાવનાને ઈશ્વર-અર્પણ કરી એને માત્ર દિવ્ય પ્રયોજનોમાં જોડવાનો સંકલ્પ દૃઢ કરે છે. એની સાથેસાથે ભૌતિક ધનસંપત્તિ તો અર્પણ થઈ જ જાય છે. **સમર્પણનું તાત્પર્ય વ્યક્તિગત - ભૌતિક મહત્ત્વાકાંક્ષાઓની સમાપ્તિ અને એના સ્થાને ઈશ્વર ઈચ્છાની, ઉચ્ચ આદર્શોની પોતાના ઉપર નિયંત્રણ કરનાર સ્થાપના છે. આ માન્યતાને અંતઃકરણમાં યથાર્થવાદી નિષ્ઠા સાથે સ્થાપિત કરવી એને આત્મસમર્પણ કહે છે. ધ્યાન દ્વારા આ નિષ્ઠાને પરિપક્વ કરવામાં આવે છે.**

ધ્યાન સાધનાનું વ્યાવહારિક રૂપ એટલું જ છે કે ભક્ત અને ભગવાનની વચ્ચે ઉચ્ચસ્તરીય આદાન-પ્રદાન ચાલવું જોઈએ. ભક્ત પોતાની બધી આકાંક્ષાઓને અને સંપદાઓને ઈશ્વર માટે સમર્પિત કરે છે અને એના બદલામાં તે જે બધું મેળવે છે તે ઈશ્વર પોતે જ છે. મનુષ્યને સમજાવવામાં ઈશ્વરીય સત્તા પોતાની અનુભૂતિને આનંદ અને ઉલ્લાસ રૂપે છોડે છે.

ઈશ્વર-દર્શનની બાબતમાં આ ભ્રાંત ધારણા દૂર કરવી જોઈએ કે સપનામાં કે જાગૃતિમાં ઈષ્ટદેવની કોઈ આકૃતિની ઝાંખી મળે છે અથવા પ્રકાશ વધારે દેખાય એવા કોઈ ચિત્ર-વિચિત્ર દૃશ્ય નજરે પડે છે. જો આવું કોઈને થતું હોય તો એને ઝાડીનું ભૂત, દોરડાનો સાપ દેખાય તેમ પોતાના સંકલ્પોની માનસિક પ્રતિક્રિયા સમજવી જોઈએ. આ સત્યને હજારવાર હૃદયંગમ કરી લેવુ જોઈએ કે જો ઈશ્વરનો જીવનમાં સમાવેશ થયો તો આદર્શવાદી આકાંક્ષાઓ પ્રાણપ્રિય પ્રતીત થવા લાગે છે અને તદનુરૂપ ગતિવિધિઓ અપનાવવાથી મળનાર આનંદ-ઉલ્લાસની અનુભૂતિનું સ્તર જ ઈશ્વરપ્રાપ્તિનું એકમાત્ર પ્રમાણ છે.

નિરાકાર ધ્યાનમાં ઘણુંખરું બધે સૂર્યપ્રકાશને જ માધ્યમ બનાવવામાં આવે છે. પ્રભાતકાળના ઊગતા સૂર્યનાં સવિતા દેવતાના પ્રતીક રૂપમાં દર્શન, એનાં દિવ્ય કિરણોનો શરીર, મન અને અંતરાત્મામાં પ્રવેશ અને પ્રવેશની સત્કર્મ, સદ્જ્ઞાન અને સદ્ભાવના રૂપમાં પ્રતિક્રિયા. આ જ વર્તુળમાં નિરાકાર ધ્યાનની ધારણા પરિભ્રમણ કરે છે. યજ્ઞાગ્નિ રૂપી ઈશ્વરમાં આહુતિ દ્રવ્યની જેમ જીવ સત્તાનું સમર્પણ, નાળાનું ગંગામાં, ટીપાંનું સમુદ્રમાં સંપાદન, દીપજ્યોતિનું સૂર્યજ્યોતિમાં વિલીન થવું. અર્ધ્યજળનું વરાળ બનીને વ્યાપક ક્ષેત્રમાં ફેલાવું, પતંગિયાનું દીવાને સમર્પણ જેવાં કેટલાંય દ્રશ્ય-ચિત્ર કલ્પના ક્ષેત્રમાં બનાવી શકાય છે.

ઉપાસનાના આ આધારો અપનાવી ગાયત્રી મંત્રના સહારે અથવા કોઈ અન્ય આધાર લઈને ઈશ્વરની સાકાર અથવા નિરાકાર જે પણ ઉપાસના અપનાવાશે, એ નિશ્ચિતપણે સફળ થશે અને સત્પરિણામ આપશે.

**જેને જેટલી વધુ તૃષ્ણા, તે તેટલો વધારે આપતિગ્રસ્ત છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાપુરુષોના નિર્માણમાં સમર્થ ભારતીય નારી

ભારતનો ઈતિહાસ મહાપુરુષો, સંતો, વિદ્વાનો અને વીરોથી ભરેલો છે. અહીં પુત્રે પોતાના પિતાથી પણ વધુ ઉન્નતિ કરી, એટલે સુધી કે કાયર અને નાસમજ પિતાના સંતાન પણ વીર અને વિદ્વાન થયાં. એનું એકમાત્ર કારણ છે કે અહીંની નારીઓ જાગૃત અને સંતતિ નિર્માણમાં ચતુર છે.

એ સાચું છે કે કોઈ વ્યક્તિ જન્મજાત મહાન હોતી નથી. જો કે પૂર્વજન્મના સંસ્કાર એને ઊંચો લાવવામાં જરૂર સહયોગ આપે છે, અને એ પણ જ્યારે એને વ્યક્ત અને પ્રગટ થવાનો મોકો મળે ત્યારે જ. ભારતની નારી એ સંસ્કારને સિંચવામાં જ નહીં, નવા સંસ્કાર પાડી આ જ જીવનમાં ઊંચા ઉઠાવવામાં પણ કુશળ છે.

અભિમન્યુ, બુદ્ધ, મહાવીર વગેરે મહાપુરુષોનું નિર્માણ તો ગર્ભકાળમાં જ થઈ ગયું હતું. એ સમયના વિચાર અને સંકલ્પ મનઃસંસ્થાનને અનિવાર્ય રૂપે પ્રભાવિત કરે છે.

બુદ્ધની માતા જો કે બાળકને જન્મ આપીને જ મૃત્યુ પામી હતી, તો પણ એ પહેલાં એમની આધ્યાત્મિક આત્મસાધનાનો પ્રભાવ ગર્ભમાં રહેલા બાળક પર તો પડ્યો જ. ઋષિમુનિઓના આશ્રમોમાં નિવાસ, ત્યાંના પવિત્ર વાતાવરણમાં રહેવાનો પ્રભાવ મેળવીને જ જન્મ લેનાર બાળક આગળ જતાં સંસારનું કલ્યાણ કરનાર મસીહા (ભગવાન) બની ગયો.

લિચ્છવી વંશની ક્ષત્રિય પરંપરામાં મહાવીર જેવા અહિંસાના અનુયાયી અને ઉપદેષ્ટાનો જન્મ ખરેખર આશ્ચર્યજનક લાગે છે, પરંતુ એનું શ્રેય પણ એની માતાને જ મળે છે. માંસ-ભક્ષથી વિરત, સૌમ્ય અને સાત્ત્વિક જીવન પ્રત્યે લગાવ વગેરે પ્રવૃત્તિઓના પ્રભાવ -પરિણામે જ એના પુત્રને મહાવીર બનાવ્યો.

બાળક જન્મ લીધા પછી એના પાલન-પોષણમાં આદર્શો અને આધ્યાત્મિક સિદ્ધાંતો પ્રત્યે દૃઢનિષ્ઠાએ બાળકને મહાનતાને પસંદ કરવાની પ્રેરણા આપી. ચંદ્રગુપ્ત મૌર્ય, રાણા સાંગા, મહારાણા પ્રતાપ, વીર શિવાજી, મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ, રાજર્ષિ ટંડન, બાબુ રાજેન્દ્રપ્રસાદ, મહામના માલવીયાજી, વિનોબા ભાવે, મહર્ષિ કર્વે, સ્વામી દયાનંદ, સ્વામી વિવેકાનંદ અને જવાહરલાલ નહેરુ જેવી સેંકડો વિભૂતિઓ માતૃશક્તિનું જ વરદાન હતી. જો એમની માતાઓએ પોતાના પુત્રોને રાષ્ટ્રસેવા અને સમાજ નિર્માણની દિશામાં આગળ ન કર્યા હોત તો કદાચ આ મહાનુભાવો પણ બીજા લોકોની જેમ પેટ અને પ્રજનનના સામાન્ય ધોરણે જીવન જીવતા હોત.

મેવાડના રાજપૂત ઈતિહાસમાં રાણા સાંગાનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિમાં તન્મય રહેનારી મીરાં એના પૂર્વજોમાં હતી. રાજા કુંભના ઉત્તરાધિકારીઓમાં મહારાણા સંગ્રામસિંહ જ તેજસ્વી અને પ્રભાવશાળી સર્વાધિક વીર પુરુષ મનાતા હતા. રાણા સાંગાની માતાએ રાજસ્થાનની તત્કાલીન દુર્દશાને સારી રીતે જોઈ-જાણી હતી. સંગ્રામસિંહ ગર્ભમાં આવ્યા પછી એમણે નિશ્ચય કર્યો કે એવા સંતાનને જન્મ આપવો છે કે જે આ ઘોર અંધકારના વાતાવરણમાં પ્રકાશનું કામ કરી શકે. સાત્ત્વિક યોજના, વીરોચિત વેશભૂષા અને સાહસિક વિચારોની મનમાં વારંવાર પ્રતિષ્ઠા કરી એમણે ખરેખર જ એવા તેજસ્વી સંતાનને જન્મ આપ્યો.

પછી પણ સંગ્રામસિંહને ઐતિહાસિક ઘટનાઓ અને કથા-વાર્તાઓ સંભળાવી નિશ્ચિત દિશામાં પ્રેરણા આપવામાં આવી. એ પ્રેરણાના પરિણામે રાણા સાંગા આગળ જતાં ભારતના ઈતિહાસમાં સ્વતંત્રતાના અમર પૂજારી સિદ્ધ થયા.

એમના જ વંશમાં જન્મેલા મહારાણા પ્રતાપ મર્યાદા-અભિમાની અને સ્વતંત્રતાના ઉપાસક બન્યા. રાણા પ્રતાપના પિતા પોતાની કુળપરંપરા અનુસાર વીર અને સાહસિક નહોતા. ચિત્તોડગઢ હારીને એમને અરવલ્લીના ડુંગરોમાં જતું રહેવું પડ્યું હતું. અહીં એમની પત્નીએ પ્રતાપસિંહને જન્મ આપ્યો. પ્રયત્નપૂર્વક પોતાના પુત્રને એમાથી એવું વાતાવરણ આપ્યું જેમાં સાહસ, શૌર્ય, સ્વાભિમાન અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેશભક્તિની ભાવના વિકસી શકે. એનું એણે ખૂબ ધ્યાન રાખ્યું અને પોતાના પુત્રની સામે, ક્યારેય કોઈની સામે ન ઝૂક્યાં કે જેથી પ્રતાપસિંહને ઝૂકવાની કે સમજૂતી કરવાની ટેવ પડી ન જાય.

આટલા સમાધાન પાલન-પોષણના પરિણામે જ મહારાણા પ્રતાપે ઘાસની રોટલી પાંદડાં પર ખાઈનેય અકબરની અધીનતા ન સ્વીકારી.

શૌર્ય અને ધર્મનિષ્ઠાના પ્રતીક છત્રપતિ શિવાજીના પિતા આદિલ શાહના સૂબેદાર હતા. એમની માતાએ પોતાના પુત્રને એ કારણે પિતા પાસે ખાસ એટલા માટે ન મોકલ્યો કે ક્યાંક પુત્ર પર ગુલામીના સંસ્કાર ન પડે. તે સ્વભાવથી વીર અને હૃદયથી ધર્મનિષ્ઠ નારી હતી. પોતાના પુત્ર પાસેથી પણ એને એ જ અપેક્ષા હતી કે તે વીર, સાહસિક અને ધર્મનિષ્ઠ બને. માટે હાલરડામાં વીરરસના ગીત અને વાર્તાઓમાં ઈતિહાસ-પુરાણોની કથાઓ સાંભળવાનું શરૂ કરી દીધું. શિવાજીને હિંદુ-રાજ્યનું સ્વપ્ન એણે જ આપ્યું અને એ સાકાર કરવા યોગ્ય સામાજિક શિક્ષા-દીક્ષા આપી. એથી જીજાબાઈ જેવી વિદુષી અને ધર્મપરાયણ સન્નારીનો પુત્ર પણ ધીર, વીર અને ધર્મરક્ષક બન્યો. શિવાજીની નિર્વિકાર મનોભૂમિમાં વાવેલાં બી જીવનભર પલ્લવિત-પુષ્પિત થતાં રહ્યાં.

મહાપુરુષોના ઉદ્ભવ અને વિકાસમાં માતાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભારતની શાશ્વત પરંપરા રહી છે. અન્ય પરંપરાઓમાં ભલે સુધારા અને ક્ષીણતા આવતી રહી હોય, પરંતુ આ કદી તૂટી નથી.

આધુનિક કાળમાં પણ ભારતની નારીએ સેંકડો વિભૂતિઓ આપીને દેશ અને સમાજનું મસ્તક ઊંચું કર્યું છે. કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના સંસ્થાપક ધર્મપ્રાણ મહામના મદનમોહન માલવિયાને શિક્ષણનું મહત્ત્વ ત્યારે સમજાયું, જ્યારે એમની માતા એને ભણાવવા માટે પોતાના દાગીના અને કપડાંને ગીરો મૂક્યા કરતી હતી. ધર્મપ્રચારની પ્રેરણા પણ માલવિયાજીને પોતાની માતા દ્વારા જ મળી હતી.

રાજર્ષિ ટંડનને રાષ્ટ્રપ્રેમ અને તદ્નુકુળ ક્રિયાકલાપ તથા નિર્વાહના શિક્ષણનું શ્રેય પણ એની માતાને જ મળે છે. અંગ્રેજ છોકરાઓ દ્વારા એની છેડછાડ કરવાથી ખરાબ રીતે મારામારી કરનાર ટંડનની પીઠ એની માએ જ થાબડી હતી. માની પ્રેરણા અને પ્રોત્સાહન પામીને ટંડન આજીવન નીડરતાના ઉપાસક બની ગયા. આધ્યાત્મિકતા તરફ ઝૂકીને સંન્યાસ ગ્રહણ કરવા માટે દૃઢનિશ્ચયી સુભાષચંદ્ર બોઝને એમની માતાએ જ દેશભક્તિ અને સમાજસેવાની દીક્ષા આપી હતી.

મહાત્મા ગાંધીના નિર્માણમાં એમની માનું યોગદાન પણ ઉલ્લેખનીય છે. નાનપણથી જ ધર્મ, પુરાણ અને ઉપનિષદની કથાઓ સંભળાવી એમણે પોતાના લાડકા મોહનની ધાર્મિક આસ્થાઓને પકવ બનાવી હતી. વિદેશમાં માંસ ન ખાવાની, દારૂ અને વ્યભિચાર ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી ગાંધીજીના વ્યક્તિત્વનું ઘડતર એમની મા સિવાય બીજા કોણે કર્યું ? એમણે પોતે પણ ઘણી જગ્યાએ પોતાની માતાથી પ્રભાવિત થયાના ઉલ્લેખો કર્યાં છે.

ધર્મપરાયણ માતા રુકમણીબાઈએ તો દેશને ત્રણ ત્રણ રત્નો આપ્યાં. વિનોબા, બાલકોબા, અને વિઠોબા. ત્રણેય સમાજસેવાના ક્ષેત્રમાં સદા અગ્રેસર રહ્યા. પોતાની માતાના ધાર્મિક શિક્ષણે નાનપણમાં જ વિનોબાના મોંઢે કહેવડાવ્યું ''ડોમ, મહાર અને ચમાર નીચ નથી.'' ભગવાનને સર્વવ્યાપી માનીને પૂજા કરતી માતા રુકમણીએ વિનોબા ભાવેને ''ઈશાવાસ્યમિદં સર્વં''ના ઉપાસક બનાવ્યા હતા.

આદિકાળથી આજદિન સુધી ભારતની નારીઓએ દેશને અમૂલ્ય રત્ન આપ્યાં છે. આપણી સંસ્કૃતિમાં માતૃશક્તિને આટલું મહત્ત્વપૂર્ણ સ્થાન કદાચ એટલા માટે આપ્યું છે કે તે આપણા ગૌરવનો આધાર રહી છે. માતૃશક્તિની ગરિમાને જ્યાં સુધી અજેય બનાવી રાખવામાં આવશે ત્યાં સુધી આ સંસ્કૃતિ અને અહીંની ભૂમિ પણ વિભૂતિઓને જન્મ આપતી રહેશે.

❋ ❋ ❋

*મનુષ્યની શ્રેષ્ઠતાની પરીક્ષા એના આચરણથી થાય છે. જાણકારી હોવી એ સારી વાત છે, પણ એના આધારે આચરણ ન કરાય તો તે જ્ઞાન પણ નિરર્થક થઈ જાય છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુવાનોની આ અંકુશહીનતા આપણને ક્યાં લઈ જશે

એક સમય હતો જ્યારે આપણાં યુવાનોના આદર્શ, સિધ્ધાંત, વિચાર, ચિંતન અને વ્યવહાર બધું જ ભારતીય સંસ્કૃતિના રંગે રંગાયેલું હતું. તેઓ જાતે જ આપણી સંસ્કૃતિના સંરક્ષક હતા, પરંતુ આજે પશ્ચિમની ઉપભોગવાદી સંસ્કૃતિની ઝાકઝમાળથી ભરમાઈ ગયેલા યુવાન વર્ગને ભારતીય સંસ્કૃતિનું અનુસરણ કરવું તે પછાતપણાનો અહેસાસ કરાવવા માંડ્યું છે. આજે અંગ્રેજી ભાષા અને અંગ્રેજી સંસ્કૃતિના રંગમાં રંગાવાની વાતને જ આધુનિકતાનો પર્યાય માનવામાં આવે છે.

જે યુવાન પેઢી ઉપર દેશના ભવિષ્યની જવાબદારી છે, જેની શક્તિ વડે રચનાત્મક સર્જન થવું જોઈએ તેની પસંદગીમાં નકારાત્મક દષ્ટિકોણ છવાઈ ગયો છે. સંગીત હોય કે સૌંદર્ય, પ્રેરણાસ્ત્રોતની વાત હોય કે રાજનીતિનું ક્ષેત્ર કે પછી સ્ટેટસ સિંબોલની વાત હોય, બધી જ જગ્યાએ યુવાનોની પશ્ચિમી સંસ્કૃતિ તરફ ઢળેલી નકારાત્મક વિચારધારા સ્પષ્ટ દેખાવા માંડી છે.

આજે મહાનગરોની સડકો પર દોડતી કારોનું સર્વેક્ષણ કરીએ તો ખબર પડે છે કે મોટાભાગની કારો ઝડપી ગતિમાં જે સંગીત વાગી રહ્યું છે તે પોપ સંગીત છે. યુવાનવર્ગ માટે તે વગાડવું એ દુનિયાની સાથે ચાલવાની નિશાની બની ગયેલ છે. તેઓના મત પ્રમાણે "જિંદગીમાં ઝડપ લાવવી હોય અથવા કાંઈક સારી રીતે કરવું હોય તો 'ગો ઈન સ્પીડ' અર્થાત પોપસંગીત સાંભળવું એ ઝડપ લાવવામાં મદદરૂપ છે." આપણને સાંસ્કૃતિક વારસામાં મળેલા શાસ્ત્રીય સંગીત કે લોક સંગીતના સ્થાને પોપ સંગીતને સ્થાપિત કરવાનો નિર્ણય યુવાન પેઢીએ કરી લીધો છે.

નવાં ગીતો તો બની જ રહ્યાં છે, સાથે સાથે જૂનાં ગીતોને પણ પોપ સંગીત મિશ્રિત નવાં રંગ-રૂપ આપીને શ્રોતાઓ સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યાં છે. આજે બજારની એ સ્થિતિ છે, કે નવી ફિલ્મોનાં ગીતોની 'રિમિક્સ' એટલે કે ઝડપી સંગીત ઉમેરેલી કેસેટ આવી ગયા પછી સામાન્ય કેસેટના વેચાણમાં ઘણી બધી મંદી આવી ગઈ છે. બધું જ પોપમાં ઢાળીને યુવાનોને પીરસવામાં આવી રહ્યું છે અને યુવાનો તેને પસંદ પણ કરી રહ્યાં છે. વિદેશી સંગીત ચેનલ, એમ ટી.વી. તથા ચેનલ વી મોટાભાગના યુવાનોની પહેલી પસંદગી છે. આ સંગીત ચેનલોનો કળાદર્શક વર્ગ લગભગ ૧૫થી ૩૫ વર્ષના યુવાનો છે. જાન્યુઆરી ૧૯૯૬માં શરૂ થયેલી આ ચેનલોએ સુનિયોજિત પદ્ધતિથી ભારતીય યુવાનોને પોપ કલ્ચર પાછળ પાગલ બનાવી દેવાનું નક્કી કરી લીધું છે અને તેઓ તેમાં સફળ પણ થયા છે.

આજે યુવાનોમાં "સૌંદર્ય"ના માપદંડ અને પ્રયોજન પણ બદલાઈ ચૂક્યાં છે. દુનિયાભરના વિભિન્ન દેશોમાં પોતાની સુંદર કન્યાઓની વાર્ષિક પસંદગી હરીફાઈ વડે સૌંદર્યનું વ્યવસાયીકરણ હવે થઈ ચૂક્યું છે. સુંદર દેખાવાની તથા તેના વડે લાભ ઉઠાવવાની આકાંક્ષાએ યુવતીઓમાં ગમે તે પ્રકારે સુંદર દેખાવાની પ્રબળ લાલચ પેદા કરી દીધી છે. પહેલાં જ્યાં દયા, ક્ષમા, કરુણા, મમતા, લજ્જા વગેરે નારી સૌંદર્યનાં અવિભક્ત અંગ ગણાતાં હતાં, ત્યાં હવે માનસિક અંકુશહીનતા અને શારીરિક નગ્નતા સૌંદર્ય અભિવ્યક્તિ માટેની અનિવાર્ય શરત બની ચૂકી છે.

આ ફેરફાર ફક્ત બાહ્ય ક્રિયાકલાપો સુધી જ સીમિત નથી. આજે યુવાનોનાં આંતરિક મૂલ્ય તથા સિદ્ધાંતો પણ બદલાઈ ગયાં છે અને આ ફેરફારનો એકમાત્ર ઉદ્દેશ્ય ધન કમાવવાનો જ રહ્યો છે. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે સફળ એવી દરેક વ્યક્તિ તેમનો પ્રેરણાસ્રોત છે, એમની દષ્ટિમાં સફળતાની માત્ર એક જ પરિભાષા છે - ધન અને મોભો, ભલે તે કોઈપણ ક્ષેત્રમાં હોય. આ માટે તેઓ ગમે તે કરવા તૈયાર છે.

રાજનીતિનું ક્ષેત્ર પણ યુવાનોમાં આવેલા માનસિક પરિવર્તનથી પ્રભાવિત થયા વગર નથી રહ્યું. ઈતિહાસ પર નજર નાંખીએ તો ખબર પડે છે કે ભારતીય સ્વતંત્રતા સંગ્રામ સંપૂર્ણ રીતે યુવાનોના જ ત્યાગ-બલિદાન, સાહસ તથા તરવરાટની કથા છે. અંગ્રેજોના શોષણ, દમન તથા હિંસા ભરેલી રાજનીતિમાંથી ભારતને મુક્ત કરાવવાનું શ્રેય યુવાનોને જ જાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભારતીય રાજનીતિના ચમકતા સૂર્યને જ્યારે આપત્તિકાળનું ગ્રહણ લાગી ગયું ત્યારે આ યુવાન પેઢીએ જ ભયાનક-અત્યાચારો સહન કરીને લોકતંત્રનું રક્ષણ કરવા માટે પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું હતું. આજે જ્યારે પરિસ્થિતિઓ અને પડકારો પહેલાં કરતાં પણ વધારે મુશ્કેલ છે. ભારતીય રાજનીતિ ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે, દેશ આર્થિક ગુલામીના સંકટ તરફ ધસી રહ્યો છે, ત્યારે ભ્રષ્ટાચાર અને ખોટા શાસનનો સામનો કરવાને બદલે સમાધાનકારી દષ્ટિકોણ યુવાનોનો સિદ્ધાંત બની ગયો છે. ઉપભોગવાદની આંધળી દોડમાં આજના યુવાનોની મહત્ત્વાકાંક્ષાઓ ફક્ત ભૌતિક સુખ-સુવિધાઓ એકઠી કરવા સુધી જ સીમિત રહી છે. એમના ભોગવિલાસ ભરેલા જીવનમાં મૂલ્યો તથા સંઘર્ષો માટે ક્યાંય કોઈ સ્થાન નથી રહ્યું.

ભારતીય સંસ્કૃતિમાં હંમેશાં મહેનત, લગની, સચ્ચાઈનું મૂલ્યાંકન થતું આવ્યું છે, પરંતુ આજે યુવાનોનું કહેવાતું સ્ટેટસ સિમ્બોલ, બદલાઈ ચૂક્યું છે, જેને તેઓ દુકાનોમાંથી રૂપિયાના બદલામાં ખરીદી શકે છે. કેટલીક ખાસ-ખાસ કંપનીઓનાં કપડાં, સૌંદર્યપ્રસાધનો અને ખાદ્ય-સામગ્રીનો ઉપયોગ પોતાનું સ્તર બતાવવા માટેનાં સાધન બની ચૂક્યાં છે. મોંઘાં વસ્ત્રો, આભૂષણ, ઘડિયાળ, ચશ્માં, મોટરસાયકલ અથવા કારથી માંડીને ક્લબોની મેમ્બરશિપ, મોંઘી રમતોમાં રસવૃત્તિ વગેરે પણ સ્ટેટસ સિમ્બોલના પ્રદર્શનની વસ્તુઓ બની ચૂકી છે. શ્રીમંતાઈ બતાવીને પ્રભાવિત કરવાની આ વૃત્તિ યુવાનોને સૌથી અલગ તથા શ્રેષ્ઠ બતાવવા માટેના પ્રતીક લાગે છે.

આખરે યુવાનોનું આ દિશા-ભાન ભૂલવાનું કારણ શું છે ? એનો જવાબ એ જ છે કે કારણો અનેક છે. સૌથી મુખ્ય કારણ છે, પ્રચાર-પ્રસારના માધ્યમ. યુવાન પેઢી તો માત્ર તેનું અનુસરણ જ કરી રહી છે. આજે ભારતમાં દરેક પ્રચાર માધ્યમોની વચ્ચે સ્વસ્થ હરીફાઈની જગ્યાએ પશ્ચિમી માપદંડો પ્રમાણે સામા પક્ષનો નાશ કરી નાંખવા માટેની હરીફાઈ ચાલી રહી છે. સારી બાબતોને સામે લાવવાને બદલે ખરાબીઓને શણગારીને રુચિકર તથા આકર્ષક રીતે રજૂ કરવાનું જ તેમનું ધ્યેય રહી ગયું છે. સનસનાટીભર્યાં પત્રકારત્વના નામે આજે પત્ર-પત્રિકાઓ એવી સામાજિક વિસંગતતાઓ ભરેલી ઘટનાઓના સમાચારોથી ભરેલાં હોય છે કે જેને વાંચીને યુવાનોને તે બાબતો વધુ ને વધુ જાણવાની ઉત્સુકતા થઈ જાય છે. પરિણામ એ આવે છે કે તેઓ જાતે જ તેને આચરણમાં ઉતારીને તેનો અનુભવ કરવા માંડે છે. દૂરદર્શનની વિભિન્ન ચેનલો પણ જન-જીવનની ભારતીય પરંપરાઓથી દૂર થઈને હવે માત્ર ગ્રાહકોની વસ્તુઓના પ્રચાર-પ્રસાર માટેના સાધન બની ગયેલ છે. વિભિન્ન કાર્યક્રમો તથા જાહેરાતોએ યુવાન પેઢીને અસંયમિત તથા અસીમિત ઈચ્છા-આકાંક્ષાઓથી ભરી દીધી છે, જેને ગમે તે રીતે પૂર્ણ કરવાનું જ તેમનું સ્વપ્ન બની ગયું છે.

ભારતીય બજારમાં વધતો જતો બહુરાષ્ટ્રીય કંપનીઓનો પ્રભાવ પણ આ સ્થિતિ માટે મહદંશે જવાબદાર છે. એક સર્વેક્ષણ પ્રમાણે આપણા દેશમાં આવીને વસી ગયેલી વિદેશી કંપનીઓ જે જાતજાતનાં ઠંડાં પીણાં, ખાદ્ય પદાર્થો તથા સૌંદર્ય પ્રસાધનો બનાવે છે તેના સૌથી વધુ ગ્રાહકો યુવાનો જ હોય છે. આ કંપનીઓ ઉપભોગવાદી સંસ્કૃતિનું પોષણ કરનારી હોય છે. આથી સ્વાભાવિક છે કે તે કંપનીઓ જ્યારે કોઈ દેશની સામાજિક વ્યવસ્થા પર પ્રભાવ જમાવે છે તો તે દેશનાં સામાજિક મૂલ્યો પોતાનું મહત્ત્વ ગુમાવી દે છે અને સમાજમાં વિસંગતતાઓ ફેલાવા માંડે છે.

પરિવર્તન પ્રકૃતિનો નિયમ છે, પરંતુ આ પરિવર્તન ઉત્થાનમાંથી પતન તરફ લઈ જાય, તો નિશ્ચિતપણે ઘાતક છે. પરિવર્તનનું સ્વરૂપ હંમેશાં સકારાત્મક હોવું જોઈએ, જે સારપથી વધુ સારપ તરફ લઈ જાય. ભારતીય સંસ્કૃતિની કેટલીક મૂળભૂત વિશેષતાઓ છે. આ વિશેષતાઓનું પોતાનું મૂલ્ય છે, જે શાશ્વત છે, જેનું મહત્ત્વ બધા જ યુગોમાં સમાનરૂપે વિદ્યમાન છે. આજે જ્યારે સમગ્ર વિશ્વ ફરીથી ભારતીય સંસ્કૃતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે આપણા યુવાનોનું પાશ્ચાત્ય સંસ્કૃતિ પ્રત્યેનું ગાંડપણ એમની માનસિક બીમારી જ બતાવે છે જેને ગમે તે ભોગે દૂર કરવી જ જોઈએ.

卐卐 卐卐 卐卐



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અંતઃઊર્જા જાગરણના વિશિષ્ટ સત્ર ઓક્ટોબર ૨૦૦૧થી

એવા સ્તરનું અંતઃભૂમિનું પરિમાર્જન કે જ્યાં દિવ્ય વિભૂતિઓનું અવતરણ થઈ શકે, તેઓ સ્થિર રૂપે નિવાસ કરી શકે તથા સમર્થ માર્ગદર્શનની ઉપલબ્ધિ, આ બે અનુદાન જે કોઈને પણ પ્રાપ્ત થાય છે, તેઓ આત્મિક પ્રગતિના પંથે સુનિશ્ચિત ગતિથી સફળતાપૂર્વક ચાલવા લાગે છે. પરમપૂજ્ય ગુરુદેવને બન્ને ઉપાધિઓ મળી તથા તેઓ તપના આધારે એક વિરાટ સંગઠન ઊભું કરી શક્યા.

પરમપૂજ્ય ગુરુદેવ તેમની એકવર્ષીય હિમાલય સાધનામાં વચ્ચે વિરામ લઈને ફેબ્રુઆરી ૧૯૭૨માં કેટલાક દિવસો માટે એકાએક શાંતિકુંજ હરદ્વાર પાછા આવ્યા અને પરિજનોએ એપ્રિલ ૧૯૭૨ની 'અખંડ જ્યોતિ'ના સંપાદકીયમાં વાંચ્યું, 'ગુરુદેવ કેમ આવ્યા ? કેમ ચાલ્યા ગયા ?' ત્યારે એમને જાણવા મળ્યું કે આપણી ગુરુસત્તાની આ સાધના અને તેની લીલાઓ પાછળ છૂપાયેલાં ગૂઢ રહસ્ય શું છે ? પરમ વંદનીય માતાજીની વેદના ગુરુદેવ જોઈ ન શક્યા. તાર વિનાનો, સંદેશ વિનાનો, પરાવાણી દ્વારા મોકલેલ પત્ર તેમના સુધી પહોંચ્યો તથા તેમના હાર્ટ એટેકના કષ્ટ સમયે તેઓ કેટલાક દિવસો માટે શાંતિકુંજ આવી ગયા. એમણે પરમ વંદનીય માતાજી સાથે ઘણા વિષયો પર ચર્ચા કરી અને માતાજી સ્વસ્થ થઈ ગયા હતા. પરિજનોને જિજ્ઞાસા હતી, કેમ કે પૂજ્ય ગુરુદેવ ફરીથી પાછા જતા પણ રહ્યા હતા તો ક્યા ક્યા નિર્દેશ આપતા ગયા તે જાણવું હતું. તેને ધ્યાનમાં રાખી મે ૧૯૭૨નો સંપૂર્ણ અંક એ વિષય પર સમર્પિત હતો કે આ નાનકડી અવધિમાં ક્યા ક્યા નિર્ધારણો થયા.

**પ્રાણ-પ્રત્યાવર્તન સત્રોની એ અનોખી શૃંખલા**

મેના એ અંકમાં એક મહત્ત્વનું નિર્ધારણ રજૂ કરવામાં આવ્યું કે હવે શાંતિકુંજથી અનુદાન વિતરણ, શક્તિ હસ્તાંતરણ અને પ્રાણ-પ્રત્યાવર્તનનો ક્રમ શરૂ થશે. તે સમયે પ્રત્યાવર્તન શબ્દ નવો હતો. કેટલાય એનો અર્થ પણ જાણતા ન હતા. મેના આ જ અંકમાં સમજાવવામાં આવ્યું કે પોતાની શક્તિનો બીજામાં સીધો પ્રવેશ કરાવવાની પ્રક્રિયા જ વાસ્તવમાં પ્રત્યાવર્તન છે. લોકોએ વાંચી લીધું, એની વ્યાખ્યા સમજી લીધી, પરંતુ જ્યારે તેમની પાસે જુલાઈ ૧૯૭૨ની અખંડ જ્યોતિ પહોંચી અને એમાં એમણે 'અપનોં સે અપની બાત'માં વાચ્યું, 'પ્રત્યાવર્તનની પાત્રતા વિકસાવવામાં આવે' ત્યારે તેની ગંભીરતા સમજાઈ. એ જાણકારી પણ મળી કે ગુરુદેવ વચ્ચે વચ્ચે આવતા રહેશે અને હવે કાંઈક વિશેષ થવાનું છે. એમાં પરમ વંદનીય માતાજીએ લખ્યું કે 'યુગનિર્માણ આંદોલન આમ તો એક આંદોલન જેવું દેખાય છે, પરંતુ વાસ્તવમાં તે યુગસાધના છે. જો આધ્યાત્મિક દષ્ટિથી જોઈએ તો તેને વિશુદ્ધ યોગસાધના તથા તપશ્ચર્યા જ કહી શકાય છે. મોટો માણસ બનવાની સીઝન જતી રહી. હવે અમીરીને મોટાઈના રૂપમાં જોવું બેકાર છે. હવે મહાનતાની ગૌરવગરિમા વધારવાનો સમય આવી ગયો છે. એને ક્રિયા રૂપે કેવી રીતે પલટાવવામાં આવે, તેનું જ માર્ગદર્શન-યુગસાધના કરે છે. પ્રત્યાવર્તનની પાત્રતા અને પૃષ્ઠભૂમિ આ જ છે.' (પૃષ્ઠ ૬૩-૬૪)

આ ભૂમિકા એ માટે આપવામાં આવી રહી છે કે અમારા આજના પરિજનો યુગસાધનાને, આ હીરકજયંતી વર્ષમાં ચાલી રહેલાં સાધના આંદોલનોને તથા શાંતિકુંજના ઈતિહાસના એક ચોક્કસ લક્ષ્યને આજે અઠ્ઠાવીસ વર્ષ બાદ ફરીથી સમજી શકે, આજની આવશ્યકતાથી માહિતગાર બની શકે કે એવા જ સ્તરની પુનરાવૃત્તિની જરૂર કેમ ભાસી રહી છે. મે ૧૯૭૩ની અખંડ જ્યોતિમાં પ્રાણ-પ્રત્યાવર્તન સાધનાની સત્ર-શૃંખલાની વિસ્તૃત માહિતી છાપવામાં આવી તથા જૂન ૧૯૭૩નો સંપૂર્ણ અંક પ્રાણ-પ્રત્યાવર્તન સાધના વિશેષાંક રૂપે પ્રકાશિત થયો. આ સાધના નિતાંત મૌનની એકાકી સાધના હતી. ચાર દિવસમાં દરરોજ છ કલાકની સાધના બધા પાસે કરાવવામાં આવી. સાધક અંતર્મુખી બની શકે એ માટે તેમને નાની ઓરડીઓ આપવામાં આવી. ઉપાસનાપદ્ધતિમાં શિથિલીકરણ મુદ્રા, સોડહમ્ સાધના, બિંદુયોગ, લયયોગ, તત્ત્વબોધ, નાદયોગ તથા બે વખતના દસ સાધનાક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો. અંતઃકરણની ભાવભૂમિકાને ઉચ્ચસ્તરીય બનાવી દેવાનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ એનું મુખ્ય લક્ષ્ય હતું. આત્મશોધનની પ્રાયશ્ચિત પ્રક્રિયાને પહેલા દિવસે મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું, જે પૂજ્ય ગુરુદેવ સ્વયં વ્યક્તિગત પરામર્શ માટે મળતા પંદર મિનિટના સમયમાં સંપન્ન કરતા હતા. વચ્ચેના સમયમાં દર્પણ-સાધના દરમિયાન ભાવભર્યા ગીતો ટેપરેકોર્ડરના માધ્યમથી સાધકોને સંભળાવવામાં આવતા હતા તથા તે સાંભળી તેઓ હળવા થઈ જતા એટલું જ નહિ, આત્મબોધની સાધના પણ કરી શકતા હતા. એક કલાકનું પ્રવચન બે ભાગમાં સંભળાવવામાં આવતું હતું. આ સમગ્ર દસસૂત્રીય સાધનાપદ્ધતિથી ભરેલું શિક્ષણ જો કે કેટલાક સાધક (મોટા ભાગે ત્રીસથી ચાળીસ સાધક) શાંતિકુંજમાં રહીને કરતા રહ્યા, પરંતુ જેમણે પણ એમાં ભાગ લીધો તેઓ આજે પણ પોતાને સૌભાગ્યશાળી માને છે અને તે દિવસોની યાદ કરે છે. તે વખતે શાંતિકુંજ નાનું હતું, યાત્રાળુઓને આવવાની સખત મનાઈ હતી તથા ઓરડાઓ પણ ગણ્યાગાઠ્યા જ હતા. સંપૂર્ણ વાતાવરણ સાધનામય હતું. કેટલાક મહિના આ ક્રમ ચાલ્યા બાદ એક હજાર સૌભાગ્યશાળી પ્રાણવાન સાધકોને પ્રાણ અનુદાન વિતરણ કર્યા બાદ બીજા અનેક પ્રકારના સત્ર અહીં ચાલવા લાગ્યા, ભવનનો વિસ્તાર થતો ગયો અને આજે આ સ્થિતિએ આવી શક્યું જેમાં આજે આપણે શાંતિકુંજનો એક વિરાટ વિસ્તાર જોઈએ છીએ.

### નવું નિર્ધારણ - અંતઃઉર્જા જાગરણ

હવે આ હીરક જ્યંતી વર્ષમાં સાધના આંદોલનને ફરીથી ગતિશીલ કરવા માટે તે જ સ્તરની ક્રિયાપદ્ધતિ અપનાવવા હેતુ વિશેષ 'અંતઃઊર્જા' જાગરણ સત્રોની એક શૃંખલા ૨૬ ઓક્ટોબર ૨૦૦૧-નવરાત્રિ સમાપ્તિ પછીના દિવસથી શરૂ કરવામાં આવી રહી છે. આ શિબિર પાંચ દિવસીય હશે તથા લક્ષ્ય એક જ હશે કે એમાં ભાગ લેનારાઓ પ્રાણવાન-વિભૂતિવાન બનીને સમાજ માટે ઉપયોગી બની શકે, નવયુગની વેળામાં સાચા સાધક બની નેતૃત્વ કરી શકે. સાચા અર્થોમાં આગામી દિવસોમાં જેઓ સૌથી પહેલા સાધક હશે તેઓ જ માર્ગદર્શક કહેવાશે, લોકો તેમનું જ સાંભળશે. આ ઉદ્દેશથી જ પ્રાણ-પ્રત્યાવર્તન સ્તરની આ સાધના અંતઃઊર્જા જાગરણના પાંચ-પાંચ દિવસીય સત્રોના રૂપમાં શરૂ કરવામાં આવી રહી છે. સાધના માટે કુલ ૭૦ ખંડ ઉપલબ્ધ છે, જેમને વિશેષ રૂપથી તૈયાર કરવામાં આવ્યા છે. દરેકમાં એક સાધક એકલા જ રહી શકશે. એમાં સ્પીકર લગાડવામાં આવ્યા છે. પ્રજ્ઞાપેય, સાત્ત્વિક, આહાર...વગેરેની વ્યવસ્થા પણ દરેકના ખંડમાં જ કરવામાં આવી રહી છે.

કુલ ૭૨ ખંડોની (જેમાં શૌચાલય, સ્નાન વગેરેની સુવિધા પંણ ખડંમાં જ છે.) ત્રિપદાની નવનિર્મિત આ સંપૂર્ણ ઈમારતને્ સાધનામય વાતાવરણ આપવામાં આવશે. મુશ્કેલીના સમય માટે સંદેશવાહકના રૂપમાં વરિષ્ઠ ભાઈઓ સુધી ચિઠ્ઠી પહોંચાડવા તથા સાહિત્ય, પૂજન સામગ્રી વગેરે માટે બે ખંડો કેયર ટેકર્સના રૂપમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

મત્સ્યાવતારની જેમ વિરાટ રૂપ લઈ રહેલું આ મિશન-ગાયત્રી પરિવારના કેટલાય પરિજન આવી સાધનામાં ભાગ લેવા ઈચ્છશે. અમે ૨૬ ઓક્ટોબરથી શરૂ કરીને ૧૦ એપ્રિલ ૨૦૦૧ સુધી ૫-૫ દિવસના માત્ર તેત્રીસ સત્ર ચલાવી શકીશું. ૧૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના વસંતપર્વને કારણે એક શિબિર વચ્ચે જ સ્થગિત પણ કરવું પડે. પરંતુ નવેમ્બર, ડિસેમ્બર ૨૦૦૧, જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ૨૦૦૨માં ૧થી ૫, ૬થી ૧૦, ૧૧થી ૧૫ ૧૬થી ૨૦, ૨૧થી ૨૫ અને ૨૬થી ૩૦ની અવધિમાં નિયમિતરૂપે સંપન્ન થશે. એપ્રિલ ૨૦૦૨માં માત્ર ૧૧થી ૫ અને ૬થી ૧૦ની અવધિમાં બે જ સત્ર થઈ શકશે. ચૈત્ર નવરાત્રિ ૧૩ એપ્રિલથી શરૂ થઈ જશે. આ રીતે તેંત્રીસ સત્ર થયા તો કુલ ૨૩૧૦ તથા બત્રીસ સત્ર (વસંતપંચમીના વૈકલ્પિક અવકાશને કારણે) થયા એમ કુલ ૨૨૪૦ સાધકો જ ભાગ લઈ શકશે. આ સિવાયના બધા જ સત્રો ૧થી ૯, ૧૧થી ૧૯, ૨૧થી ૨૯ના નવ દિવસીય સંજીવની સાધના સત્ર, ૧થી ૨૯ની અવધિમાં ચાલતા એક માસના યુગશિલ્પી કાર્યકર્તા સત્ર, પરિવ્રાજક સત્ર, રચનાત્મક પ્રશિક્ષણનું સત્ર તથા વિશિષ્ટ વ્યક્તિત્વ પરિષ્કાર સત્ર યથાવત ચાલતા રહેશે, તેથી સ્થાનવૃદ્ધિનો કોઈ અવકાશ નથી. આ જ ક્રમ ૨૦૦૨ની આસો નવરાત્રિ પછી ૧૬ ઓક્ટોબરથી શરૂ થઈ ૨૦૦૩ની માર્ચ સુધી ચલાવાશે. એમાં પણ તેત્રીસ કે બત્રીસ (૬ ફેબ્રુઆરી ૨૦૦૩ની વસંતપંચમી સુધી) સત્ર જ થઈ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શકશે. આ શૃંખલા આગામી ચાર વર્ષ સુધી ચાલતી રહેશે તથા દસ હજારથી વધુ પ્રાણવાન કાર્યકર્તાઓને પ્રાણવાન-ઊર્જાવાન બનાવતી રહેશે. તે સમયે સ્થાનવૃદ્ધિ શક્ય હશે તો સંખ્યા વધારી પણ શકાય છે.

### અપેક્ષા કરતાં ગંભીર છે આ સાધના

સીમિત સ્થાન, નિર્ધારિત સંખ્યા અને પૂરા પાંચ દિવસ નિતાંત મૌન, આ ક્રમ પૂરો થાય પછી વિશેષ નિરીક્ષણ અને તપાસ પછી જ સત્રોમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. ૧૬ ઓગસ્ટ ૨૦૦૧ના પાક્ષિકમાં પરિજનો વિસ્તારથી વાંચી ચૂક્યા હશે કે આ સત્રોનો ક્રમ તથા દિનચર્યા શું હશે ? પ્રસ્તુત શિબિર ઉચ્ચસ્તરીય સૂક્ષ્મશક્તિપ્રવાહ દ્વારા સાધકોને જોડવા તથા તેમની અંદરની આધ્યાત્મિક ઊર્જાને જગાડવા માટે આયોજિત કરવામાં આવી રહ્યા છે. આત્મશક્તિ પરિષ્કૃત થશે તો જ એ શક્તિપ્રવાહ તેમની અંદર અવતરિત થઈ શકશે. તેથી એમાં અપેક્ષા કરતાં ગંભીર સાધનાત્મક અભ્યાસ રાખવામાં આવ્યા છે. અહીં સાધકોએ પ્રાયશ્ચિત્તનું કાર્ય તેમની જ ભાવભૂમિકામાં કરવાનું છે. સૂક્ષ્મ રૂપમાં વિરાજમાન ગુરુસત્તાને સાક્ષી બનાવવાનું છે. પ્રાણ-પ્રત્યાવર્તનની જેમ પોતાના પાપકર્મોનો હિસાબ-કિતાબ લખીને આપવાનો નથી. પરમપૂજ્ય ગુરુદેવ તથા પરમવંદનીય માતાજી સ્તરની દિવ્ય શક્તિમાન સત્તા જ તેમને ઝીલી શકતી નથી. શાંતિકુંજ એક જાગૃત ચૈતન્યતીર્થ છે, લાલ મશાલ આપણા સૌની માર્ગદર્શિકા છે, આપણે સંઘશક્તિના પ્રવર્તક છીએ. તેથી આ સત્રોને કોઈપણ પૂર્વના પ્રાણ-પ્રત્યાવર્તન સત્રો સાથે ન સાંકળે. એ સત્રોમાંથી પ્રેરણા અવશ્ય લેવામાં આવી છે, પરંતુ આજની પરિસ્થિતિઓને અનુરૂપ પોતાના સ્તરે અનુશાસન બનાવવામાં આવ્યા છે.

### વિશિષ્ટ સત્રોના કઠોર અનુશાસન

બધા સાધકોમાંથી જેમને પૂરી તપાસ બાદ સ્વીકૃતિ મોકલવામાં આવશે અને પ્રત્યક્ષ મુલાકાત વખતે યોગ્ય માનવામાં આવશે તેઓ નિર્ધારિત સત્રની પૂર્વસંધ્યાએ પહોંચીને પોતાનું સ્થાન લઈ લેશે, વિધિવત્ સાધના સંકલ્પ સવારે ૫-૦૦ થી ૬-૩૦ દરમિયાન કરાવવામાં આવશે, જેથી રાત્રે મોડા આવનારા પણ ભાગ લઈ શકે. જેઓ આગલા દિવસે સાંજે આવી જશે તેઓ જરૂરી સામગ્રી પ્રાપ્ત કરશે, સાધનાનિર્દેશ પુસ્તિકા વાંચશે, રજિસ્ટ્રેશન કરાવશે તથા પોતાના નિર્ધારિત ખંડમાં પહોંચી જશે. સાધનાની શરૂઆતથી તે પૂરી થાય ત્યાં સુધી સાધકોએ મૌન, એકાંત સેવન કરતા રહી અંતર્મુખી રહેવું પડશે. માત્ર અખંડ દીપક-દર્શન તથા યજ્ઞ સમયે તેઓ ખંડની બહાર નીકળી શકશે. સાધના-સ્વાધ્યાય માટે નિર્ધારિત પુસ્તકો જ આપવામાં આવશે. શેષ સમય અંતઃચેતનાના ઊંડાણમાં ઉતરવા માટે તથા અંતર્મુખી ગહન ચિંતન-મનન માટે વ્યતીત કરવો પડશે. સંપૂર્ણ સાધનાવિધિ દરમિયાન વાંચવા માટે સમાચારપત્ર કે અન્ય કોઈ સાહિત્ય મળશે નહીં. બન્ને વખતનું ભોજન, ગંગાજળ તથા પ્રજ્ઞાપેય સાધનાખંડમાં જ પહોંચાડી દેવામાં આવશે. ભોજનમાં હવિષ્યાન્નની એક રોટલી, ઔષધિઓની ચટણી તથા સાધકની ઈચ્છા મુજબ ભાત કે દલિયાની શાકમિશ્રિત ખિચડી આપવામાં આવશે. અન્ય કોઈ પદાર્થનું સેવન કરી શકશે નહિ. જપની સંખ્યા પર કોઈ પ્રતિબંધ રહેશે નહિ. જપસંખ્યાના સ્થાને સામૂહિક ધ્યાન સહિત તેનું ઊંડાણ વધારવા પર તથા ભાવવિહ્વળ થઈને જપ કરવા પર વધુ ભાર મૂકવામાં આવશે.

લગભગ છ કલાક વિશિષ્ટ સાધનાઓમાં, બે વખતના ૩૦-૩૦ મિનિટના પ્રવચનમાં તથા ૩૦-૩૦ મિનિટના આ જ વિષયના મનન-ચિંતનમાં લાગશે. સરેરાશ બે કલાક સ્વાધ્યાય-મનન-ચિંતન માટે હશે. સાધક પોતાની વિશિષ્ટ અનુભૂતિઓને લખી શકશે. પછીથી એ આધારે સલાહ-સૂચન તથા જિજ્ઞાસાનું સમાધાન પણ પત્ર દ્વારા પ્રાપ્ત કરી શકશે. સમાપ્તિ સમયે તેઓ યુગધર્મના પરિપાલન ક્રમમાં પોતાની અંદર ઉભરાતા સંકલ્પ પણ લખીને આપશે. તેમનો પણ વિધિવત સંકલ્પ કરાવવામાં આવશે. સાધના પૂરી થયા બાદ થોડા કલાકોમાં જ સ્થાન ખાલી કરી આપવું પડશે, જેથી તે પછીના સત્રના સાધકોને આપી શકાય. રોકાવું અનિવાર્ય હશે તો પૂર્વાનુમતિ લઈને આશ્રમમાં જ બીજે ક્યાંક સ્થાન પ્રાપ્ત કરી શકશે. તેઓ પોતાની સાથે કોઈ એવો સાથી લઈને ન આવે કે જેને જુદું રોકાણ ન આપી શકાય અથવા તેની દેખભાળની ચિંતા કરવી પડે. ગંભીર વ્યાધિથી પીડાતો કોઈ પરિજન અરજી ન મોકલે. જે સાધક નિર્ધારિત અનુશાસન નિભાવી ન શકે, એકલા પોતાના કામો પોતે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ન કરી શકે તથા એક ખંડમાં એકલા ન રહી શકે તેઓ અરજી ન કરે.

**અરજી કેવી રીતે મોકલશો**

અરજીપત્રમાં પોતાનું નામ, પૂરું સરનામું, ફોન નંબર ઈત્યાદિ, જન્મતિથિ, શિક્ષણ અને યોગ્યતા, દીક્ષા ક્યાં અને ક્યારે લીધી, ઉપાસના-સાધનાનો નિયમિત ક્રમ, શાંતિકુંજ, ગાયત્રી તપોભૂમિ મથુરામાં કરેલા સત્ર (બધું જ સ્મૃતિ અનુસાર વિગતવાર), પોતાના સ્તરે કરેલા અનુષ્ઠાન અને અંશદાનનો ક્રમ તથા સમયદાન અંતર્ગત કરવામાં આવેલ ઉલ્લેખનીય સપ્ત આંદોલન સંબંધી કે અન્ય કોઈ સેવાકાર્યોની માહિતી લખી મોકલશો. સાથે જ હાલનો એક પાસપોર્ટ સાઈઝનો ફોટો પણ મોકલશો. અનુમતિ મળ્યા પછી જ આવવું.

**સમય વિભાજન ચક્ર આ રીતે હશે**

(૧) સવારે ચાર વાગે જાગરણની સાથે ઊષાપાનનો ક્રમ છે. સાઉંડ સીસ્ટમ દ્વારા ખંડમાં જ આ વ્યવસ્થા છે. ૪:૦૫થી ૪:૧૫ આત્મબોધની સાધના કેસેટ દ્વારા થાય છે. ૪:૧૫થી ૫:૧૫ નિત્યકર્મ, વ્યાયામ, શિથિલીકરણ નિર્દેશાનુસાર હળવા વાદ્યસંગીત સાથે સંપન્ન થશે.

(૨) પૂજ્ય ગુરુદેવની વાણીમાં ૫:૧૫થી ૫:૪૫ સામૂહિક ધ્યાન બધા પોતપોતાના ખંડમાં કરશે. ૫:૪૫થી ૬:૦૦ પ્રાણસંચાર પ્રાણાયામ તથા ૬:૦૦થી ૬:૩૦ અમૃતવાણી સાથે મનન-ચિંતનનો ક્રમ છે.

(૩) ૬:૩૦થી ૮:૦૦ કલ્કસેવન પોતાના ખંડમાં તથા તે પછી લાઈનમાં મૌન ઊભા રહી અખંડ દીપ દર્શન, યજ્ઞશાળામાં યજ્ઞ તથા તે પછી ખંડમાં પ્રજ્ઞાપેયનો ક્રમ છે. માર્ગદર્શક સાથે રહેશે.

(૪) ૮:૦૦થી ૮:૪૫ મંત્રજપ, સૂર્યાર્ધ્યદાન, ૮:૪૫થી ૯:૩૦ સોડહમ્ સાધના તથા ૯:૩૦થી ૧૦:૦૦ નાદયોગ સાધનાનો ક્રમ છે. નિર્દેશ કક્ષમાં જ મળશે.

(૫) ૧૦:૦૦થી ૧૨:૦૦ ભોજન, વિશ્રામ અને ખંડની સ્વચ્છતા માટે ફાળવ્યો છે. આ સમય દરમિયાન વાદ્યસંગીત વાગતું રહેશે.

(૬) ૧૨:૦૦થી ૧૨:૪૫ સ્વાધ્યાય અને મનન-ચિંતન, ૧૨:૪૫થી અનુલોમ-વિલોમ પ્રાણાયામ, ૧૩:૦૦થી ૧૩:૩૦ જપયોગ તથા ૧૩:૩૦થી ૧૪:૦૦ બિંદુયોગ અંતઃત્રાટક (દીપકની જ્યોત) માટે નિર્ધારિત છે.

(૭) ૧૪:૦૦થી ૧૪:૪૫ આત્મદેવ દર્પણ સાધના, ૧૪:૪૫થી ૧૫:૧૫ નાદયોગની દ્વિતીય ચરણની સાધના માટે છે. ૧૫:૧૫થી ૧૬:૦૦ નો સમય પ્રજ્ઞાપેય માટે છે જે ખંડમાં જ ઉપલબ્ધ થશે.

(૮) ૧૬:૦૦થી ૧૭:૦૦ સ્વચ્છતા-સ્વાધ્યાયનો ક્રમ રહેશે. પોતાનો ખંડ સાફ કરશે, સંગીત વાગતું રહેશે. ૧૭:૦૦થી ૧૭:૧૫ નાડીશોધન પ્રાણાયામ, ૧૭:૧૫ થી ૧૭:૩૦ અમૃતવાણી તથા ૧૭:૩૦થી ૧૮:૦૦ ખેચરી મુદ્રાનો ક્રમ ચાલશે.

(૯) ૧૮:૦૦થી ૧૮:૧૫ નાદયોગની તૃતીય ચરણની સાધના થશે. ૧૮:૧૫થી ૧૯:૦૦ ભોજન માટે સુરક્ષિત છે. ૧૯:૦૦થી ૧૯:૩૦ સહજ લયબદ્ધ શ્વાસોશ્વાસનો ક્રમ રહેશે.

(૧૦) ૧૯:૩૦થી ૨૦:૧૫ સ્વાધ્યાય અને મનન-ચિંતન માટે ફાળવેલ છે તથા ૨૦:૧૫થી ૨૦:૫૦ તત્ત્વબોધ સાધના (નિર્દેશો દ્વારા) પૂરી કરીને સાધકોએ યોગનિદ્રા તથા વિશ્રામમાં જવાનું છે.

આ ક્રમમાં ફક્ત પહેલા દિવસે કલ્કસેવન પૂર્વે સાધનાસંકલ્પ કરાવવાનો છે. ૮-૦૦થી ૮-૩૦ જપ, સૂર્યાર્ધ્ય તથા ૮-૩૦થી ૯-૦૦ નિષ્કાસન તપ અંતઃકરણની ભાવભૂમિકામાં સંપન્ન થવાનું છે. ૯-૦૦ થી ૯-૩૦ સોડહમ્ સાધના પછીનો ક્રમ યથાવત્ રહેશે. બીજા, ત્રીજા અને ચોથા દિવસનો નિર્ધારિત ક્રમ ઉપર દર્શાવ્યા મુજબનો જ રહેશે. પાંચમા દિવસે સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ સમાપનગોષ્ઠિ અને આત્મપ્રેરિત સંકલ્પોનો ક્રમ રહેશે. ૧૦-૦૦ વાગે ભોજન પછી ૧૨-૦૦થી ૧-૦૦ના ક્રમમાં પરમવંદનીય માતાજીના ખંડમાં શ્રદ્ધેય શૈલ દીદી સાથે મુલાકાત થશે. બપોરે ૧-૩૦ વાગે સાધનાખંડ ખાલી કરવાનો રહેશે. આ જ દિવસે બીજા સત્રના સાધક આવશે, તેથી પોતાનો ખંડ સ્વચ્છ સ્થિતિમાં જ છોડશે.

એ જાણવાયોગ્ય છે કે આ વિશિષ્ટ સત્રોના ફળ કેટલા વિશેષ પરિણામયુક્ત હશે. આશા રાખવામાં આવે છે કે અસંખ્ય પ્રાણવાન સાધક ઊર્જાનું જાગરણ કરશે તથા પોતાના ક્ષેત્રને અને સેવા-સાધનાને આલોકિત કરશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગીતા વિશેષ લેખ-૨

# શ્રીમદ્ભગવદ્ગીતામાં યોગ

**હીરક જયંતિ વર્ષના સંદર્ભમાં આગળના અંક યોગસાધના વિશેષાંકમાં પ્રથમ લેખમાં ગીતામાં યોગની ચર્ચા ક્યાં-ક્યાં, કેવા-કેવા રૂપમાં થઈ છે, તેનું વિવરણ આપવામાં આવ્યું હતુ. તમાં અમે ગીતાના ચાર અધ્યાયની જ ચર્ચા કરી હતી. હવે ચોથા અધ્યાયના કેટલાક બાકી રહેલા પ્રસંગોથી માંડીને અઢારમા અધ્યાય સુધી ગીતામાં યોગની ચર્ચા આ લેખમાં રજૂ કરેલ છે. આગામી માસથી યુગગીતા-૨૭ના લેખ સાથે ઓગસ્ટ-૨૦૦૧ના અંક પછીની શ્રેણીને વાંચકો વાંચી શકશે.**

શ્રી ભગવાન અર્જુનને બતાવે છે કે કર્મ કરતાં રહીને પણ તેનાથી ન બંધાવું એ સૌથી મોટો યોગ છે. તેઓ ચોથા અધ્યાયના ૨૨માં શ્લોકમાં કહે છે કે, ''જે કોઈ પણ પ્રકારની ઈચ્છા વગર પ્રાપ્ત કરેલા પદાર્થોથી સંતુષ્ટ રહે છે, જેનામાં ઈર્ષાનો અભાવ હોય છે, હર્ષ-શોક વગેરે આંતરિક પરેશાનીઓથી પર હોય છે તથા સિદ્ધિ-અસિદ્ધિમાં સમાન ભાવ જાળવી રાખે છે. તે જ સાચો કર્મયોગી છે. તેને કર્મ વળગતાં નથી. જે યોગીજન પોતાની બધી ઈન્દ્રિયોનો સંયમરૂપી અગ્નિમાં હવન કરે છે, તેઓ યજ્ઞનો મર્મ જ જાણે છે એમ નહિ, સાચા સાધક પણ છે. (શ્લોક ૨૬ થી ૩૮ સુધી). એટલું જ નહીં, નિયમિત આહાર કરનારા પ્રાણ અને અપાનની ગતિ રોકીને પ્રાણોને પ્રાણોમાં જ હવન કરનારા યોગી તો આ મહાયજ્ઞ દ્વારા પાપોનો પણ નાશ કરી નાંખે છે.'' (શ્લોક ૨૯,૩૦)

### યોગવિજ્ઞાનની પાઠ્યપુસ્તિકા : ગીતા

શ્રીમદ્ભગવદ્ગીતા અનેરો ગ્રંથ છે. ગાગરમાં સાગર સમાવેલા આ ગ્રંથમાં જેટલી ડૂબકી મારવામાં આવે છે એટલાં જ રત્ન મળતાં જાય છે. યોગવિજ્ઞાનની તો આ એક પાઠ્ય પુસ્તિકા છે. પોતે ક્યા સૂત્રને પોતાની ઉપર લાગુ પાડે તથા માત્ર વાંચી-સાંભળીને નહીં, આચરણની ઊંડાઈ સુધી ઊતરે. એ બાબત વાચક પર આધાર રાખે છે. આટલું કર્યા પછી જ ગીતાનો યોગ જીવનયોગ બની શકે છે. યોગ અને યજ્ઞનો સાર્થક સમન્વય જે ગીતામાં છે, તે ક્યાંય પણ આટલી સુંદર કાવ્યાત્મક અભિવ્યક્તિ રૂપે મળતો નથી. આ માટે તેઓ આગળ સંકેત આપે છે કે જો આ જ્ઞાન તું મેળવવા જ માગતો હોય તો તત્ત્વદર્શનના જ્ઞાનીઓ પાસે જઈને સારી રીતે સમજ, તેમની સેવા કર તથા કપટરહિત સરળ ભાવથી તેમનો ઉપદેશ સાંભળ (તદ્વિદ્ધિ પ્રાણિપાતેન પરિપ્રશ્નેન સેવયા - શ્લોક ૩૪, અધ્યાય-૪) તથા તે જ જ્ઞાનરૂપી નૌકા તને પાપના સમુદ્રમાંથી પાર ઉતારશે (શ્લોક ૩૬). ઈન્દ્રિયોમાં સંયમ રાખીને, સાધનાપરાયણ બનીને તથા પોતાની અંદર શ્રદ્ધા વિકસિત કરીને જ વ્યક્તિ એવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે જે તેને શાંતિ અને ભગવદ્સત્તા સાથે એકાકાર બનાવે છે. (શ્લોક ૫૯) કર્મયોગમાં જ્ઞાન તથા જ્ઞાનયોગમાં કર્મનો અનેરો સમન્વય આ શ્લોકોમાં થયેલો છે.

### યોગીને ભોગોમાં રુચિ હોતી નથી

આગળ ભગવાન પાંચમા કર્મસંન્યાસયોગ નામના અધ્યાયમાં કહે છે કે કર્મયોગ અને સંન્યાસને એક જ સમજવા જોઈએ. અંતઃકરણને વશ કરીને યોગ નવ દ્વારવાળા શરીરરૂપી ઘરમાં બધાં જ કર્મોને મનથી ત્યાગી દઈને આનંદપૂર્વક સચ્ચિદાનંદ પરમાત્માના સ્વરૂપમાં જ હંમેશાં સ્થિર રહે છે (શ્લોક ૧૩, અધ્યાય-૫) બહારના વિષયો પ્રત્યે આસક્તિ છોડીને જે સાધક આત્મામાં સ્થિત ધ્યાનજનિત સાત્ત્વિક આનંદની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરે છે (શ્લોક ૨૧,અધ્યાય ૫) **'ન તેષુ રમતે બુધઃ'**ના માધ્યમથી તેની આગળના શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે કે યોગીને ભોગોમાં રુચિ હોતી નથી કારણ કે તે જાણે છે કે આ ભોગો દુઃખ માટે જ છે, આથી બુદ્ધિમાન વિવેકી પુરુષ તેમાં પોતાનું મન નથી લગાવતો. ખરેખર તો આ જ બધા પ્રકારની યોગ-સાધનાની સફળતાની ચાવી છે. આ જ અધ્યાયમાં ભગવાન ધ્યાનસ્થ થવાની રીત પણ બતાવે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેઓ કહે છે કે ''બહારના વિષયો-ભોગોનું ચિંતન ન કરીને તેમને બહાર રાખીને (મનમાં ન આવવા દઈને) નેત્રોની દષ્ટિને ભ્રૂકુટિની વચમાં સ્થિર કરીને તથા નાસિકાઓમાં ચાલી રહેલા પ્રાણ અને અપાન વાયુને સમ કરીને, જેની ઈન્દ્રિયો, મન તથા બુદ્ધિ જીતી લેવામાં આવી છે, એવા મોક્ષની ઈચ્છા રાખનારા યોગી ઈચ્છા, ભય અને ક્રોધરહિત બનીને પરમાત્માને પ્રાપ્ત કરી લે છે અર્થાત્ મુક્ત થઈ જાય છે (શ્લોક ૨૭,૨૮ અધ્યાય ૫). આ એક રીતે ધ્યાનની રીત પણ છે, અંતઃત્રાટકની ક્રિયા પદ્ધતિ પણ તથા અંતર્ગુહામાં પ્રવેશ કરવાનું માર્ગદર્શન પણ. આનાથી સુંદર યોગનું શિક્ષણ શું હોઈ શકે?

## જીવનકળાથી ધ્યાનયોગ સુધી

જીવન જીવવાની કળા જ યોગ છે. આ માટે વ્યક્તિએ સૌથી પહેલાં પોતાના મનને જીતવાનું શીખવું પડશે. 'આત્મસંયમ યોગ' નામના છઠ્ઠા અધ્યાયમાં ભગવાન આ જ કારણે એક મહત્ત્વની વાત કહે છે-

ઉદ્ધરેદાત્મનાડત્માનં નાત્માનમવસાદયેત્ ।
આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥

''યોગીએ પોતાના પ્રયત્નોથી જ સંસારસમુદ્રમાંથી પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ, પોતાને અધોગતિમાં ન નાંખવા જોઈએ. આ મનુષ્ય પોતે પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ.'' પોતાના વિચારો પર નિયંત્રણ રાખીને જે ઈન્દ્રિયોના ભોગોમાં કે કર્મોની આસક્તિમાં રુચિ ન રાખે, હંમેશાં શ્રેષ્ઠ ચિંતન કરીને પોતાના આત્મવિકાસ માટે પોતાનો માર્ગ આગળ વધારતો જાય, એ વ્યક્તિ જ સાચા અર્થોમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અનુસાર યોગી છે., ભગવાન ૧૩,૧૪ શ્લોકમાં ધ્યાનયોગીની ક્રિયાપદ્ધતિ ફરીથી અર્જુનને શીખવે છે. તેઓ કહે છે કે, ''યોગીએ કાયા, મસ્તક અને ગળાને સમાન તથા અચલ રાખીને, સ્થિર શરીર રાખીને, પોતાની નાસિકાના અગ્રભાગમાં દષ્ટિ રાખીને, અન્ય દિશાઓમાં ન જોઈને, બ્રહ્મચર્યમાં સ્થિર રહીને, કોઈપણ ભય રાખ્યા વગર, શાંત અંતઃકરણથી પરમાત્મામાં મન લગાડવું જોઈએ. આવા યોગીને પરમાનંદની પરાકાષ્ઠા રુપી ચિરસ્થાઈ શાંતિ મળે છે.''

## ચંચળ મનને કેવી રીતે સાધીએ

યોગ કોનો સધાય છે? આગલા શ્લોકમાં ભગવાન કહે છે કે તેઓ વધુ ખાય છે અથવા ખૂબ જ ઓછું ખાય છે, વધુ સમય સુધી સૂતા નથી કે સદા જાગતા રહેતા નથી એટલે કે યથાયોગ્ય આહારવિહાર તથા નિયમિત દિનચર્યાનું પાલન કરે છે તેમને જ આ સિદ્ધિ મળી શકે છે (શ્લોક ૧૬,૧૭). સાચું ધ્યાન લાગી જાય તેની ખબર કેવી રીતે પડે? ભગવાન કહે છે, ''જેવી રીતે વાયુરહિત સ્થળે રહેલો દીપલ ચલાયમાન થતો નથી તેવી જ રીતે પરમાત્માના ધ્યાનમાં લાગેલા યોગીનું જિતાયેલું ચિત્ત જરાય વિચલિત થતું નથી (શ્લોક ૧૯), ધ્યાનથી બુદ્ધિ શુદ્ધ થાય છે તથા પરમાત્માનો સાક્ષાત્કાર પણ થાય છે (શ્લોક ૨૦). મન તો ચંચળ છે. સહજતાથી જ ભાગી જશે. ભગવાન કહે છે, ''જે વિષયોમાં આ ચંચળ અસ્થિર મન વિચરે છે તે વિષયોમાંથી તેને હટાવીને વારંવાર પરમાત્મા જ નિયોજિત કરવું, તેને વાળવું'' (શ્લોક ૨૬). આ અધ્યાયમાં અર્જુનની શંકા વ્યકત થાય છે ''ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દ્ઢમ્'' આ મન ખૂબ ચંચળ, જબરદસ્ત સ્વભાવનું તથા દઢ છે. આને વશમાં કરવાનું તો વાયુને રોકવા જેવું કઠિન લાગી રહ્યું છે (શ્લોક ૩૪ અધ્યાય ૬). ભગવાન કહે છે કે તે અભ્યાસ તથા વૈરાગ્યભાવના વિકાસથી જ વશમાં આવશે. પ્રયત્નપૂર્વક અભ્યાસ કરતા રહેવાથી પાછલા અનેક જન્મોના સંસ્કારબળથી સિદ્ધ થઈને પાપરહિત બની પરમગતિને પ્રાપ્ત કરાવે છે, એવો આ યોગ છે (શ્લોક ૪૫). આટલું કહી તેઓ કહે છે કે યોગી તપસ્વીઓ કરતાં પણ શ્રેષ્ઠ છે, શાસ્ત્રજ્ઞાનીઓ કરતાં પણ શ્રેષ્ઠ છે, તેથી તેણે યોગી જ બનવું જોઈએ (શ્લોક ૪૬). **તસ્માદ્યોગી ભવાર્જુન**ની સાથે સર્મપણનો આ સંદેશ આપીને ભગવાનનો આ સંદેશ છઠ્ઠા અધ્યાયના આત્મસંયમયોગ રૂપે સમાપ્ત થઈ જાય છે.

વાચકગણ 'યુગગીતા' ની પ્રાથમિક ભૂમિકાના પૃષ્ઠોના માધ્યમથી જાણે છે કે ગીતાના પ્રથમ છ અધ્યાય કર્મયોગપ્રધાન છે, પછીના છ અધ્યાય ભક્તિયોગપ્રધાન તથા અંતિમ છ અધ્યાય જ્ઞાનયોગ પ્રધાન છે. ગીતાના શ્લોકોમાં, બધા અધ્યાયોમાં ભાવરૂપે યોગ સમાયો છે. તેમા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છતાં છઠ્ઠા અધ્યાય પછી ક્રિયાયોગની ચર્ચા ઓછી છે. યોગી બનવા માટે શું જરૂરી છે, સાચો યોગ ભાવભૂમિમાં કેવી રીતે સધાય છે, સાચો જ્ઞાની બનીને પરમાત્મામાં પોતાનો લય કેવી રીતે કરવામાં આવે તેની ચર્ચા ઘણા સ્થળે આવી છે. તે જ ક્રમમાં આગળ વધીએ છીએ.

### મનુષ્યાણાં સહસ્રેષુ

ભગવાન 'જ્ઞાનવિજ્ઞાનયોગ' નામના સાતમા અધ્યાયમાં કહે છે, "અર્જુન ! તું અનન્ય પ્રેમમાં ઓતપ્રોત થઈને, મારામાં આસક્તિ રાખીને મારામાં પરાયણ થઈને, યોગમાં લીન થઈને, જે ગુણોથી સમૃદ્ધ છે એવા મારા વિભૂતિવાન સ્વરૂપને કોઈ પણ શંકા વિના જાણવાનો પ્રયાસ કર" (પ્રથમ શ્લોક). "જે હજારો મનુષ્ય જન્મ લે છે એમાંથી કેટલાક જ મને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. એ પ્રયત્ન કરનારા યોગીઓમાંથી પણ કોઈ એક મારામાં પરાયણ થઈને મને તત્ત્વ દ્વારા યથાર્થ રૂપે જાણી શકે છે." (શ્લોક-૩,અધ્યાય-૭). હવે એ જાણવું જરૂરી છે કે ભગવાનને તત્ત્વથી કેવી રીતે જાણવામાં આવે. ભગવાનના સાચા સ્વરૂપને કેવી રીતે સમજી શકાય. જાણી લીધા પછી જ આત્મતત્ત્વ (માઈક્રોકોસ્મોસ)નો પરમાત્મતત્ત્વ (મેક્રોકોસ્મોસ)માં વિલય થઈ શકશે. આ માહિતી આપવા માટે જ તેઓ બતાવે છે કે તેઓ પરા-અપરા પ્રકૃતિમાં ક્યાં ક્યાં રહેલા છે. તેઓ ચાર પ્રકારના ભક્ત બતાવે છે. **અર્થાર્થી** (સાંસારિક પદાર્થો માટે ભજન કરનારા) **આર્ત** (સંકટ નિવારણ માટે ભજન કરનારાઓ), **જિજ્ઞાસુ** (પરમાત્માને તત્ત્વ રૂપે જાણવાની ઈચ્છાથી ભજન કરનારાઓ) તથા **જ્ઞાની**. આ બધામાં ભગવાનને પ્રેમભક્તિ રાખનાર જ્ઞાની જ અતિ ઉત્તમ લાગે છે (શ્લોક ૧૬,૧૭). તેમ છતાં તેઓ કહે છે, "મારા ભક્ત મને કોઈ પણ રીતે ભજે તો પણ અંતે તેઓ મને જ પ્રાપ્ત થાય છે." મદ્‌ભક્તા યાન્તિ મામપિ (શ્લોક ૨૩). ભગવાન આ અધ્યાયના અંતે તથા આઠમા અધ્યાયમાં તેમના પરમધામની તથા તેમનામાં દત્તચિત્ત થયેલ યોગીની ગતિ, પુનર્જન્મ વગેરેથી ચર્ચા કરે છે.

### યોગક્ષેમં વહામ્યહમ્

નવમા અધ્યાયના ૧૩-૧૪મા શ્લોકમાં ભગવાન કહે છે કે અનન્ય મનથી મુક્ત થઈને ભગવાનનું ભજન, તેમના નામ અને ગુણોનું કીર્તન તથા તેમનામાં જ ધ્યાનયુક્ત થઈને અનન્ય પ્રેમથી પ્રભુની ઉપાસના પણ યોગનું એક સાધન છે. નિષ્કામ ભાવથી ભજન કરનારા એવા અનન્ય પ્રેમી ભક્તજનોને હું સ્વયં યોગક્ષેમ પ્રાપ્ત કરાવું છું." આ ખાતરી પ્રભુએ આ જ અધ્યાયના ૨૨મા શ્લોકમાં આપી છે. કોઈ ભક્ત પત્ર, પુષ્પ, ફળ, જળ જે કાંઈ પ્રેમભાવે અર્પણ કરે છે તે પણ તેઓ પ્રીતિ સાથે ગ્રહણ કરે છે." આ પણ તેમની ઘોષણા છે. (શ્લોક ૨૬). કર્મબંધનથી મુક્ત થવાનો એક જ ઉપાય છે કે જે કર્મ કરીએ છીએ, ખાઈએ છીએ, હવન કરીએ છીએ, દાન આપીએ છીએ, તપ કરીએ છીએ, તે બધું જ એ પ્રભુને અર્પણ કરી દો (શ્લોક ૨૭). આવું ન થાય તો વ્યક્તિ યોનિઓના ચક્રમાં ફસાતી જ જશે. તેથી જ ભગવત્‌પરાયણ થઈને યોગમાં સ્થિત થવું એને મુક્તિનો માર્ગ બતાવ્યો છે. ભગવાન કહે છે કે દુરાચારી હોય કે કોઈ પણ હોય, જો તે મારી નિષ્કામ ભક્તિ કરતો હોય તો તે ક્યારેય નાશ પામતો નથી (શ્લોક ૩૧).

### કાલોઽસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો

દસમા અધ્યાય (વિભૂતિયોગ)માં ભગવાન અર્જુનને તેમની વિભૂતિઓની જાણકારી આપે છે તથા તે પછી એટલી જિજ્ઞાસા જગાડીને અગિયારમા અધ્યાય (વિશ્વરૂપ દર્શનયોગ)માં દિવ્ય અલૌકિક ચક્ષુ પ્રદાન કરી પોતાના વિરાટ રૂપનું, યોગશક્તિનું દિગ્દર્શન કરાવે છે." "**નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ પુનશ્ચ ભૂયોઽપિ નમો નમસ્તે**"કહેનારો અર્જુન અતિ વ્યાકુળ થઈને કહી ઊઠે છે કે "આપ મને આપના ચતુર્ભુજ વિષ્ણુ રૂપમાં જ દર્શન કરાવો." અર્જુનને સ્થિર ચિત્તની પ્રાપ્તિ થઈ ગયા પછી ભગવાન કહે છે કે સુદુર્દર્શ એટલે કે ખૂબ જ દુર્લભ દર્શન થાય એવું આ ચતુર્ભુજ રૂપ ફક્ત અનન્ય ભક્તિ દ્વારા જ જોઈ શકાય છે (શ્લોક ૫૩,૫૪). બારમો અધ્યાય (ભક્તિયોગ) અર્જુનને સમર્પણની પરાકાષ્ઠા સુધી લઈ જાય છે. એમાં ભગવાન તેમના ભક્તને કહે છે, "તું મારામાં જ મન લગાડ અને મારામાં જ બુદ્ધિને લગાડ. તે પછી તું મારામાં જ નિવાસ કરીશ, એમાં કોઈ શંકા નથી." (શ્લોક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

૮, અધ્યાય ૧૨). યોગની આ જ કુંજી છે. ભગવાનમાં, આદર્શોમાં, સત્પ્રવૃત્તિઓમાં મન અને બુદ્ધિ નિયોજિત કરવી એ જ સાચો યોગ છે. ભગવાન કહે છે કે "મને અર્પણ કરાયેલ મન-બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે." (શ્લોક ૧૪). બારમો અધ્યાય કોઈ પણ યોગીને ભક્તિયોગના સર્વોપરિ ઉત્કર્ષ સુધી લઈ જાય છે. વીસ શ્લોકોનો આ અધ્યાય પ્રત્યેક સાધક અને પ્રત્યેક યોગી માટે વિશેષ મહત્ત્વનો તથા નિત્ય પાઠ કરવા યોગ્ય છે.

### ક્ષેત્રજ્ઞ તથા ગુણત્રયની વ્યાખ્યા

તેરથી અઢારમા અધ્યાય સુધી ગીતાનો ઉપદેશ જ્ઞાનયોગપ્રધાન છે. એમાં પણ ઘણી જગ્યાએ યોગસાધનાપ્રધાન પ્રસંગો આવ્યા છે. પહેલા જ શ્લોકમાં શ્રી ભગવાન કહે છે કે આ શરીર એક 'ક્ષેત્ર' છે, ખેતર છે, આને જે જાણે છે તે ક્ષેત્રજ્ઞ તથા એના તત્ત્વજ્ઞાનને જાણનારને જ્ઞાની કહે છે. (શ્લોક ૧, અધ્યાય ૧૩). આગળ ભગવાન જ્ઞાનની પરિભાષા આપે છે તથા પરબ્રહ્મની વ્યાખ્યા કરે છે. (ज्योतिषामपि तज्जयोतिः)ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગની આ વ્યાખ્યા પ્રકૃતિ, પરબ્રહ્મ અને તેના એકત્વની પરિણતિ પર કેન્દ્રિત છે. પછીનો ચૌદમો અધ્યાય ગુણત્રયવિભાગયોગ છે. એમાં સતોગુણ, રજોગુણ અને તમોગુણની વ્યાખ્યા છે. કોઈ કેવી રીતે જાણે કે તેનામાં યોગસાધના દ્વારા કોઈ પરિવર્તન થઈ રહ્યાં છે, પ્રગતિ થઈ રહી છે, તો તે માટે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના શિષ્યને શ્લોક ૧૧માં કહે છે કે "જે સમયે આ દેહમાં તથા અંતઃકરણ અને ઈન્દ્રિયોમાં ચેતનતા અને વિવેકશક્તિ ઉત્પન્ન થાય છે, તે સમયે જાણવું જોઈએ કે સત્ત્વગુણ વધ્યો છે." (શ્લોક-૧૧, અધ્યાય-૧૪). સત્ત્વગુણથી જ્ઞાન પ્રાપ્ત થાય છે તથા ફળ રૂપે સુખ, પરમશાંતિ તથા વૈરાગ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે (શ્લોક ૧૬,૧૭). યોગસાધક ચોક્કસપણે સતોગુણની કક્ષામાં ઉચ્ચ સ્થિતિએ વિરાજમાન થાય છે એવું યોગેશ્વરનું માનવું છે. ભગવાન કહે છે કે આ ગુણોથી પર જઈને ગુણાતીત પણ બની શકાય છે, પરંતુ તે માટે કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરી સ્વયંને સચ્ચિદાનંદઘન પરમાત્મામાં સ્થાપિત કરવાનું હોય છે.

### સાચા યોગીનું લક્ષ્ય કયું

પંદરમો અધ્યાય પુરુષોત્તમયોગ છે. સંસારરૂપી અશ્વત્થ વૃક્ષના માધ્યમથી અહીં જ્ઞાનની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે અનોખી છે. ઊર્ધ્વમૂળવાળા પરમેશ્વરના માધ્યમથી શરૂ થતી આ વૃક્ષની શાખા બ્રહ્મ રૂપે અધોક્ષેત્રમાં સ્થિત છે તથા વેદ એનાં પાંદડાં છે. આ વેદનું જેને તત્ત્વજ્ઞાન થયું છે તેને ભગવાન સાચો યોગી કહે છે. આ સંસાર રૂપી પીપળ વૃક્ષની રચનાને સમજી વૈરાગ્યરૂપી શાસ્ત્ર દ્વારા અહંતા, મમતા, વાસના, તૃષ્ણા વગેરે મૂળિયાંને કાપવાં એ જ સાચા યોગીનું લક્ષ્ય હોવું જોઈએ (શ્લોક ૧ થી ૪ સુધી). વાસ્તવમાં આત્મતત્ત્વને જાણવું એ જ યોગની સર્વોચ્ચ સિદ્ધિ છે, પરંતુ એ માટે અંતઃકરણની શુદ્ધિ અનિવાર્ય છે એમ ભગવાન કહે છે. (શ્લોક-૧૧). આગળનો અધ્યાય દૈવાસુરસંપદ્ વિભાગયોગ છે.

આ અધ્યાયમાં ભગવાને પ્રથમ શ્લોકમાં જ "જ્ઞાન યોગ વ્યવસ્થિતિઃ" કહીને દૈવી સંપદાનાં લક્ષણો બતાવ્યાં છે. એ પછી તેઓ ત્રીજા અધ્યાયની જેમ કામ, ક્રોધ, તથા લોભને નરકના દ્વાર બતાવે છે, જે આત્માનો નાશ કરનારા છે તથા યોગીને પથભ્રષ્ટ કરનારા છે. (શ્લોક ૨૧).

### श्रद्धामयोऽयं पुरुषः

આ પછીનો સત્તરમો અધ્યાય શ્રદ્ધાત્રયવિભાગયોગ છે. એમાં ભગવાન ત્રીજા શ્લોકમાં કહે છે -

**सत्त्वानुरुपा सर्वस्य श्रद्धा भवति भारत ।**
**श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥**

"હે ભારત ! બધા લોકોની શ્રદ્ધા તેમના અંતઃકરણને અનુરૂપ હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે તેથી જે પુરુષ જેવી શ્રદ્ધાવાળો છે તે સ્વયં તેવો જ છે." એની વિસ્તારથી વ્યાખ્યા કરવામાં આવે તો યોગદર્શનનો એક અતિ મહત્ત્વનો પ્રસંગ પ્રગટ થાય છે કે જે વ્યક્તિ પોતાના વિષયમાં જેવું ચિંતન કરે છે તે તેવી જ બનતી જાય છે, એના વ્યક્તિત્વનું નિર્ધારણ તેની પોતાના પ્રત્યેની દૃષ્ટિ અનુસાર તથા વિધેયાત્મક-નિષેધાત્મક ચિંતન અનુસાર હોય છે. આ અધ્યાયમાં ભગવાન યોગીના આહાર વિશે પણ વર્ણન કરે છે.

**आयुः सत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।**
**रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्विकप्रियाः ।**

અર્થાત્ આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનાર રસયુક્ત, ચિકાશયુક્ત અને સ્થિર રહેતા તથા સ્વભાવથી જ મનને પ્રિય એવો આહાર અર્થાત્ ભોજય પદાર્થ સાત્ત્વિક સાધકને પ્રિય હોય છે અર્થાત્


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યોગીનો આહાર એવો જ હોવો જોઈએ. આગળ ભગવાન કહે છે કે યોગીએ મન સંબંધી તપનું પણ પાલન કરવું જોઈએ. મન સદા પ્રસન્ન રહે, શાંત રહે, તે ભગવત્ચિંતનમાં લાગેલું રહે, મનનો નિગ્રહ થતો રહે તથા અંતઃકરણના ભાવ પવિત્ર રહે (શ્લોક ૧૬). ભગવાન અંતિમ શ્લોક ૨૮માં કહે છે કે શ્રદ્ધા વિના કરવામાં આવેલું કોઈ પણ કાર્ય અસત્ છે, તે ન તો આ લોકોમાં લાભદાયક છે કે ન મર્યા બાદ.

## સાત્ત્વિક ધારણાશક્તિ

અઢારમો અંતિમ અધ્યાય છે- મોક્ષસંન્યાસયોગ. આખી ગીતા સાંભળ્યા બાદ એમાં જ અર્જુન અંતે (૭૩મો શ્લોક) કહી બેસે છે કે આટલું બધું સાંભળ્યા બાદ મારો મોહ નષ્ટ થઈ ગયો અને મેં સ્મૃતિ પ્રાપ્ત કરી લીધી. હવે હું કોઈપણ પ્રકારની શંકા વિના આપની આજ્ઞાનું પાલન કરીશ. આ અધ્યાયમાં યજ્ઞ, દાન, તપ વગેરે કેટલાય પ્રકારોની વ્યાખ્યા બાદ ૩૩મા શ્લોકમાં ભગવાને કહ્યું છે-

**धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।**
**योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥**

અર્થાત્ હે પાર્થ ! જે દોષરહિત અવ્યભિચારિણી ધારણશક્તિથી મનુષ્ય ધ્યાનયોગ દ્વારા મન, પ્રાણ અને ઈન્દ્રિયોની ક્રિયાઓને ધારણ કરે છે તે ધૃતિ સાત્વિકી છે.'' ભગવાન જેને અવ્યભિચારિણી ધૃતિ કહી રહ્યા છે તેનો આશય છે, ભગવાન સિવાય અન્ય સાંસારિક દોષો પર વિચાર તથા એ વિષયોને ધારણ કરવાં તે વ્યભિચાર-દોષ છે. જે એવા દોષથી રહિત છે તે અવ્યભિચારિણી ધારણા છે. ભગવાન તેને સાત્વિક સુખ પણ કહે છે, જેમાં વ્યક્તિ ભગવાનના ભજન, ધ્યાન, સેવા વગેરેમાં રમણ કરે છે. વિવેકશીલ દૂરદર્શી એવા જ સુખની શોધમાં રહે છે. એવો ભગવાનનો મત છે. (શ્લોક ૩૬,૩૭). અંતઃકરણનો નિગ્રહ કરનાર, ઈન્દ્રિયોનું દમન કરી સતત પરમાત્માની અનુભૂતિ કરનારને ભગવાન બ્રાહ્મણ કહે છે. (શ્લોક ૪૨).

## યોગીનાં લક્ષણો

શ્લોક ૫૧-૫૩માં યોગની પરાકાષ્ઠાની ઓળખ માટે ભગવાન કેટલાંક લક્ષણો બતાવે છે, ''વિશુદ્ધ બુદ્ધિવાળો, નિયમિત હલકું સાત્ત્વિક ભોજન કરનાર, એકાંત શુદ્ધ દેશનું સેવન કરનાર, સાત્ત્વિક ધૃતિ દ્વારા અંતઃકરણ અને ઈન્દ્રિયોનો સંયમ કરી મન, વાણી અને શરીરને વશીભૂત કરી લેનાર, રાગ-દ્વેષનો બધી રીતે નાશ કરી દઢ વૈરાગ્યનો આશ્રય લેનાર તથા અહંકાર-બળ-કામ-ક્રોધ-પરિગ્રહનો ત્યાગ કરી સતત ધ્યાનયોગમાં લીન રહેનાર, મમતાથી દૂર અને પરમશાંતિથી યુક્ત પુરુષ સચ્ચિદાનંદ બ્રહ્મમાં અભિન્ન ભાવે વિરાજમાન હોય છે.''

કેવી સુંદર અને વિશદ વ્યાખ્યા તથા યોગની ફળશ્રુતિઓની પાવન ચર્ચા છે! પરમેશ્વરના શરણે જવાથી જ પરમશાંતિ મળશે એવો ગીતાકારનો મત છે. (શ્લોક ૬૨). યોગનું લક્ષ્ય પણ એ જ છે. ન પ્રવચનથી, ન બહુ અધ્યયનથી, ન જ્ઞાનથી, પરંતુ પરમાત્માને તત્ત્વથી સમજીને આત્મસાત્ કરી એમનામાં સ્વયંનો લય કરી દેવો એ જ યોગ છે તથા આ જ શ્રીમદ્ભગવદ્ગીતાનો સૌથી મહાન એવા અનુપમ સંદેશ છે. તેથી જ તેઓ કહે છે,

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

તું સંપૂર્ણ કર્તવ્યકર્મોનો ત્યાગ કરી મારામાં તેમને અર્પિત કરી માત્ર એક મારા, સર્વશક્તિમાન પરમેશ્વરની શરણમાં આવી જા. હું તને બધાં પાપોથી મુક્ત કરી દઈશ, તું શોક ન કર. (શ્લોક ૬૬).

આટલું સાંભળ્યા બાદ અર્જુન જ નહીં, કોઈ પણ શંકાયુક્ત, યોગપથ પર ચાલનારના બધા સંદેહ અને સંતાપ દૂર થઈ જાય છે તથા એક જ વાણી ગૂંજી ઊઠે છે

**करिष्ये वचनं तव ! करिष्ये वचनं तव ॥**

❀ ❀ ❀

**આજનું કામ**
**કાલ પર ન છોડો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ વિભીષિકાઓના નિવારણાર્થે યુગ પ્રાર્થના

મનુષ્ય પોતે પોતાની રીતે સમર્થ, સુયોગ્ય અને પોતાનો ભાગ્યવિધાતા છે. સંસારની સર્વ પ્રગતિ, માનવદત્ત પ્રગતિ છે. ઈશ્વરનો રાજકુમાર હોવાને નાતે મનુષ્યમાં પરમાત્માની બધી શક્તિઓ સૂક્ષ્મરૂપે રહેલી છે. તે એ શક્તિઓના કારણે જ સૃષ્ટિમાં મહાન છે. જ્યારે તે સાચી દિશામાં પોતાની ક્ષમતાઓનું આયોજન કરે છે, ત્યારે સુખી રહે છે, બીજાને પણ ઉન્નત બનાવે છે, પરંતુ ક્યારેક-ક્યારેક પોતાના અજ્ઞાન અને દુર્બુદ્ધિથી પોતાના માટે ભયાનક સંકટોને આમંત્રિત કરી દે છે. ભ્રષ્ટચિંતન, દુષ્ટ આચરણ અપનાવી પોતે તો કષ્ટ પામે છે, પ્રકૃતિને પણ ક્ષુબ્ધ કરે છે. જેનાથી પ્રાકૃતિક રોષ અનેક પ્રાકૃતિક પ્રકોપો, આપત્તિઓ રૂપે માનવને સંત્રસ્ત કરે છે.

આજ કંઈક એવો જ સમય છે. મનુષ્યનું અચિંત્ય ચિંતન અને દુષ્ટ કર્મોનું પરિણામ અનેક રૂપે માનવ ભોગવી રહ્યો છે. અન્યાય, અત્યાચાર, હિંસા, હત્યા, આતંકવાદ, ભૂકંપ વગેરે પ્રાકૃતિક ઉપદ્રવો એટલી હદે વધી ગયા છે કે માનવનું જીવવું મુશ્કેલ થઈ ગયું છે. જો આવી જ પરિસ્થિતિ રહી, તો સમગ્ર ધરતીનો સર્વનાશ થવો સુનિશ્ચિત છે.

પરમપૂજ્ય ગુરુદેવે માનવજાતિને સર્વનાશથી બચાવવા અને ઉજ્જ્વલ ભવિષ્ય તરફ કદમ વધારવા માટે નવસર્જન અભિયાન ચલાવ્યું છે, પરંતુ આજના સમયની વિષમ વિકરાળતાને જોતાં લાગે છે કે પરિસ્થિતિઓ પર નિયંત્રણ નહીં રાખી શકાય. પતનનું ગતિશીલ ચક્ર અટકતું જ નથી, ઊલટું વધુ તીવ્રતાથી ફરી રહ્યું છે.

વ્યક્તિગત કે સામૂહિક મુશ્કેલીઓ જ્યારે જ્યારે વ્યક્તિ કે સમાજના સામર્થ્યની બહાર જતી દેખાય છે, ત્યારે ત્યારે વ્યક્તિ અને સમાજ વ્યાકુળ હૃદયે ભગવાનને પુકારે છે. આ ભાવભર્યા નાદને જ પ્રાર્થના કહેવાય છે. હાથીને મગરથી, દ્રૌપદીને દુઃશાસનથી બચાવવા માટે ભગવાન પ્રાર્થના સાંભળીને આવ્યા હતા. ગાંધીથી માંડી ગુરુદેવ સુધી સૌએ પ્રાર્થનાને નિત્ય-જીવનનું અનિવાર્ય અંગ માની છે. વિશ્વના તમામ ધર્મોમાં પ્રાર્થના પર ભાર મૂકવામાં આવે છે. જ્યારે ઘોર સંકટનાં વાદળો માનવતા પર છવાયાં છે, ત્યારે પ્રાર્થના થકી એનાથી રક્ષણ મેળવ્યું છે. સ્કાયલેબની સંભવિત દુર્ઘટનાથી ભારતીયોને બચાવા પૂજ્ય ગુરુદેવ દ્વારા ચલાવાયેલા પ્રાર્થના-સાધનાનો કાર્યક્રમ સૌને યાદ છે.

પ્રાર્થનાનું મહત્ત્વ તમામ મહાન પુરુષોએ સ્વીકાર્યું છે. ગાયત્રી મહામંત્ર પ્રાર્થનાનો વિશિષ્ટ મંત્ર છે, જેમાં સન્માર્ગ પર પ્રેરિત કરતા રહેવાની પ્રાર્થના ભગવાનને કરવામાં આવી છે. પ્રાર્થનાથી માત્ર સંકટોનું જ નિવારણ થાય છે એમ નહીં, સમર્થ શ્રેષ્ઠ જીવનની પ્રાપ્તિ થાય છે. પ્રાર્થનાના લાભ જણાવતાં પૂજ્ય ગુરુદેવે વાઙ્મય ૩/૮.૨માં લખ્યું છે, "પ્રાર્થનાના આધ્યાત્મિક વ્યાયામથી મનુષ્યનું મનોબળ સુદૃઢ થાય છે. આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા, ઈચ્છાશક્તિ વિકસે છે, દૂષિત મન ધોવાઈને સ્વચ્છ અને પૂર્ણપવિત્ર થાય છે. પ્રાર્થનાથી ચિત્તમાં સુવ્યવસ્થા, મનમાં એકાગ્રતા, બુદ્ધિમાં તીક્ષ્ણતા તથા વિવેકની જાગૃતિમાં અસાધારણ ઉન્નતિ થાય છે. પ્રાર્થનામાં જે સંભાવનાઓ, જે ઉત્તમ ઈચ્છાઓ પ્રકાશિત કરવામાં આવે છે, એનાથી એક પ્રકારનો આધ્યાત્મિક પ્રવાહ ફેલાવા લાગે છે. પ્રાર્થનાથી આસપાસનું સમસ્ત વાતાવરણ પવિત્રતા, શાંતિ તથા વિશ્વપ્રેમની પુષ્ટ ધારાઓથી ઘનીભૂત થઈ ઊઠે છે.

પ્રાર્થનાથી ઘણા લાભ થાય છે. માનવ અનેક ઉપલબ્ધિઓ મેળવે છે, પરંતુ પ્રાર્થના સાચી રીતે થવી જોઈએ. પૂજ્ય ગુરુદેવ કહે છે કે પ્રાર્થના બે રીતે કરવામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે છે- એકાકી અને સામૂહિક. એકાકી પ્રાર્થના કરવી જોઈએ, એનું મહત્ત્વ અને લાભ છે, પરંતુ સામૂહિક પ્રાર્થના વિશેષ પ્રભાવકારી અને ફલદાયિની છે. પ્રાર્થના જ્યારે કરવામાં આવે ત્યારે હૃદયની સમગ્ર ભાવનાઓને એકત્ર કરી પૂર્ણ અંતઃકરણથી ભગવાનને પોકારીએ, પ્રાર્થનામાં તન્મય બનીએ. પોતાની શુધ-બુધ ભૂલી જઈએ. એક દૃષ્ટાંત પૂજ્ય ગુરુદેવ કહેતા - એક સંત ભગવાનની પ્રાર્થના કરી રહ્યા હતા. ત્યાં કોઈ બાળક આવ્યો, તે કંઈક જુદી રીતે પ્રાર્થના કરવા લાગ્યો. જ્યારે પ્રાર્થના પૂરી થઈ તો સંતે બાળકને તતડાવી નાંખતાં કહ્યું- તારે પ્રાર્થના હૃદયના ઊંડાણમાં અને પૂર્ણ એકાગ્રતાથી કરવી જોઈએ. તું તો ઉપરછલ્લું જ બોલતો હતો. બાળકે નમ્રતાપૂર્વક કહ્યું - પૂજ્યવર જો આપ પ્રાર્થનામાં પૂર્ણ તન્મય હતા, તો આપને કઈ રીતે ખબર પડી કે હું શું કરી રહ્યો હતો? એનો અર્થ એ કે આપનું મન પ્રાર્થનાના ભાવોમાં લીન નહોતું, અમારા જેવા અજાણ્યા લોકોની હરકતોમાં લાગેલું હતું. સંતને પોતાની ભૂલ સમજાઈ. એમણે સારી રીતે પ્રાર્થના કરવાની શરૂ કરી. શબ્દોને ઝડપથી પોપટની જેમ બોલી જવું એ પ્રાર્થના નથી, એ તો એક પ્રકારનો અભિનય છે. પ્રાર્થના તો આત્મવિશ્વાસથી સિંચિત હોવી જોઈએ. આપણા શબ્દોમાં જેટલી શ્રદ્ધા હશે, લોકહિત માટે સંવેદના હશે, જેટલો વધુ વિશ્વાસ હશે, એટલી સારી રીતે પરમાત્મા સુધી આપણી પ્રાર્થના પહોંચી જશે અને તદનુરૂપ તેનું સારું પરિણામ પ્રાપ્ત થશે.

પ્રાર્થના કરવાની ક્રિયા સાચી હોય, પરંતુ ભાવના અને ઉદ્દેશ ઉચ્ચસ્તરનો ન હોય તો એના ખૂબ સીમિત લાભ મળે છે. હિંદુ, મુસ્લિમ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી, શીખ વગેરે બધા ધર્મ સંપ્રદાયોની પ્રાર્થનાઓમાં વિશ્વહિતની ભાવનાઓ જ સમાયેલી છે. વ્યક્તિગત હિત માટે સકામ પ્રાર્થનાઓ પણ કરવામાં આવે છે. એનાથી પણ લાભ મળે છે. પણ તે ખૂબ સામાન્ય હોય છે. માટે પ્રાર્થના કરવા પાછળ ઉચ્ચ ઉદ્દેશ જોડાયેલો હોવો જોઈએ.

હાલમાં સંસારની બધી સમસ્યાઓનું સમાધાન અને પ્રતિકૂળતાઓના નિવારણમાં જુદા જુદા વર્ગના લોકો પોતપોતાની રીતે મથે છે. ધર્માધ્યક્ષ, વૈજ્ઞાનિક, રાજનેતા, ધનાધ્યક્ષ, બુદ્ધિજીવી બધા સંસારના પતનને રોકવા અને ઉત્થાનને વધારવામાં વ્યસ્ત દેખાય છે, પણ એ બધા દુર્બુદ્ધિ અને અનાસ્થાના કારણે બગાડી રહ્યા છે. વધારે અને સુધારે છે ઓછું. આજની બધી મુશ્કેલીઓ આ જ મૂર્ધન્ય વર્ગોની જ ભેટ છે.

હવે સમાજના મૂર્ધન્ય વર્ગ સહિત સમસ્ત માનવ સમુદાયે તમામ સમસ્યાઓના એકમાત્ર હલ સદ્જ્ઞાન સંવર્ધન પર જ ધ્યાન આપવું પડશે. હિન્દુ, મુસલમાન, શીખ, ખ્રિસ્તી વગેરે બધા ધર્મો વર્ગોએ હવે એક જ પ્રાર્થના કરવી જોઈએ કે ભગવાન સદ્જ્ઞાન આપી આ ધરતીને વિનાશથી બચાવો.

નવસર્જન અભિયાનને સફળ બનાવવાનું ગુરુદેવનું સપનું સાચું પડવા આવ્યું છે. એમની પ્રેરણાર્થે વિશ્વવ્યાપી પ્રાર્થના અભિયાનનો માહોલ બની રહ્યો છે. હવે તમામ મનુષ્યોના મનમાં આતંક, અનીતિ, અનાચારોથી ઘૃણા ઉત્પન્ન થઈ છે. ભોગવાદી જીવને તમામ સુખ-શાંતિ છીનવી છે. હવે એક જ વિચારધારા સૌના મનમાં ઉઠી રહી છે કે પ્રભુ સદ્જ્ઞાન આપી આ વિશ્વને બચાવો. દુષ્ટતા તો બળપ્રયોગથી જ સાચા રસ્તે આવે છે, પરંતુ જનસામાન્યના મનમાં સદ્ભાવો, સુસંસ્કારોનું આરોપણ પ્રાર્થના વગેરે ઉપચારોથી જ સંભવિત બની શકે છે. આજે એ જ થઈ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં સદ્જ્ઞાનની, સદ્વિવેકની માંગ ઉઠી રહી છે. પરમપૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી વિશ્વ જનમતની આ માંગને 'યુગપ્રાર્થના'માં અભિવ્યક્ત કરી જન-જન સુધી પ્રચલિત પ્રસારિત કરવાના પ્રયાસનો પ્રારંભ ગાયત્રી તપોભૂમિથી થઈ ગયો છે.

'સદ્જ્ઞાન પ્રાર્થના' જેમાં સમસ્ત માનવતાના કલ્યાણ અને વિકાસની પ્રાર્થના કરવામાં આવી છે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આતંક, અનીતિ, હિંસા, ભ્રષ્ટતાથી બચવા સંકલ્પ ભાવના જગાડવામાં આવી છે. સત્કર્મ, સદ્ભાવનાથી ભરેલું યજ્ઞીય જીવન અપનાવીને સતયુગી સમાજ નિર્માણને ચરિતાર્થ કરવાની દિવ્ય પ્રેરણા જગાડવામાં આવી છે. એ વ્યક્તિ-વ્યક્તિ સુધી પહોંચે અને પ્રત્યેક મનુષ્ય આ પ્રાર્થનામાં ભાગ લે તે જરૂરી છે. આ સત્ય યોગ્ય રીતે દરેક વ્યકિતને સમજાવવું જોઈએ. આ પ્રાર્થના આંદોલનને સફળ બનાવવા માટે આ આત્મીય અનુરોધ વધુમાં વધુ લોકોને વંચાવવો જોઈએ, જેથી લોકો આ પ્રાર્થનાની જરૂરિયાત અને મહત્તાને સમજીને પ્રાર્થના કરવા સહમત થઈ શકે, સાથેસાથે પ્રાર્થનાની પ્રત વધુ ને વધુ લોકો સુધી પહોંચે એવી વ્યવસ્થા કરવી જોઈએ. આ પ્રાર્થના સામૂહિક રીતે સુંદર રીતે લોકો કરી શકે તેવી દૃષ્ટિથી એની ઓડિયો કેસેટનું નિર્માણ કરાવવામાં આવ્યું છે. કેસેટની મદદથી સામૂહિક રીતે પ્રાર્થના કરવામાં સરળતા રહે છે. શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો, પ્રજ્ઞામંડળો, મહિલા મંડળોની સાથે સંસ્થાનાં અન્ય સમસ્ત સંગઠનોના લોકોએ એમાં ભાગ લેવો જોઈએ. બહેનો બપોરે ૨ થી ૪ સુધી પારિવારિક કાર્યોમાંથી ઘણુંખરું મુક્ત રહે છે. એ વખતે તેઓ સત્સંગ માટે વારાફરતી અલગ અલગ ઘરે એકઠી થાય અને સત્સંગમાં આ પ્રાર્થના સામૂહિક રીતે ભાવનાપૂર્વક કરવી જોઈએ.

માત્ર ગાયત્રી પરિવાર જ નહીં, પણ દરેક ધર્મ, દરેક વર્ગના લોકો એ કરે, એવા પ્રયાસો કરવા જોઈએ. એમાં તમામ ધર્મ-મતોની મૂળ માન્યતાઓને અનુરૂપ જ ભાવ ભરેલો છે, જે બધા માટે માન્ય થઈ શકે છે.

પૂજ્ય ગુરુદેવની આ મહાન પ્રેરણાને જે સદ્જ્ઞાન પ્રાર્થના રૂપમાં લાખો લોકો સુધી પહોંચી રહી છે, એને જન-જન સુધી પહોંચાડવામાં હવે કોઈ કસર ન રહેવી જોઈએ. પ્રશ્ન કોઈ નવો આધ્યાત્મિક ઉપચાર કરવા-કરાવવાનો નથી, પણ સમગ્ર વિશ્વની શાંતિ અને પ્રગતિનો છે. જો યુગપ્રાર્થનાના ભાવોને હૃદયંગમ બનાવી ન શકાય તો મહાનાશથી બચવા-બચાવવાનું અસંભવ બની જશે. તો શા માટે આપણે સૌ વિશ્વ કલ્યાણની શ્રેષ્ઠ ભાવનાઓ-વિચારણાઓને યુગ પ્રાર્થનાના માધ્યમથી જીવનમાં ઉતારીને ધરતી પર સ્વર્ગ જેવી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરવાના મહાકાલના સંકલ્પમાં સહયોગી ન બનીએ?

'સદ્જ્ઞાન પ્રભુ આપો' આ શીર્ષક હેઠળ યુગપ્રાર્થના યુગ શક્તિ ગાયત્રીના અંકમાં છપાઈ ગઈ છે, આ અંકમાં પણ છપાઈ રહી છે તથા અલગથી છપાવીને હજારો પરિજનો સુધી પહોંચાડવામાં પણ આવી છે. પરંતુ આટલાથી કામ કેવી રીતે ચાલશે? જન-જન સુધી પ્રાર્થના પહોંચવી અને થવી જોઈએ. એટલા માટે કેસેટ અને પ્રાર્થનાપત્રક બંને અહીંથી મંગાવી વધુ ને વધુ વહેંચીએ. આપ દ્વારા નિભાવતી જવાબદારી યુગધર્મ છે. એનું સત્પરિણામ અનેક રૂપે આપને દૈવી અનુગ્રહ, આત્મસંતોષ અને લોકસન્માન અપાવતું દૃષ્ટિગોચર થશે.

**કઠોર તપશ્ચર્યાથી બુદ્ધને આત્મબોધ થયો. તેઓ મોક્ષ તરફ વધી શકતા હતા, પરંતુ એમનું લક્ષ્ય હતું અનાચાર, કુરીતિથી ભરેલા સમાજનું પરિશોધન અને વિવેક રૂપ અસ્ત્ર દ્વારા જનમાનસનો પરિષ્કાર- ઈશ્વરીય સંદેશને જન-જન સુધી પહોંચાડીને તે વિચારક્રાંતિ કરી શકવામાં સફળ થયા. પ્રવ્રજ્યા બૌદ્ધ ધર્મનું મુખ્ય અંગ મનાતી હતી. ભિક્ષુકગણ સમગ્ર વિશ્વમાં એમનો સંદેશ પહોંચાડવાનું લક્ષ્ય પુરૂં કરી શક્યા. સિદ્ધાર્થમાં વિશ્વકલ્યાણની ઈચ્છા બીજ રૂપે ફાલી તે ગૌતમ બુદ્ધ રૂપે વિકસિત, પલ્લવિત થઈને સમગ્ર માનવતાને ધન્ય કરી ગઈ.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સદ્જ્ઞાન પ્રભુ દે દીજિએ

વંદના હમ કર રહે, સદ્જ્ઞાન પ્રભુ દે દીજિએ ।
વિશ્વસે અજ્ઞાન, અવગુણ, નાથ સબ હર લીજિએ ॥
લોકહિતકી ભાવના ઔર, કામના મનમેં જગે ।
હર હૃદયકો પ્યારકે, આલોકસે ભર દીજિએ ॥
બઢ રહી હત્યાએં નિશદિન, વિશ્વમેં પશુ-જીવકી ।
કરુણા દયાકા ભાવ હો, વરદાન હમકો દીજિએ ॥
મોહ તૃષ્ણામેં ફસા મન, શ્રેય પથ ભૂલા રહા ।
કૃષ્ણ બન ગીતા સુના કર, મોહકો હર લીજિએ ॥
આજકે યે અસુર-દાનવ, દે રહે અતિ કષ્ટ હૈં ।
નષ્ટ કરને નાથ આઓ, પ્રણ તો પૂરા કીજિએ ॥
ભૂકંપસે, આતંકસે, સબ ઓર હાહાકાર હૈ ।
હો પ્રકૃતિ અનુકૂલ પ્રભુ વહ, રાહ દિખલા દીજિએ ॥
સબ કરેં વ્યવહાર એસા, હો ન હિંસા વિશ્વમેં ।
યજ્ઞમય જીવન જિએ પ્રભુ, દિવ્યતા દે દીજિએ ॥
કાઁપ ઊઠતી ભયસે ધરતી પાપ જ્યોં-જ્યોં બઢ રહા ।
હે પ્રભો, પ્રજ્ઞા જગા, સદ્ભાવના ભર દીજિએ ॥
આતંક દુઃખ બિખરાવકો, જગસે મિટા દે હે પ્રભુ ।
શાંતિ સુખ સંતોષકા, વિજ્ઞાન સબકો દીજિએ ॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીમદ્ ભાગવત કથા

# કૃષ્ણ-બલરામ દ્વારા અસુરોનો ઉદ્ધાર

(ગતાંકથી આગળ)

કોઈ પ્રકારના બંધન વિના સ્વેચ્છાએ શરીર ધારણ કરનાર, મૂર્તિમાન, જ્ઞાન સ્વરૂપ, સર્વના કારણરૂપ તથા સૌમાં આત્મસ્વરૂપે સ્થિત રહેનાર હે પ્રભુ આપને નમસ્કાર.

વૃંદાવનમાં એક એક કરીને દુષ્ટોનો સંહાર કરતા ભગવાન શ્રીકૃષ્ણ શુકલ પક્ષના ચન્દ્રની જેમ વિકસિત થઈ રહ્યા હતા. તે દિવસોમાં બધાં સ્ત્રી-પુરુષો તથા પશુઓ પાણીની જરૂરત યમુનાથી જ પૂરી કરતાં. લોકોએ જોયું કે યમુનામાં પાણી ઝેરી અને વપરાશ માટે બિનઉપયોગી બનતું જાય છે. તેનું કારણ શોધતાં જણાયું કે કાલી નાગ નામે નાગરાજ પોતાના સેવકો સહિત તે પાણીમાં વિહાર કરે છે અને તેના ઝેરની અસરથી જ પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે. ઝેરને કારણે કોઈ સાપને રોકી પણ ન શક્યું. પરંતુ નંદના દુલારા કૃષ્ણને જાણ થઈ તો તેમણે તેને શીખ આપવા નિર્ણય કર્યો.

શુકદેવજીએ કહ્યું, 'પરીક્ષિત, ભગવાનનો અવતાર દુષ્ટોનું દમન કરવા જ થતો હોય છે. જ્યારે તેમણે જોયું કે સાપના વિષનો વેગ બહુ ભયંકર છે અને તે ભયાનક વિષ જ તેનું મહાબળ છે તથા તેને કારણે મારા વિહારનું સ્થાન યમુનાજી પણ દૂષિત થઈ ગયાં છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાની કમર પરની ભેટ કસીને એક બહુ ઊંચા કદંબના વૃક્ષની ઉપર ચડી ગયા અને ત્યાંથી જ પગની જાંઘ પર થાપ મારતા તે ઝેરી યમુનાજળમાં કૂદી પડ્યાં.

શ્રીકૃષ્ણ સીધા કાલિયા નાગની સામે જઈ પહોંચ્યાં. ક્રોધી નાગ પોતાના બળના અહંકારમાં કોઈને કંઈ વિસાતમાં લેતો ન હતો. તેણે શ્રીકૃષ્ણ પર આક્રમણ કરી દીધું પરંતુ શ્રીકૃષ્ણની પાસે તેનું કશુંય ચાલ્યું નહિ. તેણે પરાજિત થઈને તેમની સમક્ષ આત્મસમર્પણ કર્યું.

આ બાજુ વૃંદાવનમાં એ સમાચાર પહોંચ્યા કે શ્રીકૃષ્ણ કાલિયા નાગના સ્થાન પર યમુના નદીમાં કૂદી પડ્યાં છે. નંદબાબા અને યશોદામાતા સહિત બધા લોકો યમુના તટે પહોંચ્યા. ત્યાં સુધી શ્રીકૃષ્ણ નાગ સહિત બહાર આવ્યા. નાગે પોતાના અપરાધની ક્ષમા માંગી.

શુકદેવજી કહે છે, 'કાલિ નાગની વાત સાંભળીને લીલા પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું, હે સર્પ હવે તારે અહીં રહેવું ન જોઈએ. તું પોતાના જાતિભાઈ, પુત્ર અને સ્ત્રીઓની સાથે તુરત જ અહીંથી સમુદ્રમાં સિધાવ જેથી ગાયો અને માણસો પાણીનો ઉપયોગ કરી શકે.

શ્રીકૃષ્ણની આજ્ઞા અનુસાર કાલિય નાગ ત્યાંથી ચાલ્યો ગયો. શ્રીકૃષ્ણ અને બલરામ સહિત બધા ગોપબાળો પોતપોતાની રોજિંદી સ્વાભાવિક દિનચર્યામાં લાગી ગયા. ત્યારે પ્રલંબ નામે રાક્ષસ ત્યાં આવી પહોંચ્યો, તેણે વિચાર્યું કે (શ્રીકૃષ્ણ વિશે) ખૂબ આતંક-ભય ફેલાયો છે, સૌપ્રથમ બલરામને જ ઠેકાણે પાડવો જોઈએ. તે તકની રાહ જોવા લાગ્યો.

કૃષ્ણ-બલરામ ગોવાળોની સાથે ખેલકૂદમાં પ્રવૃત્ત થયા. શરત એ હતી કે હારનારી ટોળીના છોકરાઓ જીતનારને પોતાના ખભા પર બેસાડીને ઘુમાવે. પ્રલંબ પણ બાળકનું રૂપ લઈ કૃષ્ણની ટોળીમાં સામેલ થઈ ગયો. રમતમાં બળરામની ટોળી જીતી ગઈ. શરત પ્રમાણે કૃષ્ણ સહિત તેની ટોળીના ભેરુઓ બળરામની ટોળીના ખેલાડીઓને ખભા પર બેસાડવા લાગ્યા. પ્રલંબે બળદેવજીને પોતાના ખભા પર બેસાડી દીધા અને તક મળતાં ભાગી છૂટયો. બાળક બલરામ વિશાળકાય રાક્ષસના આ કૃત્યથી ક્ષણભર માટે હેબતાઈ ગયો, પરંતુ તેણે તુરંત પોતાની જાતને સંભાળી લીધી.

બીજી જ ક્ષણે પોતાના સ્વરૂપની યાદ આવતાં જ તેનો ભય લુપ્ત થઈ ગયો. બળરામજીએ જોયું કે જેવી રીતે ચોર કોઈકનું ધન ચોરીને લઈ જાય છે, તે જ રીતે આ શત્રુ મને આકાશ માર્ગે લઈ જઈ રહ્યો છે. તે સમયે જેવી રીતે ઈન્દ્રએ પર્વતો પર વ્રજ માર્યું હતું એ જ રીતે તેમણે ક્રોધ કરીને તેના માથા પર કચકચાવીને મુક્કો લગાવી દીધો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રી બલરામજીનો જોરદાર મુક્કો ખાઈને તે રાક્ષસ હોશકોશ ખોઈ બેઠો અને કપાયેલા વૃક્ષની જેમ ધરતી પર ઢળી પડચો. તેનો પ્રાણ નીકળી ગયો. શ્રીકૃષ્ણ સહિત બધા બાળગોઠિયાઓએ બળરામજીને ઘેરી લીધા અને તપાસ કરી કે તેમને વાગ્યું તો નથી ! તેમના સાહસ અને સમતોલપણાની પ્રશંસા કરતા, દુષ્ટ રાક્ષસના કપટની તેને યોગ્ય શિક્ષા-દંડ મળી જતાં પ્રસન્નતા પ્રગટ કરી. તે પછી બધા સખાઓ હસતા, ખેલતા, કૂદતા ગાયો સાથે પોતપોતાના ઘેર પાછા ફર્યાં.

શ્રીકૃષ્ણ પોતાના મિત્ર-ગોઠિયાઓની ટોળીમાં રમતા રમતા પોતાના શ્રેષ્ઠ ગુણોનો વિકાસ કરતા રહેતા હતા. પ્રકૃતિના સાંનિધ્યમાં રહીને તેઓ વિવિધ માધ્યમો દ્વારા તેમને શિક્ષણ-તાલીમ આપતા રહેતા. વર્ષાઋતુમાં જ્યારે ચારે બાજુ જંગલ લીલાંછમ-હર્યાભર્યા સુંદર દેખાવા લાગ્યા ત્યારે શ્રીકૃષ્ણ તેમને સમજાવતા કહેવા લાગ્યા. નવા વરસાદી પાણીના સેવનથી બધા જળચર અને સ્થળચર પ્રાણીઓની સુંદરતા વૃદ્ધિ પામી, જેમ ભગવાનની સેવા કરવાથી બાહ્ય અને અંતર બન્ને રૂપો સુદઢ બની રહે છે.

આ જ રીતે પહાડો પર તીવ્ર વર્ષા થતી બતાવીને તેઓ બોલ્યા - મૂશળધાર વર્ષાની થપાટો ખાતાં ખાતાં પણ પર્વતોને કોઈ પીડા થતી નથી, જેવી રીતે પોતાનું ચિત્ત ભગવાનને સમર્પિત કરી દીધું છે, તેમને દુઃખોની ભરમાર હોવા છતાં પણ કોઈ પ્રકારની પીડા નથી હોતી.

એકવાર શ્રીકૃષ્ણ-બળદેવ પોતાના સખાઓની સાથે ગાયો ચરાવતા વૃંદાવનથી બહુ દૂર નીકળી ગયા. ગરમીની ઋતુ હતી અને તડકો તેજ હતો. ત્યાં પાસે જ સઘન વૃક્ષોની છાયામાં તેઓ બધા બેસી ગયા, ત્યારે શ્રીકૃષ્ણ સખાઓને કહેવા લાગ્યા, મારા પ્રિય મિત્રો, જરા આ વૃક્ષોને નિહાળો, તેઓ કેટલાં ભાગ્યશાળી છે ! તેમનું સમગ્ર જીવન બીજાઓ પર ભલાઈ કરવામાં વ્યતીત થાય છે. તેઓ પોતાની છાયા, લાકડાં, પાંદડાં, ફૂલ-ફળ આદિ બધાં અંગો દ્વારા પ્રાણીમાત્રની સેવા કરે છે.

મારા પ્યારા દોસ્તો, સંસારમાં પ્રાણીઓ તો ઘણાં છે પરંતુ તેમના જીવનની સફળતા તેમાં જ રહેલી છે કે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પોતાના ધનથી, વિવેકથી, વિચારથી, વાણીથી અને પ્રાણોથી પણ એવાં કર્મો કરીએ જેનાથી બીજા પર ભલાઈ થઈ શકે.

આ પ્રકારે ચર્ચા ચાલતી હતી ત્યારે જ કેટલાક ગોપાલકોએ શ્રીકૃષ્ણને જણાવ્યું કે આટલે દૂર સુધી ચાલતા આવવાથી તેમને ખૂબ ભૂખ લાગી છે. ત્યાં પાસે જ કેટલાક બ્રાહ્મણો સ્વર્ગપ્રાપ્તિની કામનાથી અંગિરસ યજ્ઞ કરી રહ્યાં છે. ગોપબાળો શ્રીકૃષ્ણની પરવાનગી મેળવીને ત્યાં ગયા તથા બ્રાહ્મણોનું અભિવાદન કરીને બોલ્યા, 'હે પૃથ્વી પરના દેવો, અમે વ્રજભૂમિના ગોપબાળો છીએ. ગાયો ચરાવતા ચરાવતા નીકળી પડચા છીએ. અહીં નજીકમાં કોઈ ફળદાર વૃક્ષો પણ દેખાતાં નથી. કૃપા કરી અમને થોડો ભાત આપો જેથી અમે સૌ હેમખેમ ઘેર પાછા વળીએ.'

*એક સાધુ દ્વારમાં બેસીને ત્રણ ભાઈઓને ઉપદેશ આપી રહ્યા હતા - વત્સ ! સંસારમાં સંતોષમાં જ સુખ છે. જે કાચબાની જેમ પોતાના હાથપગ બધી બાજુઓથી સમેટીને આત્મલીન થઈ જાય છે, એવા નિરુદ્યમી પુરુષ માટે સંસારમાં કોઈ દુઃખ રહેતું નથી. ઘરની અંદર કચરો વાળતી માએ સાંભળ્યું તો તે ચોંકી ઊઠી. નાના પુત્રને કહ્યું, ઘડો લે અને તેમાં પાણી ભરી લાવ. વચલા પુત્રને કહ્યું, ઝાડું લઈ આવ અને સફાઈ કર. ત્રીજાને કહ્યું, કચરો ઉપાડીને બહાર ફેંકી આવ. અને અંતમાં સાધુને કહ્યું, 'મહાત્મા, કેટલાય નિરુદ્યમી પડોશમાં બીમારીથી ગ્રસ્ત દેવાના બોજ નીચે દબાયેલા શેતાનની દુકાન ખોલીને બેઠા છે. મારા સંતાનોને આ વિષપાન ન કરાવશો તેમને ઉદ્યમ કરવા દો. જ્ઞાનને કર્મનો સહયોગ ન મળે તો તે ઉપયોગી હોય તો પણ નિરર્થક છે.'*

હે પરીક્ષિત, તે બ્રાહ્મણો યજ્ઞ તો કરી રહ્યા હતા, પરંતુ કામનાયુક્ત હોવાને લીધે સ્વાર્થી પ્રકૃતિના હતા. તેમણે બાળકોની વાત પર કોઈ ધ્યાન આપ્યું નહિ. દુઃખી બાળકો શ્રીકૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણ તેમની વાત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાંભળીને હસ્યા. બળરામને ઉદ્દેશીને બોલ્યા, જુઓ તો મોટાભાઈ કેવો તાસીરો છે ! આ બ્રાહ્મણો પોતે તો બીજાઓ પ્રત્યે આટલા અનુદાર છે અને થોડોક કર્મકાંડ કરીને તેના બદલામાં સ્વર્ગની કામના રાખે છે. પછી સખાઓને કહ્યું, 'ભાઈઓ, તમે હવે તેમની પત્નીઓ પાસે જાવ. સ્ત્રીઓ પુરુષોની તુલનામાં અધિક સંવેદનશીલ અને પરમાર્થ પરાયણ હોય છે.'

ગોપબાળો બ્રાહ્મણીઓ પાસે ગયા. તેમની વાતો સાંભળીને બ્રાહ્મણીઓના હૃદય ભરાઈ આવ્યાં. તેઓ એકબીજીને કહેવા લાગી- જુઓ બહેન નાનાં નાનાં બાળકો ગાયો ચરાવીને પોતાના કુટુંબના કામોમાં સાથ આપે છે. બિચારા ભૂખથી આકુળ-વ્યાકુળ છે. બધાનાં અને બધાં જ બાળકો સરખાં. તેથી માતૃધર્મ અનુસાર આપણે તેમની ક્ષુધાને શાંત કરવાનો ઉપાય કરવો જોઈએ. એમ કહીને તેઓ બાળકો માટે શ્રેષ્ઠ અને હિતકારી ભોજન લઈને બાળકો સાથે ચાલી નીકળવા તત્પર બની. તેમને તે પ્રમાણે કરતી જોઈને તેમના ઘરવાળાઓ તેમને રોકવા લાગ્યા. અજાણ્યાં બાળકોને મૂલ્યવાન ભોજન સામગ્રી આપવાનું તથા યજ્ઞની વ્યવસ્થા છોડીને આ કાર્યને મહત્ત્વ આપવાનું તેમને યોગ્ય ન લાગ્યું.

આ બ્રાહ્મણીઓએ ઉત્તમ ભાગવતકથાનું ઘણું શ્રવણ કર્યું હતું. તેથી પોતાના ભાઈ-બંધુ, તથા પતિ-પુત્રો દ્વારા રોકવા છતાં પણ તેઓ પોતાના કર્તવ્યમાંથી પાછી ન હટી.

યમુના કિનારે શ્રીકૃષ્ણ-બલરામજી તથા અન્ય ગોપાલકોને ખૂબ સ્નેહપૂર્વક તે માતાઓએ ભોજન કરાવ્યું. શ્રીકૃષ્ણએ તેમના આદર્શની પ્રશંસા કરી અને કહ્યું-

પ્રાણ, બુદ્ધિ, મન, શરીર, સ્વજન, સ્ત્રી, પુત્ર અને ધન વગેરે સંસારની વસ્તુઓ પણ જેમના માટે અને જેના સાનિધ્યથી પ્રિય લાગે છે તે આત્માથી, પરમાત્માથી વધીને બીજું શું અને કોણ વધારે પ્યારું હોઈ શકે ?

આ પ્રકારે મિત્રો સહિત ભગવાન શ્રીકૃષ્ણને પોતાની કર્તવ્યપરાયણતા તથા સદ્દ્ભાવનાઓથી પ્રસન્ન કરીને બ્રાહ્મણપત્નીઓ પાછી ફરી.

*બે બીજમાં અંકુર ફૂટયાં. નાનાએ કહ્યું, 'ભાઈ, ઉપર તરફ ન જઈશ. ત્યાં મોટો ભય છે. લોકો તને રગદોળી નાંખશે. મોટું બીજ બધું સાંભળતું રહ્યું અને ચૂપચાપ ઉપરની તરફ જતું થયું. ધીમેધીમે ધરતીનું પડળ પાર કરીને ઉપર નીકળી આવ્યું અને બહારનું સૌંદર્ય જોઈને સ્મિત કરવા લાગ્યું. સૂર્યદેવે તેને તડકાનું સ્નાન કરાવ્યું, પવનદેવે તેને વીંઝણો પાખ્યો, વર્ષાએ શીતળ જળનું પાન કરાવ્યું. ખેડૂત આવ્યો અને તેને જોઈને ખુશ થતો ચાલ્યો ગયો. બીજ વૃદ્ધિ પામતું ગયું- ઝૂમતું, લહેરાતું, ફાલતું અને ફળતું ફળતું એક દિવસ પરિપક્વ અવસ્થા સુધી જઈ પહોંચ્યું. જ્યારે તે આ સંસારમાંથી વિદાય થયું ત્યારે પોતાના જેવાં અસંખ્ય બીજો છોડીને હસતું અને આત્મસંતોષ અનુભવતું વિદાય થયું. નાનું બીજ આ જોઈને પસ્તાતું રહ્યું. ભય અને સંકુચિતતાને કારણે જ્યાં અને જેમ હતું તેમ ત્યાં જ પડયું રહ્યું.'*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી)

# ભક્તિ અર્થાત્ અંદરના આનંદની શોધ તથા તેનો વિકાસ

**(પૂજ્યવર દ્વારા શાંતિકુંજ ક્ષેત્રમાં ઓક્ટોબર, ૧૯૭૪માં અપાયેલ પ્રવચનનો સારાંશ)**

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે,

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

દેવીઓ, ભાઈઓ! જ્ઞાનયોગ અને કર્મયોગ એ બંને યોગોની બાબતમાં અમે કાલે અને પરમદિવસે આપને જણાવ્યું કે આપે જ્ઞાનયોગી અને કર્મયોગી બનવું જોઈએ જેને દૂરદર્શી અને વિવેકશીલ કહેવાય છે. કર્મયોગ અર્થાત્ આપ પોતાનાં કર્તવ્યો અને ફરજો પૂરા કરનારા હોવા જોઈએ, જેમ કે કર્મઠ, બહાદુર અને જવાબદાર વ્યક્તિઓ હોય છે. જ્ઞાનયોગ અને કર્મયોગ પછી એક સૌથી મોટો યોગાભ્યાસ બાકી રહે છે, જેનું નામ છે 'ભક્તિયોગ'. ચિંતનમાં આ જ યોગ કામ કરે છે. જીવનમાં તેનો સમાવેશ થવો જોઈએ. જે યોગમાં કોઈક પ્રકારનો અભ્યાસ કરવો પડે છે, તે અલગ છે. તેને યોગાભ્યાસ કહેવામાં આવે છે. જેમ કે પ્રાણાયામ વગેરે. હું આપને સેવાયોગોની વાત કરી રહ્યો છું, જે માણસને ભગવાનની સાથે જોડવામાં સમર્થ હોય છે. કર્મયોગ અર્થાત્ કર્તવ્યપાલન પણ વ્યક્તિને ભગવાનની સાથે જોડે છે. ત્રીજો છે 'ભક્તિયોગ'. જેના વિશે આજે આપની સમક્ષ નિવેદન કરવું છે.

**ભક્તિનો અર્થ ભાવનો ઉન્માદ નથી.**

ભક્તિ કોને કહેવાય છે ? ભક્તિ શબ્દ હું જાણીજોઈને વાપરીશ નહીં, કારણ કે ભક્તિની બાબતમાં એટલી બધી ગેરસમજો લોકોમાં છવાઈ ગઈ છે કે શું વાત કરું ? લોકોની સંવેદનાઓ, ભાવનાઓ ઊભરાઈ આવે એટલે તેઓ ફક્ત રડવા માંડે, નાચવા માંડે, કૂદવા માંડે, મસ્તક હલાવ્યા કરે, બસ થઈ ગઈ ભક્તિ ? ના, આ ભક્તિ નથી. આ તો એક પ્રકારનો ભાવનાઓનો ઉન્માદ છે, ભાવસંવેદના છે, જે કેટલાયને, ઘણાં માણસોને થાય છે. લોકો વાતવાતમાં હસવા માંડે છે. ઘણી સ્ત્રીઓ એવી હોય છે જે નાની સરખી વાતમાં, ખોટું થાય તો બસ રડવા જ માંડે છે. આ ભાવુક્તા છે. સામૂહિક ભાવુક્તા ભક્તિની નિશાની નથી, જે સામાન્ય રીતે લોકો માને છે. દેવી-દેવતાઓ સામે આજીજીઓ કરવી, લાચાર થઈ માંગણીઓ કરવી, આંસુ વહાવવા, ઊછળવું-કુદવું હો-હા કરવી, ઊંધા-ચત્તાં પડવું, નાચવું વગેરે કરનારને બીજા લોકો બહુ મોટો ભકત માને છે. ના મિત્રો ! આ ભાવુક્તા છે.ભાવુક્તાની દૃષ્ટિએ તો આ ક્રિયાઓ બરાબર હોઈ શકે છે, પરંતુ જ્યાં સુધી આધ્યાત્મિક ઉન્નતિનો સંબંધ છે ત્યાં સુધી આ રીતની ભક્તિને યોગ સાથે કોઈ સીધો સંબંધ નથી અને ભગવાન સાથે સીધો સંબંધ નથી, આ ભક્તિયોગ નથી.

ભક્તિ કોને કહેવાય છે ? ભક્તિનો સીધો સાદો અર્થ છે, પ્રેમ અને લાગણી. પ્રેમ અને લાગણી વ્યક્તિની અંદરની એવી વિશેષતા છે, જે કોઈપણ વ્યક્તિની અંદર હશે તો તેને શરૂઆતથી જ સ્નેહથી તરબોળ, ખુશમિજાજ બનાવી રખાશે. પ્રેમ વિના તો માણસ ક્યાંય છે જ નહિ. આનંદની ખોજ કરતો જીવાત્મા આમથી તેમ ફરતો રહે છે. ક્યારેક એની પાસે તો ક્યારેક તેની પાસે જાય છે. ક્યારેક ત્યાં જાય તો તેને આનંદ મળી જાય, ક્યાંક તો સુખ મળી જાય અને તે જીવનનો આનંદ ઊઠાવી શકે. વાસ્તવમાં લોકો એમ માને છે કે, વસ્તુઓમાં આનંદ હોય છે, જેમ કે ખાવાપીવાની વસ્તુઓમાં લોકો તેમ માને છે અને કહે છે કે આજે તો ખૂબ આનંદ આવ્યો. ખાવા માટે મીઠાઈ મળી, ફરસાણ મળ્યાં, કચોરી મળી, શું એ આનંદ છે ? ના, આ આનંદ નથી. આ તો સંવેદના છે. વ્યક્તિની જીભનો સ્વાદ છે, આ સ્થાયી ન હોઈ શકે જ્યાં સુધી આપનું પેટ નથી ભરાયું ત્યાં સુધી તો એમ પણ બની શકે કે આપને ખાવા માટે સ્વાદિષ્ટ વસ્તુઓ મળ્યા કરે, પરંતુ આ તો ક્ષણિક બાબત જ થઈ ને!

આ રીતે જ બીજા પ્રકારની વસ્તુઓ છે, જેમ કે આંખો વડે કોઈ દૃશ્ય જોવું છે, તો આપ થોડાક સમય સુધી તેને જોઈ શકો છો. બે-અઢી કલાકમાં તો માથું દુખવા માંડશે અને આપની આંખો ખરાબ થઈ જશે. આપ સિનેમામાં કેટલા સમય સુધી બેસશો ? લાંબા સમય સુધી નથી બેસી શકાતું. આ જ વાત કામવાસનાની બાબતમાં છે. કામવાસનાનું સુખ કેટલું લાંબુ હોય છે ? થોડીક સેંકડોનું સુખ હોય છે અને ત્યાર પછી એ જ બાબત ખૂબ ખરાબ લાગવા માંડે છે.

**અંતરનો સ્નેહ જ છે આનંદ**

મિત્રો ! આનંદ એ વસ્તુનું નામ છે જેને ઈન્દ્રિયો સાથે સંબંધ નથી, પરંતુ જીવાત્મા સાથે સંબંધ છે. જીવાત્માનો આનંદ કઈ રીતે મળી શકે છે એનો એક જવાબ છે - શું જવાબ છે ? એ જ કે વ્યક્તિની અંદર રહેલા સ્નેહનું બીજું નામ આનંદ છે. એનું નામ જ પ્રેમ છે. એનું નામ જ પ્રસન્નતા છે, એનું નામ જ ઉત્સાહ છે, એનું નામ જ ઉલ્લાસ છે. એનું નામ જ ભાવ-સંવેદના છે. આ બધું જ પ્રેમ ઉપર ટકેલું છે. આપે જોયું છે ને કે આપ પ્રેમ કઈ વસ્તુને કરો છો ? જે આપણું છે, જેને આપ પોતાનું સમજો છો, તેને જ તો પ્રેમ કરો છો. જેમ કે આપની સાઈકલ છે, તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેને જ આપ પ્રેમ કરો છો, નહીં તો પેલા સાઈકલ સ્ટેન્ડ પર એટલી બધી સાઈકલો પડી છે એમાંથી કોઈકમાં પંકચર પડી રહ્યું છે, તો કોઈ તડકામાં પડી છે, પરંતુ આપને તો ફક્ત આપની જ સાયકલની ફિકર છે કે તેને લઈને આપણે જવું જોઈએ. જ્યાં સુધી કોઈ મોટર આપની છે ત્યાં સુધી તો આપને ખ્યાલ છે કે તેની સાર-સંભાળ રાખવી જોઈએ. જ્યારે કોઈ બાળક તેને અડકે છે તો આપ તેને ભગાડી મૂકો છો, પરંતુ જો પાડોશીની મોટર ઊભી હોય, બસ સ્ટેન્ડ પર મોટર ઊભી હોય તો આપને તેની સાથે શું લેવા-દેવા ? જે વસ્તુઓ આપણી છે તે જ વસ્તુંઓ ફક્ત વહાલી લાગે છે.

મિત્રો! વાસ્તવમાં આ પ્રેમ જ ખુશીનો અવાજ હોય છે. આપ દરેક વસ્તુને પોતાની માનવાનું શરૂ કરી દો, પછી જુઓ કે તે આપને વ્હાલી લાગે છે કે નહીં ? પોતાનું બાળક કાળું-કદરૂપું હોય છે, નાક ટપકતું હોય છે પેટ પણ વધી ગયું હોય છે. ઘણી બધી ખરાબ આદતો પણ હોય છે. તેમ છતાં આપ તેને બાથમાં ઊંચકીને ફરો છો કેમ કે તે આપણું છે. જો પાડોશીનો છોકરો રડતો હોય અને આપના ખોળામાં આપવાનો પ્રયત્ન કરે તો આપ તેન ધમકાવીને ભગાડી દો છો. બાળકો બધાં એકસરખાં હોય છતાં આમ શા માટે ? ના સાહેબ! પેલો તો અમારો છે તેથી વહાલો છે. આપણી હોવાથી જો કોઈ પણ વસ્તુ આપણી પાસે છે અથવા હશે તે ખૂબ સારી લાગશે, સુંદર લાગશે, વહાલી લાગશે અને તેની માત્ર હાજરીમાં પણ આપને આનંદ મળશે. જેઓને આપ પોતાના મિત્ર માનો છો, સૌથી વહાલા ગણો છો તેનો સાથ મેળવવામાં કેટલો આનંદ આવે છે. જેઓને આપ પોતાના મિત્ર સમજો છો, તેઓ જો તમારે ઘેર આવે છે ત્યારે કેટલો આનંદ થાય છે ? શા માટે ? એટલા માટે કે આપ તેમને આપના મિત્ર માનો છો ?

જો એમ ન માનતા હોત તો ? કોઈ ભિખારી આવી જાય ત્યારે ? કોઈ એવા મહેમાન આવી જાય જે આપનો સમય બગાડવા ચાલ્યા આવ્યા હોય, જેમનાથી આપને કોઈ ફાયદો નથી, જેમની સાથે આપની કોઈ જાતની ઓળખાણ નથી, તેમને શું આપ પસંદ કરશો ? સ્વાગત કરશો ? ચા પિવડાવશો ? કલાકો સુધી વાતચીત કરશો ? ના આમ નથી કરી શકાતું. આપની સાથે કોઈ કામની વાત હશે, તો બે મિનિટ વાત કર્યા પછી તેને ભગાડી મૂકશો. કહેશો કે ભાઈ! સમય ન બગાડશો. આમ શા માટે ? એક મિત્ર જે આપની પાસે આવ્યો હતો, તેનું આપ ખૂબ સ્વાગત કરી રહ્યા હતા, કલાકો સુધી હળીમળીને વાતો કરી રહ્યા હતા. પોતાનું કામ બગડી રહ્યું હોય તો તેનો પણ વાંધો નહોતા લેતા. બીજો પણ માણસ જ હતો, તેની સાથે કેમ વાતો ન કરી ? કારણ કે, તે આપણો નહોતો.

**પ્રેમ અને આત્મીયતાની બેટરીનો પ્રકાશ નાંખીએ**

મિત્રો ! આપણાં અને પારકાંનો જે આ ફરક છે, તે ઘણો મોટો ફરક છે. આપણાં નજીક હોય છે. આપે જોયું છે ને કે જ્યારે પણ ટોર્ચ ચાલુ કરીએ છીએ તો જેટલી વસ્તુઓ ઉપર તેનો પ્રકાશ પડે છે, તેટલા વિસ્તારની વસ્તુઓ ચમકે છે, પરંતુ જ્યાં ટોર્ચનો પ્રકાશ નથી પડતો, ત્યાં અંધકાર છવાયેલો રહે છે. આ પ્રેમની ટોર્ચ, આત્મીયતાની ટોર્ચ તમે જ્યાં પણ ફેંકશો, જે કોઈની ઉપર પણ ફેંકશો તે વસ્તુઓ ખુશમિજાજ દેખાશે. દરેક પ્રકારે સારી-સારી વાતો જણાશે, સુંદર જણાશે, ઉત્તમ લાગશે. પરંતુ જેને આપ પારકા ગણશો, તે ગમે તેટલો સુંદર લોભામણો કેમ ન હોય, આપને તેની સાથે કઈ ખાસ આકર્ષણ થશે નહિ. લૈલા અને મજનૂનો કિસ્સો આપે સાંભળ્યો હશે. લૈલા તદ્દન કાળા રંગની હતી, આકર્ષણહીન હતી, પરંતુ મજનૂ તેના પર એટલો બધો મોહી પડ્યો હતો કે તેણે પોતાની આખી જિંદગીને ફના કરી દીધી. તેણે કહ્યું કે હું લૈલા વિના જીવી શકીશ નહીં.

મિત્રો ! ચહેરો-દેખાવ ગમે તેવો કાળો-કુરૂપ, તિરસ્કારને યોગ્ય કેમ ન હોય, પરંતુ જે કોઈની સાથે પણ માણસ પોતાપણું જોડી દે છે, તે ખૂબ જ સારા લાગે છે, ખૂબ આનંદદાયક લાગે છે. જે વસ્તુઓ પારકી હોય છે તે જ ડરામણી લાગે છે. સિંહનાં બચ્ચાં સિંહણ સાથે રમતાં રહે છે, દૂધ પીએ છે, કારણ કે તેઓ જાણે છે કે આ અમારી છે. સિંહણ પોતાનાં બચ્ચાઓને જોઈને પ્રસન્ન થાય છે. નારાજ પણ નથી થતી, પરંતુ જો શિયાળનાં બચ્ચાં આવી જાય, સસલાનાં બચ્ચાં આવી જાય તો સિંહણ તેમને સાફ કરી નાંખે છે, કારણ કે તેઓ પારકાં છે. આપણાં અને પારકામાં ખૂબ જ ફરક છે.

સાથીઓ ! 'રસ'ને આનંદ કહેવામાં આવે છે. આ જ વાત આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવી છે. 'રસૌ વૈ સઃ' અર્થાત્ ભગવાન શું છે ? રસ છે. રસ કોને કહેવાય છે ? રસ, આનંદને કહેવાય છે. આનંદ ક્યાં છે ? ભગવાનમાં છે. ભગવાન કેવા હોય છે ? જેના ઉપર આપ આત્મીયતા આરોપિત કરી દો છો તે જ આપના આનંદનું માધ્યમ બની જાય છે. ભગવાન ઉપર આપ પોતાપણાંનું આરોપણ કરી દો તો ભગવાનની ભક્તિનો બેહદ આનંદ આપને મળશે, પછી આપ કહેશો કે તેઓ અમારા છે અને અમે તેમના છીએ. મીરાએ પોતાનો સંબંધ ભગવાન સાથે સ્થાપિત કરી દીધો કે આ જ મારા પતિ છે. ગોપીઓએ પણ આ જ ઓળખી લીધું કે તેઓ (કૃષ્ણ) અમારા સૌથી પોતીકા અને વ્હાલા છે. બસ, બીજું શું હતું, ભગવાન શ્રીકૃષ્ણ તેમને વ્હાલા લાગવા માંડ્યા, પોતાના લાગવા માંડ્યા. જો તેમને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એમ લાગત કે તેઓ પારકા છે, તો શું થાત ? આપે જોયું નહીં, જરાસંધ, કંસ, દુઃશાસન, શિશુપાલ જેવી અન્ય ઘણી વ્યક્તિઓની ભગવાન શ્રીકૃષ્ણની બાબતમાં કેવી માન્યતા હતી. તેમને તેઓ ન તો ભગવાન લાગતા હતા , ન સુંદર લાગતા હતા, પરંતુ તેમને તેઓ કુરૂપ, ખરાબ લાગતા હતા. ચાલાક અને વિરોધી લાગતા હતા.

**ધ્વનિનો પ્રતિધ્વનિ છે પ્રેમ -મમતા**

શિશુપાલે ભગવાનને ઘણી બધી ગાળો આપી હતી. અર્જુનની માફક તે પણ ભગવાનની પ્રશંસા કેમ નહોતો કરતો ? શિશુપાલ તેમને પોતાના દુશ્મન, વિરોધી, પારકા માનતો હતો. મિત્રો ! આ દુનિયામાં ન તો કોઈ સુંદર વસ્તુ છે, ન કોઈ સુંદરતા વગરની એટલે કે ખરાબ વસ્તુ છે. ન કોઈ આનંદ વગરની વસ્તુ છે. અહીં બધી વસ્તુઓ એટલે વસ્તુઓ, પ્રાણી એટલે પ્રાણી, મનુષ્ય એટલે મનુષ્ય. આપને કોના તરફથી પ્રેમ મળશે ? જેને આપ પ્રેમ કરશો. પ્રેમ નહીં હોય તો આનંદ ક્યાંથી મળશે. આનંદ અને પ્રેમ એક જ વસ્તુ છે. આથી આપે જો આ જીવનમાં આનંદ મેળવવો હોય તો આપે આપના પોતાના પ્રેમની ઘનિષ્ઠતા વધારવી પડશે. પ્રેમની ઘનિષ્ઠતા વધારવાનો અર્થ શું છે ? પ્રેમનો અર્થ સમય મુજબનો શિષ્ટાચાર નથી, દેખાડો નથી, ભોજન જમાડવું એ નથી, કોઈ પ્રેમની ભેટ આપવાનો નથી, પરંતુ પ્રેમનો અર્થ એ છે કે આપણે એમ માનીને ચાલીએ કે આ અમારા છે, આપણાં છે. પછી આપ જુઓ કેટલો આનંદ આવે છે અને આપ તેમની કેટલી સેવા કરો છો અને તેમની નજદીક રહેવામાં કેટલી પ્રસન્નતા અનુભવો છો. પહેલાં આપ આપના પોતીકાપણાનો વ્યાપ તો વધારો, સ્વયં પોતાને તો પ્રેમ કરો.

મિત્રો ! આપે આપના શરીરને પ્રેમ કર્યો છે ને. જરાક કંઈક થઈ જાય, નુકસાન થઈ જાય તો તેને ઠીક કરવાનો પ્રયત્ન કરો છો. તેને કપડાં પહેરાવો છો, સજાવો છો, શૃંગાર કરો છો, વાળ ઓળો છો, તેના માટે કોણ જાણે આપ શું-શું કરો છો, કારણ કે આપ તેને પોતાનું માનો છો. પાડોશમાં જે બીજા માણસ રહે છે તેના પણ વાળ આપ સરખા કરો છો ? ક્યારેય નહીં સાહેબ, એમના વાળ તો અમે ઠીક નથી કરતા. એમને કપડાં પહેરાવો છો ? નથી પહેરાવતા. એમને આપ કેમ નથી પહેરાવતા ? એટલા માટે નથી પહેરાવતા કેમ કે તે આપણાં નથી. જો બાળકો આપણાં હોય તો આપણે તેમની પૂરેપૂરી દેખભાળ કરીએ છીએ, તેમને સુંદર બનાવીએ છીએ, તેમને ભણાવીએ છીએ, શિક્ષણ આપીએ છીએ, કારણ કે તે આપણાં છે. આપણાં પોતાના હોવાની ઘનિષ્ઠતા માણસ પાસે એક એવી વસ્તુ છે જે જ્યાં ક્યાંય પણ અથડાય છે, ત્યાંથી પાછી વળીને આપની પાસે આવી જાય છે. બરાબર એવી જ રીતે રબરનો દડો જ્યાંથી ફેંકીએ છીએ, તે સામે અથડાયા પછી તે જ સ્થળે પાછો આવે છે. બરાબર આવી જ રીતે જ્યારે આપણે પ્રેમ અને મમતા કોઈની ઉપર ફેંકીએ છીએ, તો તે પાછી વળીને આપણી પાસે આવે છે. આપ જેને પણ પ્રેમ કરશો, ગુંબજના અવાજની માફક, કૂવાના અવાજની માફક તેનો પ્રતિધ્વનિ પાછો આપની પાસે આવી જ જાય છે.

**સર્વત્ર પોતાનું જ સત્વ ફેલાયેલું માનો**

મિત્રો ! આ જ રીતે આપ જો સંસારમાં દ્વેષ ભરેલી બુદ્ધિ વડે જોશો તો આપને સર્વત્ર દ્વેષ વરસતો દેખાશે. આપ લોકોની ઉપેક્ષા કરવાનું શરૂ કરી દો, આપને ચારે તરફ ઉપેક્ષા, ઉદાસીનતા છવાયેલી જોવા મળશે. પારકાપણું દેખાશે. બધું જ માયા અને મિથ્યા દેખાઈ આવશે. પરંતુ જો આપ બધી જ વસ્તુઓ પ્રત્યે આત્મીયતાનો ભાવ રાખશો, તો આ આખો સંસાર ભગવાનનું વિરાટ સ્વરૂપ દેખાશે, સર્વત્ર આપ પોતાનું પ્રતિબિંબ જ ફેલાયેલું જોઈ શકશો. તુલસીદાસના 'સિયારામ મય સબ જગ જાની'ની અનુભૂતિ થવા લાગશે. સંસારનો કણ-કણ સીતાથી ભરેલો છે, રામથી ભરેલો છે. પોતીકાપણું વિકસાવવાથી આપને દરેક જગ્યાએ રામ જોવા મળશે, સીતાજી જોવા મળશે. ક્યારે ? જ્યારે આપ તેમને પોતાના ગણશો ત્યારે. આપ બધાને પોતાના માનવાનું શરૂ કરી દો. પોતાપણાના ક્ષેત્રને વધારી દો. અત્યારે તો આપનું પોતાપણાનું ક્ષેત્ર શરીર સુધી છે. તેથી શરીરમાં સુખ છે, તો આપ સુખી છે, શરીરમાં દુઃખ છે તો આપ દુઃખી છો. હજુ તો આપે પોતાનું ક્ષેત્ર પોતાના કુટુંબ સુધી સીમિત રાખ્યું છે. કુટુંબીઓને સારી નોકરી મળી ગઈ, ખાવાનું મળી ગયું, ઈજ્જત મળી ગઈ, તો આપ ખુશ છો અને જો નુકસાન થઈ ગયું તો આપ નાખુશ છો. આથી આપ એક કામ કરો, આપના આ નાના સરખા ક્ષેત્રને વધારી દો. આપ આપને પોતાને આખા વિશ્વ સુધી ફેલાવી દો, ત્યારે બધી જ વસ્તુઓ આપની થઈ જશે.

સ્વામી રામતીર્થ પોતાને રામબાદશાહ કહેતા હતા. તેઓ કહેતા હતા કે હું બાદશાહ છું. આપ કોના બાદશાહ છો ? વાદળોના બાદશાહ, નદીઓના બાદશાહ, પહાડોના બાદશાહ. તેઓ કહેતા હતા, હું તેમની ઉપર જઈ શકું છું અને જોઈ શકું છું. આ બધા તેમના વિચારો હતા કારણ કે તેઓ માનતા હતા કે આખી દુનિયા મારી છે. હું દુનિયાનો માલિક છું. તેઓ પોતાને બાદશાહ કહેતા હતા. આમાં કોઈ જાતની અડચણ હતી બતાવો ? કોઈ અડચણ નહોતી. કોઈ નદીનું પાણી પીવા માંગે તો તેને કોણ રોકી શકે ? સડક પર ચાલવા માંગે તો તેને કોણ રોકે છે ? વાદળોને નિહાળવા માગે તો કોણ રોકે છે ? કોઈની સેવા-માવજત કરવા માંડે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો કોણ રોકે છે ? ફક્ત ખરાબીઓની બાબતમાં તો રોકટોક થઈ પણ શકે છે. કોઈની સાથે આપ ચોરીનો વ્યવહાર કરો, લડાઈ-ઝઘડાનો વ્યવહાર કરો તો કાયદો પણ આપને રોકી શકે છે, પરંતુ આપ કોઈની સાથે મીઠી વાતો કરો, કોઈને મદદ કરી દો, કોઈને કામ આપો, તો ભલા આપને કોણ રોકનારું છે?

આથી મિત્રો ! ભક્તિ ફક્ત ભાવસંવેદના સાથે સંબંધ રાખતી નથી, પરંતુ વ્યક્તિના બાહ્ય જીવન સાથે પણ તેનો સંબંધ છે. ભક્તિ કે પ્રેમ એ શિખવાડે છે કે આપણે બીજાઓને મદદ કરવી જોઈએ. આપ જેને પણ પ્રેમ કરશો, તેની સેવા કરવા માટે આપ ખુશીથી તૈયાર થઈ જશો. આપની જો પોતાની સાઈકલ હશે તો આપ તેને સાફ કરશો, લૂછશો, ઉપાડીને બાજુ પર મૂકશો, તેલ પૂરશો. આપનાં પોતાનાં બાળકો હશે તો તેને ખોળામાં બેસાડશો, ભણાવશો, લખાવશો, શિક્ષણ આપશો. આપ તેના મા-બાપ હો, તો એના માટે શું કાંઈ નહીં કરો ? આપની ધર્મપત્ની છે તો શું તેના માટે કરશો નહીં ? આપણે જે કોઈની સાથે પણ આત્મીયતા રાખીએ છીએ તેમના માટે કાંઈક કરવાની ઈચ્છા થાય છે. પ્રેમનું વાસ્તવિક સ્વરૂપ આ જ છે. પ્રેમનું વાસ્તવિક સ્વરૂપ સેવારૂપે બહાર આવે છે. આપ કોને પ્રેમ કરો છો અને કોને પ્રેમ નથી કરતા. તેની ઓળખાણ માત્ર એ જ છે કે જેને આપ પ્રેમ કરો છો તેની સેવા કરવા માંગો છો કે નહીં. પ્રેમ સેવા કરવાનું શિખવાડે છે. પ્રેમ દાન કરવાનું શિખવાડે છે. પ્રેમ પોતાના વ્હાલાને સુખી રાખવા માટે જાતે કષ્ટ ઉઠાવે છે અને સામેવાળા પ્રેમીને સુખી બનાવે છે. દેશભક્તિ આનું જ તો નામ છે. વિશ્વભક્તિ આનું જ નામ છે. ભગવાનની ભક્તિ એનું જ નામ છે કે ભગવાનને આપ પ્રસન્ન કરો. તેના માટે યોગદાન આપો. આપને હેરાન થવું પડે તો થાવ, પરંતુ બાળકોને આપ સુખી બનાવો, દેશને આપ સુખી બનાવો. આવી હેરાનગતિમાં પણ માણસ પ્રસન્ન રહે છે.

**સેવા દ્વારા ભક્તિ એ જ છે ભક્તિ**

મિત્રો ! ભક્તિ ફક્ત માનસિક અને ભાવનાત્મક સંપત્તિ નથી, પરંતુ એના આધારે પુણ્ય કરવાની અને પરમાર્થ કરવાની તક પણ મળે છે. આપ ભક્તિ પણ કરો અને સેવા પણ કરો. પ્રેમનો અર્થ જેવો તમે સામાન્ય વ્યવહારમાં ગણેલો છે તે પ્રેમ, પ્રેમ ન હોઈ શકે. આપને ખૂબસૂરત વસ્તુઓ પ્રત્યે પ્રેમ છે અને જે ખૂબસૂરત નથી તેના પ્રત્યે પ્રેમ નથી. આનો શું અર્થ થયો ? ખૂબસૂરત છે તો શું અને ખૂબસૂરત નથી તો પણ શું ? સંસાર એક બગીચો છે. એમાં બધા પ્રકારની વસ્તુઓ છે. આપણા તરફથી વાડાબંધી શા માટે હોવી જોઈએ ? આપણે મોહના બંધનમાં શા માટે બંધાવું પડે ? મોહ અને બંધન એક જ પ્રકારના હોય છે. જેના થકી આપણને ફાયદો થાય છે તેની સાથે મમતા થઈ જાય છે, પરંતુ જે લોકો થકી આપણને ફાયદો નથી થતો તેઓની સાથે સામાન્ય રીતે મમતા નથી હોતી. શંકર ભગવાન સાથે એમના ભકત ભૂતપ્રેત પણ રહે છે. તેઓ ભૂતપ્રેતની પણ સેવા કરે છે, મદદ કરે છે. ભક્તિ હોય તો આપણાં કરતાં પાછળ રહી ગયેલા, દુઃખી થઈ ગયેલા, નિરાશ થઈ ગયેલા લોકોની પણ સેવા કરવી જોઈએ. બાળકોને આપણે ઊંચકીને ફરીએ છીએ, કેમ ? જેઓ આપણાં કરતાં આટલાં નાનાં છે, તેમની સમજદારી પણ ઓછી હોય છે. જેમની ક્ષમતા ઓછી છે, જે ઊઠવા માટે અસમર્થ છે, તો શું એમની સેવા ન કરવી જોઈએ ? સેવા કરવી જોઈએ.

સાથીઓ ! સેવા અને ભક્તિ એક જ વસ્તુ છે. 'ભજ્ સેવાયામ્' સંસ્કૃતમાં 'ભજ્' શબ્દ છે તેમાંથી ભજન શબ્દ બન્યો છે અને ભક્તિ શબ્દ પણ બન્યો છે. ભક્તિનો અર્થ શું થાય છે ? ભક્તિનો અર્થ સેવા થાય છે. કોણ કોની સેવા કરશે ? તે એની સેવા કરશે જેની પ્રત્યે તેને પ્રેમ છે. તો પછી આપ આપની મમતાને બદલી નાંખો અને તેનું ક્ષેત્ર વધારી દો. બસ આ જ ભક્તિ છે. ભક્તિનો અભ્યાસ આપણે ભગવાન સાથે કરીએ છીએ. આ વ્યાયામશાળા છે. વ્યાયામશાળામાં આપણે પ્રેરણા મેળવીએ છીએ, કુસ્તી લડવાનું શીખીએ છીએ. દોડ લગાવવાનું શીખીએ છીએ અને જ્યારે ઝઘડો થાય છે, હરીફાઈ થાય છે ત્યારે કમાલ કરી બતાવીએ છીએ. આપ ભગવાનની કોટડીમાં બેસીને ભક્તિ કર્યા કરો. કોની ભક્તિ કરવી જોઈએ ? સિદ્ધાંતોની ભક્તિ, આદર્શોની ભક્તિ, ભગવાન શું છે ? સિદ્ધાંતોનો સમૂહ, આદર્શોનો સમૂહ, શ્રેષ્ઠતાઓનો સમૂહ જ ભગવાન છે. ભગવાન વ્યક્તિ વિશેષ નથી, જેને આપ અને હું મીઠાઈ ખવડાવીશું, લાડુ ખવડાવીશું અને તેમને મુકુટ પહેરાવીશું, સાડી પહેરાવીશું. બેટા ! ભગવાન કોઈ વ્યક્તિ થોડો જ છે. ભગવાન તો એક સત્ય છે, ભગવાન તો એક નિયમ છે, ભગવાન તો એક સત્તા છે. ભગવાન તો એક કાયદો છે, ઊંચા આદર્શોનો સમૂહ છે. તેને પ્રેમ કરો, બસ ભક્તિનો અભ્યાસ થઈ જશે.

**આદર્શો પ્રત્યે અનહદ પ્રેમ જ ભક્તિ છે**

ભક્તિ માટે, પૂજા-ઉપાસના માટે આપે કોઈ ઈષ્ટદેવની મૂર્તિ બનાવીને રાખી હશે તો કોઈ વાંધો નથી, પરંતુ તેને આપ સિદ્ધાંતોનો સમૂહ માનો, આદર્શોનો સમૂહ માનો. તેને વ્યક્તિ વિશેષ ન માનો. જો વ્યક્તિ વિશેષ માનશો તો ભ્રમ અને જંજાળમાં ચક્કર માર્યા કરશો. આપે જો શંકરજીને એક વ્યક્તિ માન્યા હશે, જે બળદ પર સવારી કરી ગમે ત્યાં ફરતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે છે અને વેલનાં પાંદડાં ખાય છે, આકડાનાં ફૂલ અને ધતૂરાનાં બી ખાય છે, તો આપ ભૂલ કરી રહ્યા છો. શંકર ઊંચા આદર્શોના સમૂહરૂપ છે. શંકરજીના માથામાંથી ગંગાજી નીકળે છે, જે આદર્શોની ગંગા છે. ગળામાં ખોપરીઓની માળા નાંખીને ફરે છે, જેનો અર્થ છે તેઓ મોત અને જિંદગીને એક માને છે. આ શું છે- સિદ્ધાંત છે. એમના મસ્તક પર ચંદ્રમા ટકેલો છે અર્થાત્ તેઓ માનસિક સંતુલન જાળવી રહ્યા છે. ભૂત-પ્રેતોને હંમેશાં સાથે રાખીને ફરે છે એનો અર્થ છે કે તેઓ તદ્દન બિનઉપયોગી અને પાછળ રહી ગયેલી વ્યક્તિઓની વાત કરે છે. સ્મશાનમાં રહે છે અર્થાત્ ત્યાં રહે છે જ્યાં અસ્તવ્યસ્તતા ફેલાયેલી છે, જ્યાં નીરસતા છવાયેલી છે. જ્યાં કોલાહલ છવાયેલો છે ત્યાં રહીને પોતાની વિશેષતાને કારણે શાંતિ અને ભક્તિનું વાતાવરણ બનાવી દે છે. આ શંકર ભગવાનની વિશેષતાઓ છે.

આ રીતે શંકર ભગવાન શું છે? સિદ્ધાંતોનો સમૂહ છે. બરાબર આ જ રીતે ભગવાનનું પ્રત્યેક રૂપ સિદ્ધાંતોનો એક સમૂહ છે. ભલે તે ગણપતિજી હોય, હનુમાનજી હોય, રામચંદ્રજી હોય, લક્ષ્મણજી હોય, કોઈપણ કેમ ન હોય. આ બધાં જ દેવી-દેવતા કે ભગવાનના એક અવતાર એક પ્રકારે સિદ્ધાંતોના સમૂહ છે, શ્રેષ્ઠતાના, દિવ્ય ગુણોના ઉચ્ચ આદર્શોના સમૂહ છે. આપ એમની ભક્તિ કરો છો તેથી આપે તેમના એ સિદ્ધાંતો માટે શું કર્યું તેની સમીક્ષા કરવી જોઈએ. આપ સિદ્ધાંતો પ્રત્યે પ્રેમ કરવાનું શીખો. જો સિદ્ધાંતો પ્રત્યે આપની આસ્થાઓ બળવાન થતી જશે, મજબૂત થતી જશે, તો આપ તે સિદ્ધાંતોને અમલમાં મૂકવાની હિંમત બતાવશો અને તેનો વ્યવહારમાં ઉપયોગ પણ કરવા માંડશો. ભક્તિનો પૂજા-પાઠ જોડે જ્યાં સુધી સંબંધ છે, તો તે સિદ્ધાંતો પ્રત્યે પોતાની નિષ્ઠાઓ મજબૂત કરવા પૂરતો જ છે. જીવનના દરેક ક્ષેત્રમાં એમ માનીને ચાલો કે આ આખી સૃષ્ટિ ઈશ્વરનું ક્રીડાંગણ છે અને બધામાં તે જ સમાયેલો છે. આથી જેવી ભક્તિ આપણે ભગવાન પ્રત્યે કરીએ છીએ, તેવી જ ભક્તિ દરેક વ્યક્તિ પ્રત્યે કરવામાં સમર્થ થઈ શકીએ. જો આપ આ પ્રમાણે કરશો તો આપ ભગવાનના સાચા ભક્ત કહેવાશો.

## ભક્તિની ફળશ્રુતિ

મિત્રો ! જો આપ સાચા અર્થમાં ભગવાનના ભક્ત છો તો ધ્યાન રાખો કે આનાથી આપને શું ફાયદો થશે અને શું નુકસાન થશે? સ્વર્ગમાં આપ જશો કે નહીં? એ તો પછીની વાત છે, પરંતુ આપને આપના વિચારોમાં અને ચારે તરફ એવું પરિવર્તન જોવા મળશે જેને અમે સ્વર્ગ કહીએ છીએ. આંખોમાં આપને સ્વર્ગ નાચતું દેખાશે. બધા જ લોકો પોતાના જ લાગશે. ખરાબ માણસો પણ? હા, કોઈ રોગી વ્યક્તિ ખરાબ હોય તો પણ તેનો ઈલાજ કરાવીએ છીએ, તેનો જીવ બચાવવાનો પ્રયત્ન કરીએ છીએ. બીમારીઓ દૂર કરીએ છીએ અને બીમારને બચાવી લઈએ છીએ. બીમાર વ્યક્તિને કોણ મારી નાંખે છે? ના, સાહેબ, અમુક વ્યક્તિ ખરાબ છે. ઠીક છે, ખરાબ માણસને શું મારી નાંખવાનો? આપના તરફથી ઘૃણા કરવા માટે ખરાબ માણસો આ દુનિયામાં નથી રાખ્યા. હા, ખરાબીઓ પ્રત્યે ઘૃણા કરો અને ખરાબ માણસને સુધારો. ખરાબીઓ સામે લડો. ખરાબીઓ સામે ધર્મયુદ્ધ કરો. પોતાના બાળકોમાં પણ કોઈ ખરાબ આદત હોય તો પ્રયત્ન કરો કે ખરાબ આદતમાંથી તેને છુટકારો મળે, નહીં કે તે બાળકને જ મારી નાંખવાનો પ્રયત્ન કરવામાં આવે.

આજે ચારે તરફ ફેલાયેલી ઘૃણા અને નફરતની દુનિયામાં વધારો થવાની શક્યતા નથી. આપ પ્રેમના આધાર વડે પણ લોકોને સુધારી શકો છો. આપ એમ ન વિચારો કે પ્રેમનું હથિયાર નબળું છે. પ્રેમનું હથિયાર નબળું નથી. પ્રહ્લાદની વાત શું આપને ખબર નથી? પ્રહ્લાદે પોતાના પિતા સાથે પ્રેમ-મમતા રાખી, પરંતુ તેણે તેમનું કહેવાનું ન માન્યું અને તેમની સામે બરાબર ધર્મયુદ્ધ કરતો રહ્યો. પિતાને સુધારવા માટે જ્યારે તેઓ ભૂલો કરતા ત્યારે પ્રેમથી સમજાવતો જેથી નકામાં કાર્યોમાં તેમનો શ્રમ ન વેડફાય. પોતાના પિતાને રોકવા માટે તેણે પિતા સાથે અસંમત થઈને આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું શરૂ કરી દીધું. આપ પણ આ મામલામાં ગમે તેની સાથે લડાઈ-ઝઘડો શરૂ કરી શકો છો, પરંતુ તેની પાછળ પ્રેમનો, મમતાનો ઘનિષ્ઠ આધાર હોવો જરૂરી છે. આપ પ્રેમની લડાઈ લડો. પ્રેમની લડાઈ પણ ખૂબ સારી છે, પ્રેમનો અંત પણ સારો હોય છે. આ બાબત બધા જ માટે સારી છે, અમારા માટે પણ અને તમારા માટે પણ. આનાથી આપણા આનંદમાં હજારો ગણી વૃદ્ધિ થઈ જાય છે. આપણી ખુશીમાં વધારો થાય છે. આપણી શાંતિમાં વધારો થાય છે. આપણા ગૌરવ-ગરિમામાં વધારો થાય છે અને આપણે ગરીબીમાં રહેવા છતાં પણ, અભાવોની વચ્ચે રહેવા છતાં પણ ચારે તરફ પ્રેમ અને મમતાની નજર નાંખી છીએ ત્યારે આપણી ખુશીનો પાર નથી રહેતો. એ વાત આપના હાથમાં છે કે આપ ખુશી આપની મુઠ્ઠીમાં રાખો, બધી બાજુ ખુશી જુઓ, આનંદ જુઓ અને પ્રેમ જુઓ. જો આપ આપની ભક્તિ માટે આ દષ્ટિકોણ બનાવી શકો તો આપને માટે ચારે તરફ આનંદ જ આનંદ છે. આનંદ આપની અંદર જ છુપાયેલો છે, સાથે સાથે આપની ચારે તરફ અમૃત જ અમૃત ફેલાયેલું છે. આપ ઈચ્છો તો તેને એકઠું પણ કરી શકો છો અને ઈચ્છો તો પી શકો છો અને બીજાઓને પણ પીવડાવી શકશો એવો મારો વિશ્વાસ છે. આજની વાત સમાપ્ત.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## આત્મીય અનુરોધ

# પોતાની પ્રતિભા કેવી રીતે વિકસિત કરશો

પ્રતિભા ત્રિવેણી સંગમ જેવી છે, જેમાં શારીરિક ઓજસ્, માનસિક તેજસ્ અને અંતરાળમાં સમાયેલ વર્ચસ્‌ને જગાવવાનું, વિકસાવવાનું અને પ્રખરતા સંપન્ન બનાવવાના સ્તર સુધી ઉઠાવવું પડે છે. ઉચ્ચસ્તરીય પ્રતિભા જ બ્રહ્મ તેજસ્ છે, તેને બ્રહ્મવર્ચસ્ પણ કહે છે. આને જે માત્રામાં અર્જિત કર્યું તેણે શરીર સીમિત હોવા છતાં પણ પોતાની તુલનાત્મક પ્રતિભાના સહારે એવા પુણ્ય પ્રયોજન સંપન્ન કરવામાં સમર્થ રહ્યા છે, જેને અનુકરણીય અને અભિનંદનીય માનવામાં આવે.

પ્રતિભાઓ સામાન્ય રીતે એવી સંપદાઓ છે, જેનાથી ન કેવળ પ્રતિભાશાળી પોતે ભરપૂર શ્રેય અર્જિત કરે છે પરંતુ પોતાના ક્ષેત્ર સમુદાય અને દેશની અતિ વિકટ દેખાતી સમસ્યાઓને ઉકેલવામાં સફળ થાય છે. એના કારણે ભાવનાવશ એવા લોકોને દેવદૂત પણ કહેવામાં આવે છે.

પ્રતિભા સુધારના કંઈક મૂળભૂત સિધ્ધાંત છે. તે બધાને સમજી હૃદયમાં ઉતારવાનો પ્રયાસ કરવો જોઈએ, જે સમુન્નત, સુસંસ્કૃત તથા યશસ્વી સફળ જીવન જીવવાના ઈચ્છુક છે.

પ્રતિભા સંબંધી સિધ્ધાંતોનું મનન ચિંતન કરવાથી પ્રતિભા મળતી નથી. તેને સ્વભાવનું અંગ બનાવવું પડે છે. ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં તેને સારી રીતે સમાવવું પડે છે. આ કાર્ય પ્રત્યક્ષ રીતે કાર્યશીલતા વગર સંભવીત ન બને. મોટા કામ કરી પસાર થનાર જન્મજાત વિભૂતિઓ સાથે લઈ કદાચ જ કોઈ આવે છે. દરેકને આ ઉપલબ્ધી પોતાના મનોયોગ અને પ્રચંડ પ્રયાસના આધાર પર જ પ્રાપ્ત થાય છે. સાંસારિક દૃષ્ટિથી પ્રત્યક્ષ દેખાતા મોટા કાર્ય પણ આવા લોકોએ જ સંપન્ન કર્યા છે. પ્રતિભા પરિવર્ધનનું પ્રશિક્ષણ આપનાર કોઈ સ્કૂલ કોલેજ કયાંય નથી. તેના માટે નિર્ધારિત સિધ્ધાંતોને વ્યવહારમાં ઉતારવા માટે અવસર અને વાતાવરણને પોતે શોધવું પડે છે. આ પ્રકારના અવસર કોઈ એક જગ્યાએ એકત્રિત ન મળે. પ્રતિભાઓ અચાનક નથી વરસી પડતી. તેને પ્રયત્નપૂર્વક શોધી, વિકસાવવામાં આવે છે. તેના માટે આવશ્યક તથા ઉપયુક્ત વાતાવરણનું સૃજન કરવામાં આવે છે. આ ઉદ્દેશ્ય તથા લક્ષ્ય પ્રાપ્તિ માટે યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનો ફેબ્રુઆરી ૨૦૦૨નો અંક પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી **"પ્રતિભા વિશેષાંક"** પ્રકાશિત થઈ રહ્યો છે. ગુરુદેવના સાહિત્યના આધારે પ્રતિભા સંપન્ન કેવી રીતે બની શકાય, પ્રતિભાઓ શા માટે કેવી રીતે કરવી, એ વિચારધારા આ વિશેષાંકમાં મુખ્ય રૂપે હશે. તેથી બધા વિચારશીલ, ભાવનાશીલ અને ઉદારદાની ભામાશાહોને વિનંતી છે કે **"પ્રતિભા વિશેષાંક"** જન-જન સુધી પહોંચાડવા માટે અત્યારથી પ્રયાસ શરૂ કરી દે. અમારી વિનંતી પર પરિજનોએ વિભૂતિ યજ્ઞ વિશેષાંક ૫ લાખ વ્યક્તિઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. બીજા વિશેષાંકોને વધુમાં વધુ નવા પાઠકો સુધી પહોંચાડવાનો પ્રયાસ સદા કરતા રહ્યા છો. આ કાર્યમાં આપ સૌનું પ્રશંસનીય અને અભિનંદનીય યોગદાન મળતું રહ્યું છે. આ અંક બધા ધર્મોના વિચારશીલ પરિજનોને પોતાની પ્રતિભા વિકસિત કરવાનું સૂત્ર પ્રદાન કરશે. આપણા સૌનું એ કર્ત્તવ્ય છે કે આપણે એ વિશેષાંક વધુને વધુ પાઠકો સુધી પહોંચાડવામાં કોઈ કસર ન રાખે. એક હજાર અંક વિતરણ માટે પાંચ હજાર રૂપિયા પોતે અથવા ૧૦ ભાઈ ૫૦૦-૫૦૦ રૂા. એકત્ર કરી મોકલી શકે છે. આ અંક પોતાના ત્યાં મંગાવી ક્ષેત્રના વિચારશીલ પરિજનો તથા છાત્રોને વિતરણ કરવા જોઈએ, જેથી તે પોતાની પ્રતિભા વિકસિત કરી પોતાની યોગ્યતાથી દેશ, સમાજ અને સંસ્કૃતિના ઉત્થાનમાં સદુપયોગ કરી શકે. જો તમે પત્રિકાઓ વિતરણ કરવામાં અસમર્થ છો, તો તમે કેન્દ્રને વિતરણની સ્વીકૃતિ આપી શકો છો, આપણે આપણા કાર્યકર્ત્તા ભાઈ-બહેનોના માધ્યમથી પત્રિકાઓ પર તમારા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નામ તથા સરનામાની સ્લીપ લગાવી વિતરણ કરાવી દઈશું. પ્રત્યેક પાઠક બંધુને અમારી વિનંતી છે કે ઓછામાં ઓછા દસ ભાઈઓને પોતાની પત્રિકા વંચાવવાનો પ્રયાસ અવશ્ય કરશો.

એક કોપીની કિંમત છ રૂપિયા રાખેલ છે. સમયદાની ભાઈ પોતાની પાસે ૧૦૦૦ અંક મંગાવી વેચાણ કરી શકે છે. આ પ્રકારે તમે એક હજાર ભાઈ-બહેનો તથા નવયુવકોને પ્રતિભા સંપન્ન બનવાનું પ્રશિક્ષણ વિચારો દ્વારા આપવાનું પુણ્ય શ્રેય પ્રાપ્ત કરી શકો છો. ઓછામાં ઓછા ૧૦૦ અંક તો બધા ભાઈ-બહેનોએ ૫૦૦/- રૂપિયા મોકલી જરૂર મંગાવી લેવા જોઈએ. ઓર્ડર તરત જ મોકલવાનો પ્રયાસ કરશો જેથી પ્રથમ મુદ્રણમાં જ તમારી પત્રિકાઓ છપાવી તમારી પાસે સમયસર પહોંચાડાય. અમારી વિનંતી છે પોતાની નજીકની શાખાઓમાં તથા પરિજનોને બતાવશો અને તેમને પ્રતિભા વિશેષાંક મંગાવવાની પ્રેરણા આપવાનું કષ્ટ કરશો. પૂજ્ય ગુરૂદેવની અભિલાષા પ્રતિભા સંપન્ન આત્માઓને શોધી સંગઠિત કરવાની છે. આ કાર્યમાં તમારા મહત્ત્વપૂર્ણ યોગદાનની અપેક્ષા છે.

---

નિર્માણ કાર્ય જોયું. આવા સુંદર નિર્માણ માટે કાર્યકર્તાનો ઉત્સાહ વધાર્યો. ગાયત્રી પરિવારના અમીચંદભાઈનો આ કાર્યમાં ઉદાર સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો.

ડીસા-૧ નવે. સવારે ગાયત્રી શક્તિપીઠ ડીસા પહોંચી માતેશ્વરીનાં દર્શન કર્યા. ભવ્ય નિર્માણ થયેલ પાંચ કુંડી યજ્ઞશાળામાં પાંચ દીપક મૂકી પૂજન કર્યું અને સપ્ત ઋષિની સ્થાપિત થનાર મૂર્તિઓનું પણ આ જ પ્રમાણે પૂજન-અર્ચન કર્યું. હરીશભાઈ જોશીનો ખૂબ જ ઉત્સાહપૂર્વક સહયોગ મળ્યો.

પાલનપુર-૧ નવે. ના ગાયત્રી શક્તિપીઠમાં પોતાના ક્ષેત્રનો મુખ્ય કાર્યક્રમ હતો. અહીંયા નવીન યજ્ઞશાળા પંડિતજીના હાથે અગ્નિ સ્થાપન થયું. પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રધ્ધાની પ્રાણ પ્રતિષ્ઠા પંડિતજી દ્વારા થઈ. અહીંયા પણ શ્રી જે. ડી. કાજી સાહેબે સુંદર કર્મકાંડ કરાવ્યું. આ પ્રસંગના જાહેર ઉદ્‌બોધનમાં પ્રખર પ્રજ્ઞા એટલે શ્રેષ્ઠ વિચાર અને સજલ શ્રધ્ધા એટલે શ્રેષ્ઠ ભાવના સવારથી સાંજ સુધી વાયુમંડળને આપણે ગંદુ કરીએ છીએ. ત્યારે આપણું કર્તવ્ય બને છે કે તેને યજ્ઞ દ્વારા શુધ્ધ પવિત્ર કરીએ. શ્રી ગીરીશભાઈ પટેલને માળા પહેરાવી ઉત્સાહ વધાર્યો. આ પ્રસંગે બનાસકાંઠામાં સવા લાખ રૂપિયાનું બ્રહ્મભોજ સાહિત્ય વિતરણ કરવાનો સંકલ્પ કર્યો.

મહેસાણા-શ્રી વિષ્ણુભાઈ પંડયાની વિનંતી ને માન આપી શક્તિપીઠના હોલમાં સાંજે દિવ્ય વાતાવરણમાં ગોષ્ઠી થઈ. પૂ. પંડિતજીએ જપ-યજ્ઞ સાથે જ્ઞાન યજ્ઞ કરવા ઉપર ભાર મૂકયો. ત્યાં ઉપસ્થિત હજારો પરિજનો વચ્ચે શ્રી વિષ્ણુભાઈને પુનઃ જાગૃત થઈ વિચારક્રાંતિનું કાર્ય કરવા ખૂબ જ ભાર મૂકયો. શ્રી વિષ્ણુભાઈએ પરિજનોનાં સહકારથી યુગ શક્તિ ગાયત્રીની ગ્રાહક સંખ્યા ૫૦૦૧ કરવાનો સંકલ્પ કર્યો.

અમદાવાદ-ગાયત્રી જ્ઞાનપીઠ, જૂનાવાડજમાં બે દિવસ રોકાણ અને પરિજનો સાથે વાર્તાલાપ થયો. તા.૪ નવે.ના ઓઢવ ગાયત્રી જ્ઞાનકુંજ શાખાનાં અથાક પરિશ્રમથી નિર્માણ થયેલ શક્તિપીઠમાં ગાયત્રી માતા, અંબા માતા, ઉમિયા માતા, હનુમાનજી, ગણેશજીની મૂર્તિનો પ્રાણ સંચાર પૂ. પંડિતજીએ કર્યો. સાંજે ૧૦ થી ૧૫ હજારની મેદની વચ્ચે ઉદ્‌બોધનમાં કહ્યું ગાયત્રી મંત્ર સર્વભોમ છે. બધાએ નિયમિત સાધના, ઉપાસના, આરાધનાના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવું જોઈએ. આ પ્રસંગે વિશેષ પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન પણ હતું. શ્રી રશ્મિબેન પટેલ ( ડભોઈવાળા )ની સુંદર કથાની પંડિતજીએ પ્રશંસા કરી. આશીર્વચન આપતા કહ્યું કે નારી જાગૃતિ માટે રશ્મીબેન હવે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે. શ્રી મીઠાભાઈ તેમજ સ્થાનિક કાર્યકર્તાઓના પરિશ્રમને પંડિતજીએ બળ આપ્યું.

સારસા-શ્રી નવનીતભાઈ, નિત્યાનંદભાઈ, જીતુભાઈએ ટૂંકા સમયમાં જ શક્તિપીઠના આંગણે ખેડા જીલ્લાના પરિજનોની ગોષ્ઠીનું આયોજન ૫ નવેમ્બરના રોજ ગોઠવ્યું. આ પ્રસંગના ઉદ્‌બોધનમાં સંપૂર્ણ કાર્યક્રમની સફળતા માટે શ્રધ્ધાવાન પરિજનોનો આભાર વ્યક્ત કર્યો.

મોગરી-૬ તારીખે મોગરી શક્તિપીઠ પર દસ મિનિટ રોકાયા. શ્રી ગજાનંદભાઈ, ડૉ. ભરતભાઈના વિશેષ પ્રયત્નોથી ૧૫૦૦ ઘરમાં જ્ઞાનઘટની સ્થાપના દ્વારા યુગ સાહિત્ય વિતરણનો સંકલ્પ થયો. સફળતા માટે પંડિતજીએ પરિજનોને તિલક કર્યું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

## ભૂજ-કચ્છમાં ભૂકંપ બાદ પ્રથમવાર મુલાકાત-વૃત્તાંત

વડોદરા-૨૭ ઓક્ટો.ના વડોદરા પહોંચતા અમારા આત્મીય પરિજનોએ સ્ટેશન ઉપર સવારે ૭.૩૦ના પહોંચી અમારા બે વર્ષ પછીના આગમનને ભાવપૂર્ણ સ્વીકાર્યું. અમારો કાર્યક્રમ ભૂજ-કચ્છના અમારાં પરિજનો પાસે પહોંચી ભાવ સંવેદના વ્યક્ત કરવાનો તેમજ શક્તિપીઠોના પુનઃ નિર્માણના પૂજન-અર્ચનનો હતો. વડોદરાના આત્મીયજનોનાં વિશેષ આગ્રહને ધ્યાનમાં લઈ ૨૭ તારીખનાં જ નવ નિર્માણાધીન ગાયત્રી શક્તિપીઠ ખટંબામાં સાંજે ૪-૦૦ વાગે પ્રવચનનો કાર્યક્રમ ગોઠવાયો. ઉદ્‌બોધન પૂર્વ શ્રી સુરેશભાઈ ભાવસારે પ્રજ્ઞાગીત 'ગુરૂવર તુમ્હીં બતાઓ કિસકી શરણમેં જાયેં પ્રસ્તુત કર્યું. પૂ. પંડિતજીએ પ્રવચનમાં શક્તિપીઠ યુગ ચેતનાનું કેન્દ્ર બને તેમજ યુગ સાહિત્યનો પ્રચાર-પ્રસાર થાય તેના ઉપર ભાર મૂક્યો. મિશનનો વિસ્તાર તો ખૂબ થયો છે, હવે સંગઠનની ખૂબ જ જરૂર છે, એમ જણાવતા તેમણે પરિજનોની ભાવ સંવેદના જગાવતા પૂ. ગુરૂદેવ વ્યક્તિ નહિં વિચાર હતા.... તેમ જણાવ્યું. પરિજનોએ ૧૦૧ દીપ પ્રગટાવી પૂ. પંડિતજીના દીર્ઘાયુષ્યની કામના કરી.

વડોદરાથી ભૂજ જતાં ગાંધીધામ સ્ટેશને ૨૮ ના રોજ સવારે ૭ વાગે ઉતરતાં કચ્છના પરિજનોએ હ્રદય વિદારક ભાવના સાથે પંડિતજીના ચરણ ભૂજ-કચ્છમાં પડયાનો આભાર વ્યક્ત કર્યો. ગાંધીધામથી ભૂજ સુધીની ૨ કલાકની યાત્રા દરમ્યાન ભયાનક ભૂચાલના દ્રશ્યો જોઈ તેમ જ ત્યારથી અત્યાર સુધીની ભયાનક દશા જોઈ સાંભળી મન ભારે સંતાપમાં ડૂબી ગયું. ભૂજ શક્તિપીઠ ઉપર પહોંચતા પૂર્વ જૂના ભૂજના ખંડેર થઈ ગયેલ શહેરને જોઈ આંસુની ધાર વહી ગઈ.

**ભૂજ**-તારીખ ૨૮ ના સ્નાન-ધ્યાન પતાવી મા ગાયત્રીના દર્શન કર્યા. તરત જ સ્થાનિક સમાચાર પત્રો, ટી.વી., ન્યુઝ સાથે ઈન્ટરવ્યુ ગોઠવાયો. પંડિતજીએ સંક્ષિપ્તમાં ભૂજ-કચ્છની પ્રજાના સાહસની પ્રશંસા કરી કરૂણ પરિસ્થિતિથી પ્રજાનાં સંરક્ષણની મહાકાળને પ્રાર્થના કરી. જિલ્લાને પુનઃ બેઠો કરવા અને સમાજને નવ યુગની દિશા તરફ લઈ જવાં નવ યુવકોને આગળ આવવા જણાવ્યું.

બપોરે કચ્છ જિલ્લાના પરિજનોનું સંમેલન થયું અને સાંજે કચ્છ જિલ્લાના પ્રબુધ્ધ વર્ગનું સંમેલન થયું.

ઉદ્‌બોધન પૂર્વ વડોદરાના શ્રી સુરેશભાઈ ભાવસારની ટીમે પ્રજ્ઞાગીત "યુગ ઋષિને હમે હૈ પુકારા પીર રોતે હુએ કી મિટાને, ચલ ચલ ઓ સાથી ચલ.........." ગાતા જ વાતાવરણ ગમગીન બની ગયું.

પૂ. પંડિતજીએ પ્રવચન પૂર્વ ભૂકંપમાં દિવંગત થયેલ પરિજનોની આત્મશાંતિ માટે પાંચ મીનીટ સામૂહિક મૌન જપ કરાવ્યા. ત્યારબાદ ઉદ્‌બોધન સાહસ અને ધૈર્ય રાખી આવી પડેલ આફત સામે ઝઝૂમવા હાકલ કરી. ગાયત્રી તપોભૂમિમાં ૧૯૭૮ માં આવેલ ભયાનક પૂરની યાદ અપાવી જણાવ્યું કે પૂ. ગુરૂદેવે મને ત્યારે એક જ મંત્ર આપ્યો કે બેટા તું સાહસ, હિંમત કયારેય હારીશ નહિ. ગાયત્રી એટલે સાહસ, હિંમત છે એમ જણાવતાં કચ્છમાં પુનઃ જાગૃતિ આવે અને પરિજનોનાં ગમ જલ્દીથી દૂર થાય એવી પ્રાર્થના કરી, પરિજનોમાં ઉત્સાહનો સંચાર કર્યો.

**માધાપર**-તારીખ ૨૯ ના સવારે માધાપર પહોંચ્યા ભૂકંપમાં સૌથી વધુ નુકશાન માધાપર શક્તિપીઠને થયેલ ખૂબ જ નુકશાનને પહોંચી વળવા પરિજનોનાં આગ્રહને ધ્યાનમાં લઈ મિશને આર્થિક, માનસિક, શારીરિક મદદ કરી. માધાપર શક્તિપીઠ પુનઃ જાગૃત થઈ. ભવ્ય નવીન પંચકુંડી યજ્ઞશાળાનું ઉદ્‌ઘાટન પૂ. પંડિતજીના હસ્તે થયું. આત્મીય પરિજનોને સંબોધન કરતાં જણાવ્યું. યજ્ઞ એટલે શ્રેષ્ઠ કર્મ. શ્રી રત્નાકરભાઈ ધોળકીયા, શ્રી સીતાપરાભાઈ, બાબુભાઈ સોંડાગરે વિશેષ પરિશ્રમ કર્યો. ગાંધીધામ શક્તિપીઠના પરિજનોની નિષ્ઠા અને આગ્રહને ધ્યાનમાં લઈ શક્તિપીઠનાં દર્શન કરી, પરિજનો પાસે થોડી ક્ષણો વીતાવી. સાહસપૂર્વકના પ્રયાસોની સફળતા માટે શુભકામના આપી.

**રાધનપુર**-મિશનનાં નિષ્ઠાવાન કાર્યકર્તા શ્રી ધનશ્યામભાઈ વનજાનીની અતૂટ શ્રધ્ધાને માન આપી રાધનપુર શકિતપીઠમાં બનનાર ભવ્ય યજ્ઞશાળા સંસ્કારશાળાનું ભૂમિ પૂજન ૩૧ ના રોજ સવારે ૧૦-વાગે કર્યું. શ્રી જયંતિભાઈ ડી. કાજીએ કર્મકાંડ ખૂબ જ સ્પષ્ટ મંત્રોચારથી કરાવ્યું. આ પ્રસંગના ઉદ્‌બોધનમાં પંડિતજીએ આશીર્વચન આપતાં જણાવ્યું કે આ શક્તિપીઠ દ્વારા પૂરા ક્ષેત્રમાં સુસંસ્કારોનું સિંચન થશે.

આ પૂર્વ રાધનપુરમાં રામસેવા સમિતિ દ્વારા જીવનની અંતિમ યાત્રાના સંસ્કાર માટે બનેલ "શાંતિધામ"નું

(શેષ પેજ નં ૪૮)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.